અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

13 DECEMBER-2025 SATURDAY | Vol. : 17 | Issue : 162 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ગર્ભાશય કાઢ્યું, પછી એક-એક અંગોને બ્લેન્ડરમાં પીસ્યાં : સ્વિટ્ઝર્લેન્ડની પૂર્વ મિસ ફાઇનલિસ્ટ ક્રિસ્ટીની....

4  કપિલ શર્માને બરબાદ કરવાના સોગંદ કોણે લીધા હતા? : સફળતા મળતાં જ કોમેડિયન દારૂના નશામાં ચકચૂર રહેતો

6  પંચાયતના સચિવ જિતેન્દ્ર કુમાર હવે રોમાન્ટિક ફિલ્મનો હિરો બનશે

7  ચાંદી 3 દિવસમાં ₹14 હજાર મોંઘી થઈ : ₹1.93 લાખની ઓલ ટાઈમ હાઈ પર, સોનું એક દિવસમાં ₹1,973 વધ્યું

## 2027ની વસતી ગણતરી પ્રથમ ડિજિટલ વસતી ગણતરી હશે

# 2027થી દેશભરમાં વસતી ગણતરી, કેન્દ્ર સરકારે 11,718 કરોડનું બજેટ મંજૂર કર્યું

### પ્રથમ તબક્કો 1 એપ્રિલથી સપ્ટેમ્બર 2026 દરમિયાન હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ : બીજો તબક્કો ફેબ્રુઆરી 2027માં વતી ગણતરી હશે

**નવી દિલ્હી, તા.12**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે શુક્રવારે (12 ડિસેમ્બર, 2025) ત્રણ મોટા નિર્ણયો લીધા. જે અંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, '2027ની વસતી ગણતરી અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના માટે રૂ.11,718 કરોડનું બજેટ મંજૂર કરાયું. બીજો નિર્ણય કોલસા અથવા ઊર્જા ક્ષેત્રમાં એક મોટો સુધારો કરવામાં આવ્યો છે. ત્રીજો ખેડૂતોને લગતો નિર્ણય લેવામાં આવ્યો છે.'

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, '2027ની વસતી ગણતરી પ્રથમ ડિજિટલ વસતી ગણતરી હશે. વસતી ગણતરીની ડિજિટલ ડિઝાઈન ડેટા સુરક્ષાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. તે બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કો 1 એપ્રિલથી સપ્ટેમ્બર 2026 દરમિયાન હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ. બીજો તબક્કો ફેબ્રુઆરી 2027માં વસતી ગણતરી હશે. પ્રથમ વખત ડિજિટલ વસતી ગણતરી હાથ ધરવામાં આવશે, જેમાં મોબાઈલ ઍપ્લિકેશન દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવશે. આ ઍપ્લિકેશન હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ હશે. વસતી ગણતરીની કામગીરી માટે 30 લાખ કર્મીઓને કામગીરી સોંપવામાં આવશે.'

કેન્દ્રીય મંત્રીમંડળે ઊર્જા ક્ષેત્રમાં પણ એક મોટો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું, 'કોલ સેતુ એટલે કે ભારત કોલસાના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવા જઈ રહ્યું છે, જેનાથી આયાત પરની નિર્ભરતા દૂર થશે. આનાથી 60 હજાર કરોડ રૂપિયાની બચત થઈ રહી છે. 2024-25માં 1 અબજ ટન કોલસાનું ઉત્પાદન થશે.'

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય મંત્રીમંડળે 2026 માટે મિલ્ડ કોપરા(સૂકા નારિયેળ) માટે 12,027 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ અને ગોળ કોપરા માટે 12,500 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ લઘુતમ ટેકાના ભાવ (MSP) ને મંજૂરી આપી છે. NAFED અને NCCF આ માટે નોડલ એજન્સીઓ હશે.' આ અગાઉ મે મહિનામાં કેન્દ્ર સરકારે ડાંગર, કપાસ, સોયાબીન સહિત 14 પાકોના MSPમાં વધારો કર્યો હતો.

કેન્દ્ર સરકારે વર્ષ 2027ની રાષ્ટ્રીય વસ્તી ગણતરી (National Census) ડિજિટલ માધ્યમથી કરવાનો નિર્ણય લીધો છે. મંગળવારે લોકસભામાં આ અંગે એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરતાં ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, ભારતના ઈતિહાસમાં આ પ્રથમ વખત હશે જ્યારે વસ્તી ગણતરી પરંપરાગત કાગળ આધારિત ફોર્મ્સને બદલે મોબાઈલ ઍપ્લિકેશન અને વેબ પોર્ટલ દ્વારા પૂર્ણ કરવામાં



આવશે.

સાંસદ સનાતન પાંડેના લેખિત પ્રશ્નનો જવાબ આપતા મંત્રી રાયે જણાવ્યું કે, વસ્તી ગણતરી માટે એક વિશેષ ડિજિટલ પોર્ટલ તૈયાર કરવામાં આવી રહ્યું છે, જેના દ્વારા સમગ્ર દેશમાં પ્રક્રિયાઓનું મોનિટરિંગ અને વ્યવસ્થાપન કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે નાગરિકો પોતે તેમની માહિતી ઓનલાઈન ભરી શકશે, જ્યારે ફિલ્ડ અધિકારીઓ મોબાઈલ ઍપ્લિકેશનનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરશે.

વસ્તી ગણતરીની નિર્ધારિત પદ્ધતિ મુજબ, દરેક વ્યક્તિની માહિતી તે સ્થળે નોંધવામાં આવશે જ્યાં તે ગણતરીના સમયગાળા દરમિયાન હાજર હશે. આ સિસ્ટમ 2027માં પણ જાળવી રખાશે. આ ઉપરાંત, વ્યક્તિનું જન્મસ્થળ, છેલ્લું નિવાસસ્થાન, વર્તમાન સ્થળે રહેવાનો સમયગાળો અને સ્થળાંતરનું કારણ જેવી પ્રવાસન સંબંધિત માહિતી પણ ડિજિટલ રીતે નોંધવામાં આવશે.

મંત્રી રાયે એ પણ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી શરુ થાય તે પહેલાં પ્રશ્નાવલીને કેન્દ્ર સરકાર દ્વારા સત્તાવાર રાજપત્ર(Official Gazette)માં સૂચિત કરવામાં આવશે. આ પ્રક્રિયા પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને તમામ રાજ્યો તેમજ એજન્સીઓને સમયસર તૈયારી કરવાની તક આપવા માટે અનિવાર્ય છે.

સરકારનું માનવું છે કે ડિજિટલ વસ્તી ગણતરીના કારણે ડેટા પ્રોસેસિંગ ઝડપી બનશે, ભૂલોની શક્યતા ઘટશે અને અંતિમ રિપોર્ટ અગાઉની તુલનામાં વધુ ભરોસાપાત્ર તથા સમયસર ઉપલબ્ધ થઈ શકશે. નિષ્ણાતોના મતે, ડિજિટલ માધ્યમથી થયેલી આ વસ્તી ગણતરી ભવિષ્યના નીતિ નિર્માણ, શહેરી આયોજન, સ્થળાંતરના વલણો અને સામાજિક-આર્થિક સર્વેક્ષણોને વધુ સારી રીતે સમજવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

ભારતની છેલ્લી વસ્તી ગણતરી વર્ષ 2011માં થઈ હતી અને 2021ની વસ્તી ગણતરી કોવિડ-19 મહામારીને કારણે મુલતવી રાખવામાં આવી હતી. આ સંજોગોમાં 2027ની ડિજિટલ વસ્તી ગણતરીને દેશના વસ્તી વિષયક ચિત્રને નવા સ્વરૂપમાં સમજવાની દિશામાં એક મોટી છલાંગ માનવામાં આવી રહી છે.

### શું વિવિધ ધર્મોની જાતિઓની પણ ગણતરી કરવામાં આવશે?

1. વસતી ગણતરી કેવી રીતે કરવામાં આવશે, કયા પ્રશ્નો પૂછવામાં આવશે અને તે અગાઉની વસતી ગણતરીઓથી કેવી રીતે અલગ હશે તે અંગે વસતી ગણતરી કાયદા હેઠળ એક ગેઝેટ સૂચના બહાર પાડવામાં આવશે.
2. આમાં બધા જવાબો આપવામાં આવશે. ગોત્ર અને જાતિ વચ્ચે કેવી રીતે તફાવત કરવો તે સંપૂર્ણ વિચાર-વિમર્શ પછી નક્કી કરવામાં આવશે.
3. ડિજિટલ વસતી ગણતરી સિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. લોકોની વ્યક્તિગત માહિતી સુરક્ષિત રાખવા માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવશે.
4. વસતી ગણતરીનો પ્રથમ તબક્કો એપ્રિલથી સપ્ટેમ્બર 2026 સુધી ચાલશે. બીજો તબક્કો ફેબ્રુઆરી 2027માં હશે.
5. ખોટો ડેટા આપનારાઓ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# મોદીએ ટ્રમ્પ સાથે ફોન પર વાત કરી : બંને દેશોના સંબંધો સુધારવા પર ચર્ચા થઈ, આ વર્ષે બંને વચ્ચે છઠ્ઠી વખત વાતચીત થઈ હતી

**નવી દિલ્હી/વોશિંગ્ટન, તા.12**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી શેર કરી. મોદીએ કહ્યું કે તેમની વાતચીત ઉષ્માભરી અને સકારાત્મક રહી.

તેમણે જણાવ્યું કે બંને નેતાઓએ બંને દેશોના સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી. સાથે જ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. મોદીએ કહ્યું કે ભારત અને અમેરિકા વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ માટે સાથે મળીને કામ કરતા રહેશે.

વાતચીતમાં બંને દેશો વચ્ચે વેપાર વધારવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો. સાથે જ મહત્ત્વપૂર્ણ ટેકનોલોજી, ઊર્જા, સંરક્ષણ અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં ભાગીદારીને આગળ વધારવા પર



પણ સહમતિ બની.

મોદી અને ટ્રમ્પ વચ્ચે આ વર્ષે છઠ્ઠી વાર ફોન પર વાતચીત થઈ છે. આ વર્ષે 27 જાન્યુઆરીએ પીએમ મોદીએ ટ્રમ્પને રાષ્ટ્રપતિ બનવા બદલ અભિનંદન આપવા માટે ફોન કર્યો હતો.

22 એપ્રિલે ટ્રમ્પે પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ મોદીને ફોન કરીને દુઃખ વ્યક્ત કર્યું હતું. આ પછી ટ્રમ્પે 17 જૂને મોદીને આમંત્રણ આપવા, 17 સપ્ટેમ્બરે જન્મદિવસની શુભેચ્છા આપવા અને 21 ઓક્ટોબરે દિવાળીની શુભકામનાઓ આપવા માટે ફોન કર્યો હતો.

અમેરિકાની એક ઉચ્ચ સ્તરીય ટ્રેડ ટીમ ભારતના પ્રવાસે આવી છે. આ પ્રવાસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ ટીમનું નેતૃત્વ અમેરિકી ડેપ્યુટી ટ્રેડ પ્રતિનિધિ રિક સ્વિટ્ઝર કરી રહ્યા છે.

હવે આ પ્રવાસનો હેતુ એ છે કે બંને દેશો નવી દ્વિપક્ષીય ટ્રેડ ડીલના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવાનો પ્રયાસ કરે. એટલે કે, ભારત-અમેરિકા વચ્ચે લાંબા સમયથી ચર્ચામાં રહેલી ડીલને પૂર્ણ કરવાની દિશામાં પગલાં લેવાય.

છેલ્લા કેટલાક મહિનાઓમાં ભારત અને અમેરિકા વચ્ચેના વ્યાપારી સંબંધોમાં ઘણી કડવાશ રહી છે. અમેરિકાએ ભારતના ઊંચા ટેરિફ અને વેપાર ખાધને કારણે 25% ટેરિફ લગાવ્યો છે. આ કારણે બંને દેશોને નિકાસ-આયાતમાં મુશ્કેલી પડી હતી.

અમેરિકાને લાગે છે કે બંને દેશો વચ્ચેનો વેપાર અસંતુલિત છે. ભારત, અમેરિકાને વધુ વસ્તુઓ વેચે છે અને અમેરિકા, ભારતને તેટલી વસ્તુઓ વેચી શકતું નથી. આ તફાવત ઘટાડવા માટે પણ આ ટેરિફ લગાવવામાં આવ્યો છે.

ભારત અને અમેરિકાનું લક્ષ્ય 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને વર્તમાન 191 અબજ ડોલરથી વધારીને 500 અબજ ડોલર કરવાનું છે. વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર, એપ્રિલ-જુલાઈ 2025માં ભારતની અમેરિકાને નિકાસ 21.64% વધીને 33.53 અબજ ડોલર થઈ ગઈ, જ્યારે આયાત 12.33% વધીને 17.41 અબજ ડોલર રહી.

આ સમયગાળા દરમિયાન અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર રહ્યો, જેની સાથે 12.56 અબજ ડોલરનો વેપાર થયો. એપ્રિલથી ભારતની અમેરિકાને નિકાસ સતત વધી રહી છે.

# સંસદમાં વાયુ પ્રદૂષણની ચર્ચા કરવા રાહુલ ગાંધીનો પડકાર, સરકારે કહ્યું- અમે તૈયાર

**નવી દિલ્હી, તા.12**

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ શુક્રવારે (12 ડિસેમ્બર) ગૃહમાં વાયુ પ્રદૂષણનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, આ મુદ્દે અમારા તરફથી કોઈ બ્લેમ ગેમ નહીં હોય, અમે આ ગંભીર પડકારને પાર પાડવા માટે સરકારનો સહયોગ કરીશું. આ સિવાય રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને પૂછ્યું કે, વાયુ પ્રદૂષણ મુદ્દે તેનો સામનો કરવા આવનારા પાંચ વર્ષનો શું પ્લાન છે તેને ગૃહમાં રજૂ કરવામાં આવે.

કોંગ્રેસ સાંસદે કહ્યું કે, 'આપણા મોટાભાગના શહેર ઝેરીલી હવાની ચાદરમાં લપેટાયેલા છે. લાખો બાળકોના ફેફસાં બીમારીઓથી ગ્રસ્ત થઈ ચૂક્યા છે, તેમનું ભવિષ્ય ખરાબ થઈ રહ્યું છે. લોકો કેન્સરથી પીડિત થઈ રહ્યા છે. આ સિવાય વૃદ્ધોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. આ એક મહત્ત્વનો મુદ્દો છે



અને મને પૂરો વિશ્વાસ છે કે, આ વિશે સરકાર અને આપણા વચ્ચે પૂર્ણ સંમતિ હશે. આ કોઈ વૈચારિક મુદ્દો નથી. આ ગૃહમાં તમામ એ વાતથી સંમત હશે કે, વાયુ પ્રદૂષણ અને તેનાથી આપણા લોકોને થતાં નુકસાન પર આપણે બધાએ સહયોગ કરવો જોઈએ.'

રાહુલ ગાંધીએ લોકસભામાં કહ્યું કે, 'પ્રદૂષણનો કોઈ રસ્તો કાઢવો જોઈએ. એકબીજા પર દોષારોપણની બદલે ઉકેલ શોધીએ. સરકાર અને વિપક્ષ બેસીને આ મુદ્દે ચર્ચા કરે. હું કેન્દ્ર સરકારને માંગ કરું છું કે, રાજ્યો સાથે મળીને આ પ્રદૂષણને દૂર કરવા અલગ-અલગ પ્લાન બનાવે. આ માટે હું વડાપ્રધાનને પહેલ કરવાની અપી કરું છું. સંસદમાં પ્રદૂષણ મુદ્દે ચર્ચા થવી જોઈએ, જેમાં વિપક્ષ અને સત્તા પક્ષ એકબીજા પર આરોપ લગાવવાને બદલે સાથે મળીને દેશહિતમાં એક સચોટ પ્લાનને અંતિમ રૂપ આપે.' આ વિશે વધુ વાત કરતાં તેમણે કહ્યું કે, 'મને લાગે છે કે, એ સારું રહેશે કે આપણે ચર્ચાને એ પ્રકારે આગળ ન વધારીએ કે, તમે શું નથી કર્યું કે અમે શું નથી કર્યું. પરંતુ, સીધું એ વાત પર ધ્યાન આપીએ કે, આપણે ભવિષ્યમાં ભારતના લોકો માટે શું કરવા જઈ રહ્યા છીએ, આપણે કયા પગલાં લેવા પડશે. તેથી મારું માનવું છે કે, એ જોવું ખૂબ રસપ્રદ હશે કે, શું આપણે એકબીજા પર દોષારોપણની બદલે આ એક મુદ્દે જેમાં આપણે બધા સંમત છીએ અને કોઈ અસમંતિ નથી તો એવું કહેવાનો પ્રયાસ કરીએ કે, ચાલો આપણે ભારતીયોના ભવિષ્ય વિશે વાત કરીએ.' રાહુલ ગાંધીની આ ભલામણ પર કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે, સરકારે એવી કોઈ પણ જનહિતના મુદ્દે ગૃહમાં સાર્થક ચર્ચા માટે હંમેશા તૈયાર છે.



# પોક્સોના આરોપીને 3 વર્ષ બાદ સુરત ક્રાઈમ બ્રાંચે મહારાષ્ટ્રમાંથી દબોચ્યો

## 20 વર્ષની કેદની સજામાં પેરોલ પરથી ફરાર થયો'તો, ગામથી 200 કિમી દૂર શેરડી કાપવાની મજૂરી કરતો



**સુરત, તા.12**

સુરત શહેર ક્રાઈમ બ્રાંચે ઓપરેશન કારાવાસ અંતર્ગત એક મોટી સફળતા મેળવી છે. અપહરણ અને પોક્સો જેવા ગંભીર ગુનામાં 20 વર્ષની સખત કેદની સજા ભોગવી રહેલો અને છેલ્લા 3 વર્ષથી પેરોલ રજા પરથી ફરાર થયેલો પાકા કામનો કેદી રાજકુમાર કાકડે આખરે પોલીસના સકંજામાં આવ્યો છે. આરોપી મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં વેશપલટો કરી ખેતરોમાં મજૂરી કામ કરતો હતો, જ્યાંથી સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે તેને દબોચી લીધો છે.

સુરત ક્રાઈમ બ્રાંચને ચોક્કસ બાતમી મળી હતી કે, પાકા કામનો કેદી નંબર 2270 રાજકુમાર ઉર્ફે રાજા સુભાષભાઈ કાકડે મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં છુપાયો છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે મજરથ ગામમાં દરોડો પાડ્યો હતો.

પોલીસ ધરપકડથી બચવા માટે રાજકુમાર વેશપલટો કરી એક મજૂર તરીકે શેરડીના ખેતરમાં કામ કરી રહ્યો હતો અને ખેતરમાં જ ઝૂંપડું બાંધીને રહેતો હતો. પોલીસે તેને ઘેરી લઈને ઝડપી પાડ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી બાદ તેને સુરતની લાજપોર મધ્યસ્થ જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરી છે.

આ કેસની વિગત એવી છે કે, વર્ષ 2020માં સુરતના ભટાર વિસ્તારમાંથી આરોપી રાજકુમારે એક 13 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી તેના કાયદેસરના વાલીપણામાંથી 12 જૂન, 2020ના રોજ અપહરણ કર્યું હતું. સગીરાને મહારાષ્ટ્ર લઈ જઈ તેની મરજી વિરુદ્ધ અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ મામલે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ડી.પી. ગોહીલએ 30 જુલાઈ, 2022ના રોજ આ કેસમાં ઐતિહાસિક ચુકાદો આપતા રાજકુમાર કાકડેને 20 વર્ષની સખત કેદની સજા અને 5000 રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. સજા પડ્યા બાદ આરોપીએ 2022ના વર્ષમાં ગુજરાત હાઈકોર્ટમાંથી 5 દિવસના પેરોલ મેળવ્યા હતા. તેને 23 ઓક્ટોબર 2022ના રોજ પરત લાજપોર જેલમાં હાજર થવાનું હતું, પરંતુ તે હાજર ન થઈ ફરાર થઈ ગયો હતો. છેલ્લા 3 વર્ષથી તે પોલીસથી બચવા માટે સતત સ્થળ બદલી રહ્યો હતો. ફરાર થયા બાદ તે છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ)માં મુકુંદવાડી ખાતે ભાડે રૂમ રાખી મિસ્ત્રી અને કડીયાકામ કરતો હતો.

છેલ્લા 2 મહિનાથી તે પકડાઈ જવાના ડરથી પોતાના ગામથી આશરે 200 કિલોમીટર દૂર મજરથ ગામમાં શેરડી કાપવાની મજૂરી કરતો હતો.સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આખરે આ રીઢા ગુનેગારને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

## સુરતમાં 'પુષ્પા'એ ધડાધડ સામાન ટેમ્પોમાં ભર્યો

# બ્રિજ નીચે ઘર બનાવી રહેતા લોકો પર દબાણ શાખાની તવાઈ, અલ્લુ અર્જુનની સ્ટાઈલમાં શખસે સૌનું ધ્યાન ખેંચ્યું



**સુરત, તા.12**

સુરત મહાનગરપાલિકા અને પોલીસની સંયુક્ત ટીમે અડાજણ વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરીને બ્રિજ નીચેના ગેરકાયદે દબાણો દૂર કર્યા છે. ગુજરાત ગેસ સર્કલ નજીક આવેલા સરદાર બ્રિજ નીચે લાંબા સમયથી વસવાટ કરતા લોકોને હટાવી દેવાયા છે. લાંબા સમયથી બ્રિજ નીચે પોતાનું ઘર બનાવીને રહેતા લોકો સામે આ કાર્યવાહી કરવામાં આવી છે, જે શહેરના જાહેર માર્ગો અને માળખાકીય સુવિધાઓની જાળવણી માટે મહત્ત્વપૂર્ણ પગલું છે. આ દબાણ હટાવવાની કામગીરી દરમિયાન સુરતનો 'પુષ્પા' આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો, જે દબાણ શાખાની ટીમનો હતો.

દબાણ હટાવવાની કામગીરી ચાલી રહી હતી, ત્યારે સૌની નજર સુરત મહાનગરપાલિકાના દબાણ ખાતાના ટેમ્પો પર ઊભેલા એક શખ્સ પર અટકી ગઈ હતી. અધિકારીઓ અને અન્ય કર્મચારીઓને બદલે લોકોની નજર આ શખ્સ પર રોકાઈ જવાનું કારણ તેનું અનોખું રૂપ હતું. તે વ્યક્તિ ફિલ્મ 'પુષ્પા'ના અભિનેતા અલ્લુ અર્જુનના લુકમાં જોવા મળ્યો હતો. જે પણ દબાણની વસ્તુઓ હટાવવામાં આવી રહી હતી, તેને ટેમ્પા પર ચડાવવાનું કામ આ 'સુરતના પુષ્પા' દ્વારા કરવામાં આવી રહ્યું હતું. તેની આ અલ્લુ અર્જુન જેવી સ્ટાઈલને કારણે દબાણની ગંભીર કાર્યવાહી વચ્ચે પણ લોકોનું ધ્યાન તેના પર ખેંચાયું હતું.

શહેરના અન્ય વિસ્તારો જેમ કે વરાછા અને કાપોદ્રામાં બ્રિજ નીચેના દબાણો હટાવ્યા બાદ, સુરત મનપા અને પોલીસ વિભાગે અડાજણ પોલીસ સ્ટેશન વિસ્તારને ટાર્ગેટ કર્યો હતો. બ્રિજ નીચે વસવાટ કરીને અને દબાણ કરીને રહેતા લોકોની વધતી જતી સંખ્યાને કારણે જાહેર સુવિધાઓ અને સ્વચ્છતા પર નકારાત્મક અસર પડી રહી હતી. આ સંયુક્ત કામગીરીનો હેતુ માત્ર દબાણ દૂર કરવાનો જ નહીં, પરંતુ આવા જાહેર સ્થળોનો દુરુપયોગ અટકાવવાનો પણ છે.

આ કાર્યવાહી સુરત મહાનગરપાલિકાના શહેરને દબાણમુક્ત કરવાના ઝીરો એન્ક્રોચમેન્ટ અભિયાનનો એક ભાગ છે. બ્રિજ નીચેના ગેરકાયદેસર વસવાટને કારણે ટ્રાફિક, સ્વચ્છતા અને સુરક્ષા સંબંધિત સમસ્યાઓ ઊભી થતી હતી. અડાજણમાં કરવામાં આવેલી આ કામગીરી અન્ય વિસ્તારોમાં પણ બ્રિજ નીચે વસવાટ કરતા દબાણકારો માટે ચેતવણીરૂપ છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ શહેરના અન્ય બ્રિજ નીચેના દબાણો દૂર કરવાની કામગીરી ચાલુ રાખવામાં આવશે.

# સીલ મારવાની કાર્યવાહીથી મિલકત ધારકો અને ઉદ્યોગકારોનો ભારે રોષ

## સણીયા હેમાદ ગામના મિલકતધારકોનો મનપાના અધિકારીઓ પર આક્ષેપ, ખોટી હેરાનગતિ અને બાંધકામ અટકાવવાના પ્રયાસ



**સુરત, તા.12**

સુરત શહેરના સણીયા હેમાદ ગામના મિલકત ધારકો અને ઉદ્યોગકારોએ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમનો આક્ષેપ છે કે અધિકારીઓ દ્વારા ખોટી રીતે હેરાનગતિ કરવામાં આવી રહી છે અને કાયદેસરના બાંધકામને પણ અટકાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ વિસ્તારમાં કાર્યરત 250થી વધુ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીઓને વારંવાર ટાર્ગેટ કરવામાં આવતી હોવાનો પણ મિલકત ધારકોએ દાવો કર્યો છે.

સણીયા હેમાદ ગામમાં છેલ્લા કેટલાક સમયથી મનપાના અધિકારીઓ દ્વારા અવારનવાર ઈન્ડસ્ટ્રીયલ યુનિટ્સને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ખાતાધારકોના જણાવ્યા મુજબ, થોડા થોડા દિવસે અધિકારીઓ આવે છે અને મિલકત સીલ કરી દે છે. તાજેતરમાં જ, ગામની અંદર વધુ બે ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીઓમાં સીલ મારી દેવામાં આવતા સ્થાનિક ઉદ્યોગકારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મિલકત ધારકોએ સવાલ ઉઠાવ્યો છે કે જ્યારે સણીયા હેમાદ ગામમાં ખૂબ મોટા પાયે ઈન્ડસ્ટ્રીયલ એકમોનું બાંધકામ થયું ત્યારે જે તે સમયે અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરી ન હતી. જોકે, હવે જ્યારે નાના એમ્બ્રોડરીના યુનિટ ધારકોએ પોતાના નાના એકમો શરૂ કર્યા છે, ત્યારે જ કાર્યવાહી થઈ રહી છે. ખાતાધારકોના મતે, આ કાર્યવાહી બેવડા ધોરણો દર્શાવે છે. મોટા અને જૂના બાંધકામોને જાણે છાવરવામાં આવતા હોય અને માત્ર નાના પાયે કામ કરી રહેલા કોટેજ ઈન્ડસ્ટ્રીના યુનિટ ધારકોને જ જાણી જોઈને હેરાન કરવામાં આવતા હોવાનો સ્પષ્ટ આક્ષેપ છે. ઉદ્યોગકારોનું કહેવું છે કે તેમના એકમો પાસે કોટેજ ઈન્ડસ્ટ્રીની મંજૂરી છે અને તેમના દ્વારા કોટેજ ઈન્ડસ્ટ્રીઝનું જ કામ કરવામાં આવી રહ્યું છે. કાયદાકીય રીતે માન્યતા પ્રાપ્ત હોવા છતાં અધિકારીઓ દ્વારા વારંવાર આવીને ઉદ્યોગકારોને કેમ પરેશાન કરવામાં આવે છે, તે સમજાતું નથી. આ સમગ્ર મામલે, મિલકત ધારકોએ માંગણી કરી છે કે મનપાના અધિકારીઓ દ્વારા આ ખોટી રીતે થતી હેરાનગતિ તાત્કાલિક બંધ કરવામાં આવે અને કાયદેસરના એકમોને શાંતિથી કામ કરવા દેવામાં આવે.

# નિવૃત્ત ASI પિતા-માતાનું મકાન પચાવવાનો દિકરાનો પ્રયાસ : યુવકે દસ્તાવેજ ચોરીને માર માર્યો, જાનથી મારી નાખવાની ધમકી આપી...




**ભાવનગર, તા.12**

ભાવનગર શહેરના સિદસર-ચિત્રા રોડ મીરાનગર ખાતે રહેતા અને ગુજરાત પોલીસમાંથી નિવૃત્ત થયેલા એએસઆઈના પત્નીએ પોતાના જ દીકરા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. પિતાએ આજીવન કમાણીથી બનાવેલ ઘર પુત્રએ પોતાના નામે કરાવવા મકાનનો કબજો લઈ, મકાન ખાલી કરાવવા માતા-પિતાને માર મારી, દસ્તાવેજ ચોરી કરી હોવાનો અને જાનથી મારી નાખવા ની ધમકી સહિતની ફરિયાદ માતાએ પુત્ર વિરુદ્ધ વરતેજ પોલીસ મથકે નોંધાવી હતી.

આ બનાવ અંગે વરતેજ પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર ફરિયાદી ગંગાબેન દેવજીભાઈ સોલંકી ઉ.વ.69, રહે. ઉમરાળા, મુળ રહે.મીરાનગર ભાવનગરે ફરિયાદમાં તેમના પતિ દેવજીભા ઈ સોલંકી ગુજરાત પોલીસમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને પંદરેક વર્ષ પહેલા નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ બાદ તેમણે તેમની આજીવનની કમાણીમાંથી સિદસર-ચિત્રા રોડ પર મીરાનગરમાં પ્લોટ નં. 69-બી પર આશરે 232 ચોરસ વારનો પ્લોટ ખરીદી મકાન બનાવ્યું હતું, જેનો દસ્તાવેજ પતિ દેવજીભાઈના નામે છે. બંને આ મકાનમાં નિવૃત્ત જીવન પસાર કરતા હતાં.

બે વર્ષથી પતિ દેવજીભાઈને પેરાલિસિસની બીમારી છે. આ સમ ય દરમિયાન, તેમનો દીકરો ધી ર જ દેવજીભાઈ સોલંકી (ઉ.વ.50) જે પત્ની અને બાળકો સા થે અલગ ભાડે રહે છે, તે અ વા રનવાર ઘરે આવી માતા-પિ તાને મકાન ખાલી કરવા અને દસ્તાવેજ પોતાના નામે કરી આપવા માટે ગાળો આપી ઢીકા-પાટુનો માર મારતો હતો.

દીકરાના ત્રાસથી કંટાળી ગંગાબેન અને તેમના પતિ, મકાનનો અસલ દસ્તાવેજ પતરાના કબાટના લોકરમાં સંતાડી, મકાનને તાળું મારી છેલ્લા છ મહિનાથી તેમની દીકરી નિર્મળાબેનના ઘરે ઉમરાળા રહેવા ચાલ્યા ગયાં હતા.

ગત 18 નવેમ્બર 2025ના રોજ સવારના આશરે અગિયાર વાગ્યે ગંગાબેન પોતાની દીકરી પારૂલબેન રહે.રાજકોટ સાથે મીરાનગર સ્થિત પોતાના ઘરે ચીજ-વસ્તુ લેવા માટે ગયા હતા. ત્યારે તેમણે જોયું કે, દીકરા ધીરજે તેમના મકાનનું મેઈન ગેઈટનું તાળું તોડી નાખ્યું હતું અને તે પોતે મકાનમાં રહેતો હતો.

ઘરમાં જઈ કબાટનું લોકર તપાસતા તેનો લોક પણ તૂટેલો હ તો અને લોકરમાં સંતાડેલો આ શરે 20 લાખની કિંમતના મકાનનો અસલ દસ્તાવેજ ગુમ થઈ ગયો હતો.

ગંગાબેને દીકરા ધીરજને દસ્તાવેજ બાબતે પૂછતાં તેણે કહ્યું કે, આ દસ્તાવેજ મેં લીધેલ છે અને આ મકાન મારા નામે કરવાનું છે. તું ડોશી અહીંથી જતી રહે, નહીંતર તને જીવતી નહીં રહેવા દઉં. તેમ કહી ગાળો આપી, ઢીકા-પાટુનો માર મારી માતા અને બહેનને ઘરમાંથી કાઢી મૂક્યા હતા.

દીકરો હોવાથી ગંગાબેને ઘરમે ળે સમાધાન થાય અને દસ્તા વે જ પરત મળી જાય તે આશાએ તે સમયે પોલીસ ફરિયાદ કરી ન હતી. પરંતુ આજદિન સુધી દસ્તાવેજ પરત ન મળતા આખરે તેમને પોલીસનો સહારો લેવો પડ્યો હતો. ગંગાબેનના પતિએ ફરિયાદમાં ઉમેર્યું કે, ધીરજ અગાઉ પણ બે-ત્રણ વાર તેમને બળજબરીથી દસ્તાવેજ પોતાના નામે કરી લેવા માટે મામલતદાર ઓફિસમાં લઈ ગયો હતો.

આખરે ગંગાબેન તેમની દીકરીઓ પારૂલબેન અને નીતાબેન સાથે વરતેજ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવા આવ્યા હતા. ગંગાબેનની ફરિયાદના આધારે, તેમના દીકરા ધીરજ દેવજીભાઈ સોલંકી વિરુદ્ધ 18 નવેમ્બર 2025ના સવારના અગિયાર વાગ્યા પહેલાના કોઈ પણ સમયે મકાનનું તાળું તોડી ગેરકાયદેસર પ્રવેશ કરવા બદલ, કબાટનું તાળું તોડી અસલ દસ્તાવેજની ચોરી કરવા બદલ, ગાળો આપી માર મારવા બદલ અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ વરતેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# થારચાલકે યુવતી-મહિલાને ઉડાવી 70 ફૂટ દુર પટક્યાં : અક્ષરવાડી નજીક કારચાલકે વોકિંગ પર નીકળેલી મહિલા અને મોપેડ સવાર યુવતીને અડફેટે લઈ ફરાર, એકનું મોત



**ભાવનગર, તા.12**

ભાવનગર શહેરના કાળીયાબીડ વિસ્તારમાં 10 ડિસેમ્બરની મોડીરાતે સમયે દેરાણી-જેઠાણી વોકિંગ માટે પાણીની ટાંકી અક્ષરવાડી વાળા રોડ પર નીકળ્યા હતાં. આ દરમિયાન પૂર ઝડપે આવેલા એક થાર કારના ચાલકે મહિલા તથા અન્ય એક મોપેડ સવાર યુવતીને અડફેટે લીધા હતાં. કારચાલકે બન્નેને ટક્કર મારી 70 ફૂટથી વધુ દુર પટકી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં મહિલાનું સારવાર દરમિયાન મોત થયું હતું, જ્યારે યુવતીને સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી. સમગ્ર અકસ્માતના સીસીટીવી પણ સામે આવ્યાં છે. આ બનાવ અંગે નીલમબાગ પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ, શહેરના કાળિયાબીડમાં આવેલા સાગવાડી સ્થિત રામેશ્વર મહાદેવના મંદિરમાં રહેતા અને સેવા પૂજા કરતા સાધુ ધર્મેશ્વરી ભીમપુરી ગોસ્વામીના પત્ની સોનલબેન તથા સોનલબેનની જેઠાણી મીનાબેન અશ્વિનભાઈ ગૌસ્વામી 10 ડિસેમ્બરના રાત્રિના સમયે તેના ઘરેથી વોકિંગ માટે નીકળ્યા હતા. આ દેરાણી જેઠાણી પાણીની ટાંકીથી અક્ષરવાડી વાળા રોડ પર વોકિંગ કરતા જઈ રહ્યા હતા, ત્યારે દેરાણી-જેઠાણી પાછળ આવી રહેલી થાર કાર (નંબર GJ 14 BJ 0058)ના ચાલકે પોતાની કાર પુરઝડપે અને બે ફિકરાય પૂર્વક ચલાવી ચાલતા જઈ રહેલા દેરાણી-જેઠાણી પૈકી સોનલબેનને અડફેટે લઈ આગળ મોપેડ પર જઈ રહેલી ઉમેદાની બિલાલ શેખ નામની યુવતીને પણ અડફેટે લઈ ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં સ્કૂટર સવાર યુવતી તથા સોનલબેનને નાની-મોટી ઈજાઓ સાથે સારવાર અર્થે સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સોનલબેન ધર્મેશ પરી ગોસ્વામી (ઉ.વ.38)નું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે યુવતીને પ્રાથમિક સારવાર આપી રજા આપવામાં આવી હતી. આ બનાવને લઈને અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા કારચાલક વિરુદ્ધ જેઠાણી મીનાબેન અશ્વિનભાઈ ગોસ્વામી (રહે. પ્લોટ નંબર 1700/એ કાળીયાબીડ સાગવાડી વાળા) મહિલાએ નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ચિલ્ડ્રન હોમ્સની દીવાલ કૂદી 17 વર્ષીય કિશોરી નાસી છૂટી હતી

- **અપહરણના ગુનામાં ભોગ બનેલી પીડિતા જુલાઈ -2025થી અહીં રહેતી હતી, પોલીસે CCTVના આધારે તપાસ હાથ ધરી**



**વડોદરા, તા.12**

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલી શ્રી હરસિધ્ધ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત 'ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ' બાળ સંરક્ષણ ગૃહમાંથી બિહારની 17 વર્ષીય કિશોરી ગાયબ થઈ ગઈ છે. આ કિશોરી અપહરણના ગુનાનો ભોગ બની હતી અને વાઘોડિયા પોલીસની કાર્યવાહી બાદ તેને 24 જુલાઈ 2025ની રાત્રે આ સંસ્થામાં સુરક્ષા અને સંભાળ માટે મૂકવામાં આવી હતી.

સંસ્થાના સુપ્રિન્ટેન્ડેન્ટ હેતાશ્રી બ્રહ્મભટ્ટે ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, સ્ટાફની નજર ચૂકવીને આ કિશોરીએ સંસ્થાની દીવાલ ઉપર ચડી ગઈ હતી અને ત્યાંથી ઝાડ પર જઈ કૂદકો મારીને બહાર નીકળી ગઈ હતી.સ્ટાફને જાણ થતાં તુરત જ સંસ્થાની આસપાસના વિસ્તારમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી, પરંતુ બે દિવસ વીતી ગયા છતાં કિશોરીનો કોઈ પત્તો લાગ્યો નથી.

આ સંસ્થા ફક્ત ગુનાહિત કેસોનો ભોગ બનેલી અથવા અનાથ બાળકીઓને જ જિલ્લા બાળ કલ્યાણ સમિતીના આદેશ મુજબ રાખવામાં આવે છે અને તે ગાંધીનગરના નિયામક, સમાજ સુરક્ષા ખાતાના સીધા નિયંત્રણ હેઠળ કાર્યરત છે. ઘટનાની જાણ થતાં જ ગોરવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસવા સાથે આસપાસના વિસ્તારમાં પણ શોધખોળ શરૂ કરી દીધી છે. જોકે, હજુ સુધી કિશોરીનું કોઈ અત્તોપત્તો મળ્યો નથી.

# ગ્રામ પંચાયતના VCEને વધારાના કામદીઠ મિનિમમ રૂ.20 ચૂકવાશે : ઈ-સેવા આપતાં 14 હજાર વીસીઈને ફાયદો થશે



**સુરત, તા.12**

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ઈ-સેવાઓ પહોંચાડતા ગ્રામ કોમ્પ્યુટર સાહસિકો (VCE) માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. હવે રાજ્ય સરકારના કોઈપણ વિભાગ દ્વારા વધાની સોંપવામાં આવતી કામગીરી માટે વી. સી.ઈ.ને મિનિમમ અરજી દીઠ 20 ચૂકવવા ફરજિયાત રહેશે. એટલે કે ઈ-સેવા આપતાં રાજ્યના 14 હજાર વીસીઈને ફાયદો થશે.

સરકારની આ જાહેરાત થતાં VCEએ જણાવ્યું કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા સોંપાવમાં આવતી કામગીરી એટલે કે, પાક સહાય યોજના તેમજ ટેકાના ભાવે ખરિદી જેવી યોજનામાં વી.સી.ઈ. દ્વારા કામગીરી કરવામાં આવતી જેમાં 8 રૂપિયા ચુકવાતા હતાં. અમુક કામગીરીમાં 5 અને 10 રૂપિયા ચુકવાતા હતા, જેને લઈને હવે સરકાર 20 રૂપિયા ચુકવશે બાકી અમે જે રોજીંદી કામગીરી કરીએ છીએ જેમ કે, 7/12, 8-અ, જન્મ-મરણના દાખલા તેમાં કોઈ વધારો કર્યો નથી એટલે અમારી માંગણી છે કે અમને કમિશન વેતનમાંથી મુક્ત કરી ફિક્સ ચુકવણી કરવામાં આવે.

મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની 12મી ગવર્નિંગ બોડીની બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. જુદી જુદી સેવાઓમાં અલગ અલગ દરને કારણે મહેનતાણામાં અસમાનતા સર્જાતી હતી, જેને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ સમન્વિત અને ન્યાયસંગત ચુકવણી માટે તરત જ માર્ગદર્શન આપ્યું હતું.

ઈન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી શહેરી વિસ્તારમાં મળતી ઈ-સેવાઓ જેવી ઈ-સેવાઓ ગ્રામકક્ષાએ મળી રહે તે આશયથી રાજ્ય સરકારે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં મૂકી છે. ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજનાથી ગામડાંમાં શહેરી જેવી ઈ-સેવાઓ મળી રહે છે. 7/12, 8-A, હકકપત્રના દાખલા, આવક-જન્મ-મરણના પ્રમાણપત્રો, રેશનકાર્ડમાં સુધારા, ખેડૂત રજીસ્ટ્રેશનથી લઈ ડેટા એન્ટ્રી સુધીની અનેક સેવાઓ VCE દ્વારા આપવામાં આવે છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (V.C.E.)ને વિવિધ યોજનાઓની ડેટાએન્ટ્રી સંબંધિત કામગીરી પણ સોંપવામાં આવતી હોય છે. આ માટે દરેક કામગીરીમાં યુનિટદીઠ ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (V.C.E.)ને કમિશન પેટે ચુકવવાની થતી રકમ સબંધિત વિભાગ દ્વારા નિયત કરવામાં આવે છે.

આના કારણે જુદીજુદી કામગીરી અને જુદાજુદા વિભાગો દ્વારા નિયત કરવામાં આવતી મહેનતાણાની રકમ અલગ અલગ ધોરણે કરવામાં આવતી હોવાથી મહેનતાણામાં સમાનતા જળવાતી નથી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ધ્યાનમાં આ વિષય આવતાં તેમણે ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની ગાંધીનગરમાં તાજેતરમાં યોજાયેલી 12મી ગવર્નિંગ બોડીની બેઠકના અધ્યક્ષસ્થાનેથી વી.સી.ઈ.ના મહેનતાણામાં સમાનતા માટે તત્કાલ સૂચનાઓ આપી હતી. પંચાયત વિભાગે પરિપત્ર કરીને રાજ્ય સરકારના વિભાગોને જણાવ્યું છે કે હવે કોઈપણ કામગીરી માટે વી.સી.ઈ.ને યુનિટ દિઠ ન્યુનતમ રૂ. 20નું મહેનતાણું આપવાનું રહેશે. એટલું જ નહીં, સંબંધિત વિભાગોએ વી.સી.ઈ.ને કામગીરી સોંપતા પહેલા પંચાયત વિભાગ તથા ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીને જાણ પણ કરવાની રહેશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# સાન ફ્રાન્સિસ્કોમાં ગેસ વિસ્ફોટ, 6 લોકો ઘાયલ : રસ્તાના સમારકામ દરમિયાન મશીન દ્વારા હાઈ-પ્રેશર ગેસ પાઈપલાઈન તૂટવાથી અકસ્માત







**કેલિફોર્નિયા, તા.12**

કેલિફોર્નિયાના સાન ફ્રાન્સિસ્કોના એશલેન્ડ વિસ્તારમાં ગુરુવારે સવારે એક ભયાનક ગેસ વિસ્ફોટ થયો. જેમાં 4 મકાનો સંપૂર્ણપણે નાશ પામ્યા અને છ લોકો ઘાયલ થયા છે.

આ દુર્ઘટના રસ્તાના સમારકામ દરમિયાન બની હતી. રસ્તો પહોળો કરવા અને બાઈક લેન બનાવવાવાળી લેવલિંગ મશીને ભૂલથી જમીનની નીચે દટાયેલી હાઈ-પ્રેશર ગેસ પાઈપલાઈનને તોડી નાખી.

પેસિફિક ગેસ કંપનીને સવારે 7:30 વાગ્યે તેની જાણ થઈ, પરંતુ ગેસ ઘણી જગ્યાએથી લીક થઈ રહ્યો હતો, તેથી લાઈન સંપૂર્ણપણે બંધ કરવામાં 2 કલાકનો સમય લાગ્યો. બરાબર 9:35 વાગ્યાની આસપાસ, એટલે કે ગેસ બંધ થયાના માત્ર દસ મિનિટ પછી જોરદાર ધમાકો થયો.

ધમાકાની તીવ્રતા એટલી હતી કે આસપાસના ઘરો ધ્રુજી ઉઠ્યા, દિવાલો પરથી સામાન નીચે પડી ગયો અને દૂર સુધી ધુમાડો અને કાટમાળ ઘણા ફૂટ ઉપર ઉડી ગયો. પડોશમાં રહેતી બ્રિટની માલ્ડોનાડોએ જણાવ્યું, "અમે ઘરમાં બેઠા હતા, અચાનક બધું જોરથી હલવા લાગ્યું, સામાન પડવા લાગ્યો, લાગ્યું કે કોઈ બોમ્બ ફાટ્યો હોય અથવા કોઈ ગાડી સીધી અમારા લિવિંગ રૂમમાં ઘૂસી આવી હોય."

ઘાયલોમાંથી ત્રણને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, બાકીના ત્રણને સામાન્ય ઈજાઓ થઈ. આ ઘાયલ મજૂરો હતા કે સ્થાનિક રહેવાસીઓ, તેની હજુ પુષ્ટિ થઈ નથી.

આગ પર કાબૂ મેળવવા માટે લગભગ 75 ફાયર ફાઈટરો પહોંચ્યા, પરંતુ વીજળીના તાર પડવાથી તેમને પણ આંચકા લાગ્યા અને થોડા સમય માટે પાછળ હટવું પડ્યું. હાલમાં ત્રણ એલાર્મની આગ ઓલવી દેવામાં આવી છે, પરંતુ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે.

નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) એ તપાસ ટીમ મોકલી છે જેથી એ જાણી શકાય કે પાઈપ તૂટ્યા પછી પણ ગેસ કેમ રોકી શકાયો નહીં અને વિસ્ફોટ કેવી રીતે થયો.

કંપનીએ કહ્યું છે કે તે સંપૂર્ણ તપાસમાં સહયોગ કરી રહી છે. આસપાસના લોકો હજુ પણ આઘાતમાં છે અને ઘણા ઘરોને નુકસાન થવાની આશંકા છે.

# વ્હાઈટ હાઉસે ટ્રમ્પની બીમારીની અફવાઓ ફગાવી

## દરરોજ અનેક લોકો સાથે હાથ મિલાવવાથી નિશાન પડી જાય, ટ્રમ્પે કહ્યું-મારા જેવો મહેનતુ રાષ્ટ્રપતિ કોઈ નથી

**વોશિંગ્ટન, તા.12**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ગંભીર બીમારી હોવાની અફવાઓ ફરીથી તેજ બની છે. ખરેખરમાં, છેલ્લા કેટલાક દિવસોથી ટ્રમ્પના જમણા હાથ પર વારંવાર બેન્ડેજ અને વાદળી-લાલ નિશાન જોવા મળ્યા હતા.

કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે ટ્રમ્પ કોઈ બીમારીથી પીડાઈ રહ્યા છે અથવા તેમને હાથમાં કોઈ ઈન્જેક્શન આપવામાં આવી રહ્યું છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે ગુરુવારે પ્રેસ કોન્ફરન્સમાં આ તમામ અફવાઓને ફગાવી હતી.

તેમણે જણાવ્યું કે આ નિશાન ફક્ત વધુ હેન્ડશેક કરવાને કારણે છે. ટ્રમ્પ દરરોજ સેંકડો-હજારો લોકો સાથે હાથ મિલાવે છે, જેના કારણે આવા નિશાન થઈ જાય છે. આ ઉપરાંત, વધતી ઉંમરને કારણે સ્કીન પાતળી થઈ જાય છે, જેનાથી સામાન્ય દબાણ કે ઘર્ષણથી પણ સરળતાથી વાદળી નિશાન (બ્રુઈઝ) પડી જાય છે.

આ પહેલીવાર નથી બન્યું. આ જ વર્ષ 2025ના શરૂઆતના મહિનાઓમાં પણ (ફેબ્રુઆરી-માર્ચની આસપાસ) ટ્રમ્પના જમણા હાથ પર મોટો વાદળી-જાંબલી નિશાન દેખાયા હતા. તે સમયે પણ ફોટો વાયરલ થયો હતો.

ત્યારે પણ વ્હાઈટ હાઉસે આ જ સ્પષ્ટતા આપી હતી કે રાષ્ટ્રપતિનો રોજનો રૂટિન એટલો વ્યસ્ત હોય છે



કે સતત હેન્ડશેક કરવાથી આવું થઈ જાય છે. તે સમયે ટ્રમ્પે પોતે ટ્રુથ સોશિયલ પર લખ્યું હતું, "હું બિલકુલ ઠીક છું, આ લોકો બસ મારી ઉંમર અને સ્વાસ્થ્યને લઈને અફવા ફેલાવી રહ્યા છે."

આ વખતે પણ ટ્રમ્પે બુધવારે રાત્રે લાંબી પોસ્ટ લખીને બધી અફવાઓનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે તેઓ શારીરિક અને માનસિક બંને રીતે સંપૂર્ણ સ્થિતિમાં છે.

તેમણે કહ્યું કે તેમનાથી વધુ મહેનત કરનાર કોઈ રાષ્ટ્રપતિ આજ સુધી થયા નથી, અને જે મીડિયા તેમના સ્વાસ્થ્ય પર સવાલ ઉઠાવી રહ્યું છે, તે ફેક ન્યૂઝ ફેલાવી રહ્યું છે. ટ્રમ્પે તેને "રાજદ્રોહ" કહ્યો.

ટ્રમ્પે વધુમાં કહ્યું, 'હું વોલ્ટર રીડ નેશનલ મિલિટરી મેડિકલ સેન્ટરમાં ડોકટરોની દેખરેખ હેઠળ લાંબા, સઘન અને ખૂબ જ થકવી દેનારા ટેસ્ટ કરાવું છું. હું આ પરીક્ષણો એટલા માટે કરું છું કારણ કે આ આપણા દેશ પ્રત્યે મારી ફરજ છે.'

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે MRI તપાસમાં 100% સ્કોર કર્યો છે. જોકે તેમણે કહ્યું કે તેમને ખબર નથી કે કયા બોડી પાર્ટની તપાસ થઈ.

1 ડિસેમ્બરે ફ્લોરિડાથી વોશિંગ્ટન પાછા ફરતી વખતે એર ફોર્સ વનમાં પત્રકારોએ વાતચીતમાં ટ્રમ્પને તેમના હાલના MRI અને સ્વાસ્થ્ય રિપોર્ટ વિશે સવાલ પૂછ્યો હતો.

CBS ન્યૂઝના વેઈઝિયા જિયાંગે ટ્રમ્પને પૂછ્યું કે MRI શરીરના કયા ભાગનો થયો હતો. આના પર ટ્રમ્પે કહ્યું, 'મને ખબર નથી. પણ તે મગજનો નહોતો, કારણ કે મેં કોગ્નિટિવ ટેસ્ટમાં 100% સ્કોર કર્યો છે.'

આ પહેલા મિનેસોટાના ગવર્નર ટિમ વાલ્ઝે ટ્રમ્પને તેમનો મેડિકલ રિપોર્ટ જાહેર કરવાની ચેલેન્જ આપી હતી. ટ્રમ્પે કહ્યું કે તેઓ ઓક્ટોબરમાં વોલ્ટર રીડ મિલિટરી મેડિકલ સેન્ટરમાં થયેલા તેમના પરફેક્ટ હેલ્થ ચેકઅપનો રિપોર્ટ જાહેર કરવા તૈયાર છે.

વ્હાઈટ હાઉસના ડોક્ટર સીન બાર્બાબેલાના મતે, ઓક્ટોબરમાં ટ્રમ્પના લેબ ટેસ્ટ, એડવાન્સ્ડ ઈમેજિંગ અને પ્રિવેન્ટિવ હેલ્થ ચેકઅપ થયા હતા. ડોક્ટરનું કહેવું છે કે ટ્રમ્પની કાર્ડિયાક (હૃદય) ઉંમર તેમની વાસ્તવિક ઉંમર કરતાં લગભગ 14 વર્ષ ઓછી જણાવવામાં આવી છે.

આ પહેલા સોશિયલ મીડિયા X પર 'ટ્રમ્પ ઈઝ ડેડ' (ટ્રમ્પનું મૃત્યુ થયું) ટ્રેન્ડ થયો હતો. ઓગસ્ટમાં ટ્રમ્પના મૃત્યુ સાથે સંબંધિત 60 હજારથી વધુ પોસ્ટ શેર કરવામાં આવી હતી.

જુલાઈમાં 79 વર્ષીય ટ્રમ્પના હાથ પર ઈજાના નિશાન અને પગમાં સોજાની તસવીરો સામે આવ્યા બાદથી જ તેમનું સ્વાસ્થ્ય ચર્ચામાં છે.

ફેબ્રુઆરી, 2025માં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને જુલાઈમાં યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન સાથેની મુલાકાત દરમિયાન સૌપ્રથમ ટ્રમ્પના હાથ પર ઈજા અને મેકઅપના નિશાન જોવા મળ્યા હતા.

આ પછી ટ્રમ્પના સ્વાસ્થ્યને લગતી અટકળો તેજ બની હતી. આ સમયે વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે ટ્રમ્પ નસોની બીમારી ક્રોનિક વેનસ ઈનસફિશિયન્સી AB9થી પીડાઈ રહ્યા છે.

આના કારણે તેમના પગમાં સોજો રહે છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે 70 વર્ષથી વધુ ઉંમરના લોકોમાં આ બીમારી સામાન્ય છે.

લેવિટે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિની હથેળીઓ પર ઈજાના નિશાન છે, જે સામાન્ય સોફ્ટ ટિશ્યુ ઈરિટેશન છે. આ એસ્પિરિનના સેવનની આડઅસર અને વારંવાર લોકો સાથે હાથ મિલાવવાના કારણે થાય છે.

ક્રોનિક વેનસ ઈનસફિશિયન્સી એક એવી બીમારી છે, જેમાં નસોને પગમાંથી લોહીને હૃદય સુધી પાછું લઈ જવામાં મુશ્કેલી પડે છે. આ સમસ્યા ત્યારે થાય છે જ્યારે નસોમાં વાલ્વ યોગ્ય રીતે કામ કરતા નથી, જેના કારણે લોહી પગમાં જમા થઈ જાય છે અને સોજો, દુખાવો અને સ્કિનમાં ફેરફાર થઈ શકે છે.

સામાન્ય રીતે આ સમસ્યા 50 વર્ષથી વધુ ઉંમરના લોકોને થાય છે. દુનિયામાં 10 થી 35% પુખ્ત વયના લોકોને આ સમસ્યા છે. ભારતમાં પણ દર ત્રણમાંથી એક પુખ્ત વયનાને ક્રોનિક વેનસ ઈન્સફિશિયન્સી છે, જ્યારે કે 4-5% લોકોમાં તેના લક્ષણો ગંભીર રીતે દેખાય છે. આમાંથી આ સ્થિતિ અલ્સરનું સ્વરૂપ લઈ ચૂકી છે.

## ગર્ભાશય કાઢ્યું, પછી એક-એક અંગોને બ્લેન્ડરમાં પીસ્યાં :


# સ્વિટ્ઝર્લેન્ડની પૂર્વ મિસ ફાઈનલિસ્ટ ક્રિસ્ટીની પતિએ ક્રૂર હત્યા કરી

**બર્ન, તા.12**

સ્વિટ્ઝર્લેન્ડની પૂર્વ મિસ ફાઈનલિસ્ટ ક્રિસ્ટીના જોક્સિમોવિચની હત્યાની રીત જાણીને તમારું મગજ હલી જશે. આ ઘૃણાસ્પદ અને ક્રૂર હત્યા ખુદ ક્રિસ્ટીનાના પતિ થોમસે કરી હતી. તેણે ક્રિસ્ટીનાની હત્યા કરતી વખતે તેના ગર્ભાશયને પણ ખેંચીને બહાર કાઢી નાખ્યું હતું. ત્યારબાદ તેના એક-એક અંગોને બ્લેન્ડર મશીનમાં પીસીને રાસાયણિક દ્રાવણ બનાવી દીધું હતું. અદાલતી દસ્તાવેજોમાં તેની પુષ્ટિ થઈ છે.

સ્વિસ અધિકારીઓએ બુધવારે જણાવ્યું કે પૂર્વ મિસ સ્વિટ્ઝર્લેન્ડ ફાઈનલિસ્ટ ક્રિસ્ટીના જોક્સિમોવિચના પતિ પર તેની હત્યાનો આરોપ મૂક્યો છે. સ્વિસ ગોપનીયતા કાયદાઓ હેઠળ, 43 વર્ષીય થોમસ નામના આ વ્યક્તિ પર તેની 38 વર્ષીય પત્ની ક્રિસ્ટીના જોક્સિમોવિચનું ગળું દબાવીને હત્યા કરવા, પછી મૃતદેહના ટુકડે-ટુકડા કરવા અને ફેબ્રુઆરી 2024માં બિનિન્ગેન સ્થિત તેમના ઘરમાં જ અવશેષોનો નાશ કરવાની કોશિશ કરવાનો આરોપ છે. ઑટોપ્સી રિપોર્ટ અને અદાલતી દસ્તાવેજો અનુસાર, મોડલના મૃતદેહને જિગ્સો (ઈલેક્ટ્રિક આરી) અને બગીચાની કાતરથી કાપવામાં આવ્યું હતું.

તપાસકર્તાઓનું કહેવું છે કે થોમસે પોતાની પત્નીના અંગોને ઈલેક્ટ્રિક આરી અને બગીચાવાળી કાતરથી કાપી નાખ્યા. તેણે તેના ગર્ભાશયને પણ બહાર કાઢ્યું. આ એકમાત્ર અંગ હતું જેને ધડમાંથી બહાર કાઢવામાં આવ્યું હતું. પછી



શરીરના કેટલાક ભાગોને ઈન્ડસ્ટ્રિયલ બ્લેન્ડરમાં પીસી નાખ્યા. અધિકારીઓએ જણાવ્યું કે કેટલાક અવશેષોને 'પ્યુરી' બનાવી દેવામાં આવ્યા અને પછી એક રાસાયણિક દ્રાવણમાં ઓગાળી દેવામાં આવ્યા. ધ ટેલિગ્રાફના અહેવાલ મુજબ પોલીસે પછીથી તે બ્લેન્ડર જપ્ત કર્યું, સાથે જ માંસપેશીઓ સાથે ચોંટેલી ત્વચાના ટુકડા અને હાડકાંના ટુકડા પણ મળ્યા. અદાલતી દસ્તાવેજોમાં કહેવામાં આવ્યું છે કે થોમસ પોતાની પત્નીના મૃતદેહના ટુકડા કરતી વખતે ફોન પર યુટ્યુબ વીડિયો જોઈ રહ્યો હતો.

ઑટોપ્સીમાં વધુમાં જાણવા મળ્યું કે થોમસે કથિત રીતે તેના હિપના સાંધા તોડ્યા, ઘણા અંગો કાપ્યા, કરોડરજ્જુ અલગ કરી અને અંતે માથું કાપી નાખ્યું. મોડલના અવશેષો સૌથી પહેલા તેના પિતાએ શોધી કાઢ્યા હતા. ધ ન્યૂયોર્ક પોસ્ટથી એક મિત્રને ટાંકીને અહેવાલ અપાયો કે તેમણે ઘરના લોન્ડ્રી રૂમમાં એક કાળા બેગમાંથી ગોરા વાળ બહાર નીકળેલા જોયા હતા. જોકે થોમસે શરૂઆતમાં દાવો કર્યો કે તેણે પોતાની પત્નીને પહેલેથી મૃત અવસ્થામાં જોઈ હતી, પરંતુ માર્ચમાં તેણે કબૂલ્યું કે તેણે હત્યા કરી અને કહ્યું કે તેણે આત્મરક્ષામાં આવું કર્યું કારણ કે પત્નીએ તેના પર ચપ્પુથી હુમલો કર્યો હતો. પરંતુ ત્યારે ફોરેન્સિક નિષ્ણાતોને એવો કોઈ પુરાવો મળ્યો નહીં. તેમણે મૃત્યુનું કારણ ગળું દબાવવું જણાવ્યું હતું.

પોલીસે અદાલતી દસ્તાવેજોમાં લખ્યું કે થોમસે 'ગુનો કરવાની અસાધારણ રીતે ઊંચી ઊર્જા, સહાનુભૂતિનો સંપૂર્ણ અભાવ અને પત્નીની હત્યા પછી ઠંડા દિમાગ'નું પ્રદર્શન કર્યું. અધિકારીઓએ જણાવ્યું કે દંપતીને બે પુત્રીઓ છે અને આરોપી હાલ કસ્ટડીમાં છે. બાસેલ-લેન્ડશાફ્ટ પબ્લિક પ્રોસિક્યુટર ઑફિસે કહ્યું કે તેના પર હવે હત્યા અને લાશ સાથે ચેડાં કરવાનો ઔપચારિક આરોપ લાગી ગયો છે. ટ્રાયલની તારીખ હજી નક્કી થઈ નથી. ક્રિસ્ટીના જોક્સિમોવિચ મિસ નોર્થવેસ્ટ સ્વિટ્ઝર્લેન્ડનો તાજ જીતી ચૂકી હતી અને 2007માં મિસ સ્વિટ્ઝર્લેન્ડની ફાઈનલિસ્ટ રહી ચૂકી હતી.

# બાંગ્લાદેશમાં તખ્તાપલટના દોઢ વર્ષ પછી ચૂંટણી:12 ફેબ્રુઆરીએ મતદાન

**ઢાકા, તા.12**

બાંગ્લાદેશમાં આવતા વર્ષે 12 ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણીઓ યોજાશે. દેશના મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિરુદ્દીને ગુરુવારે સાંજે તેની જાહેરાત કરી. આ ચૂંટણી શેખ હસીનાના બળવા પછી દોઢ વર્ષ બાદ યોજાઈ રહી છે.

બાંગ્લાદેશમાં 5 ઓગસ્ટ 2024ના રોજ થયેલા બળવા પછી, પૂર્વ પીએમ શેખ હસીના દેશ છોડીને ભારત આવી ગયા હતા. ત્યારથી ત્યાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર ચાલી રહી છે.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું કે તે જ દિવસે જુલાઈ ચાર્ટરને લઈને જનમત સંગ્રહ કરવામાં આવશે. જુલાઈ ચાર્ટર બંધારણીય અને રાજકીય સુધારાનો એક દસ્તાવેજ છે. તેમાં 26 મુદ્દાઓ છે, જેનો હેતુ



દેશની રાજનીતિ અને શાસન વ્યવસ્થામાં પરિવર્તન લાવવાનો છે. તેમાં વડાપ્રધાનની સત્તા મર્યાદિત કરવાની વાત છે, જેથી કોઈ અનિશ્ચિત સમય સુધી સત્તામાં ન રહી શકે. આ ચાર્ટરમાં પીએમનો કાર્યકાળ 8 કે 10 વર્ષ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બાંગ્લાદેશની સૌથી મોટી પાર્ટી અવામી લીગનું રજીસ્ટ્રેશન ચૂંટણી પંચે મે 2025માં સસ્પેન્ડ કરી દીધું હતું. પાર્ટીના મોટા નેતાઓને વચગાળાની સરકારે ધરપકડ કરી લીધી છે. તેના ચૂંટણી લડવા અને રાજકીય ગતિવિધિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સરકારનો દાવો છે કે 'અવામી લીગ અપ્રસ્તુત બની ગઈ છે', પરંતુ જમીની હકીકત અલગ છે. આંતરરાષ્ટ્રીય વિશ્લેષકોનું કહેવું છે કે આવા માહોલમાં ચૂંટણી એકતરફી રહેશે. સરકાર પર હવે વિપક્ષને તક આપવાનું બાહ્ય દબાણ વધી રહ્યું છે. બાંગ્લાદેશમાં પણ ભારતની લોકસભા ચૂંટણી જેવી જ ચૂંટણી પ્રક્રિયા છે. અહીં સંસદ સભ્યોની ચૂંટણી ભારતની જેમ જ ફર્સ્ટ-પાસ્ટ-ધ-પોસ્ટ પ્રણાલી દ્વારા થાય છે. એટલે કે, જે ઉમેદવારને એક મત પણ વધુ મળશે, તેની જ જીત થશે. ચૂંટણી પરિણામ આવ્યા પછી સૌથી મોટી પાર્ટી કે ગઠબંધનના સાંસદો પોતાના નેતાની પસંદગી કરે છે અને તે જ વડાપ્રધાન બને છે.

# પાકિસ્તાનના પૂર્વ ISI ચીફ હમીદને 14 વર્ષની કેદ:મિલિટરી કોર્ટે 4 આરોપોમાં દોષિત ઠેરવ્યા

**ઈસ્લામાબાદ, તા.12**

પાકિસ્તાનની એક મિલિટરી કોર્ટે પૂર્વ ISI ચીફ ફૈઝ હમીદને 14 વર્ષની કેદની સજા સંભળાવી છે. તેમની વિરુદ્ધ લગભગ 15 મહિના સુધી કોર્ટ માર્શલની કાર્યવાહી ચાલી. સેના દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, ફૈઝ પર ચાર ગંભીર આરોપોમાં કેસ ચલાવવામાં આવ્યો. તેમના પર રાજકીય એક્ટિવિટીઓમાં સામેલ થવા, ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટનું ઉલ્લંઘન કરીને દેશના હિતોને નુકસાન પહોંચાડવા, સરકારી અધિકાર અને સંસાધનોનો દુરુપયોગ કરવા અને વ્યક્તિગત લોકોને નુકસાન પહોંચાડવાના આરોપો હતા.

સેનાએ કહ્યું કે કોર્ટે તમામ આરોપોમાં ફૈઝને દોષિત ઠેરવ્યા છે, જોકે તેમને નિર્ણય વિરુદ્ધ અપીલ કરવાનો અધિકાર પણ છે.

ફૈઝને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના નજીકના માનવામાં આવે છે. ફૈઝ હમીદને ગયા વર્ષે 12 ઓગસ્ટે હાઉસિંગ કૌભાંડ કેસમાં આર્મી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેમની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટે કાર્યવાહીનો આદેશ આપ્યો હતો, જેના પછી તેમનું કોર્ટ માર્શલ શરૂ કરવામાં આવ્યું.

વર્ષ 2023માં ટોપ સિટી હાઉસિંગના મેનેજમેન્ટે ફૈઝ હમીદ પર આરોપ લગાવતા કહ્યું હતું કે તેમણે તેના માલિક મોઈઝ ખાનની ઓફિસ અને ઘર પર દરોડા પાડ્યા હતા. ત્યારબાદ નવેમ્બર 2023માં આ મામલે સુપ્રીમ કોર્ટે હાઉસિંગ સોસાયટીના માલિકને પોતાની ફરિયાદ સંરક્ષણ મંત્રાલયમાં નોંધાવવા માટે કહ્યું હતું.

આ આરોપોની તપાસ માટે સેનાએ એપ્રિલમાં એક તપાસ સમિતિની રચના કરી હતી.



મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું હતું કે આ સમિતિની રચના જવાબદારી નક્કી કરવા માટે કરવામાં આવી હતી. આ સમિતિનું નેતૃત્વ એક મેજર જનરલ કરી રહ્યા હતા.

પૂર્વ ISI ચીફ ફૈઝ હમીદે અલ કાદિર ટ્રસ્ટ કૌભાંડ કેસમાં 5 અબજ રૂપિયાની લાંચ લીધી હતી. આ ખુલાસો ઈમરાન સરકારમાં મંત્રી રહેલા અને તેમના મિત્ર ફૈઝલ વાબડાએ કર્યો હતો.

અલ કાદિર ટ્રસ્ટ કૌભાંડ એ જ કેસ છે, જેમાં મે 2023માં ઈમરાનની ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારબાદ પાકિસ્તાનમાં જબરદસ્ત હિંસા થઈ હતી. 8 લોકો માર્યા ગયા હતા. આર્મી હેડક્વાર્ટર ઉપરાંત જિન્ના હાઉસ પર પણ ખાન સમર્થકોએ હુમલો કર્યો હતો.

આ હુમલા બાદ સેના અને સરકારે કાર્યવાહી કરી હતી. તેની અસર એ થઈ હતી કે ઈમરાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના 80થી વધુ મોટા નેતાઓ, સાંસદો અને ધારાસભ્યો પાર્ટી છોડી ગયા હતા.

ફૈઝ હમીદ પાકિસ્તાની આર્મીના નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ છે. તેમણે વર્ષ 2019થી લઈને 2021 સુધી પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના ડાયરેક્ટર જનરલ તરીકે પણ કામ કર્યું છે.

ફૈઝનો જન્મ પાકિસ્તાનના ચકવાલના લતીફાલ ગામમાં થયો હતો. હમીદે 1987માં પાકિસ્તાન મિલિટરી એકેડમીમાં જોડાયા હતા. તેમણે ક્વેટાના કમાન્ડ એન્ડ સ્ટાફ કોલેજમાંથી ગ્રેજ્યુએશન કર્યું છે. ત્યારબાદ તેમને પાકિસ્તાની આર્મીની બલૂચ રેજિમેન્ટમાં કમિશન કરવામાં આવ્યા હતા.

ફૈઝ હમીદ પાકિસ્તાનની સેનામાં પેશાવરના કોર કમાન્ડર પણ રહી ચૂક્યા છે. તેમના પર નિવૃત્તિ પછી પાકિસ્તાની સેનાના નિયમોના ઉલ્લંઘનનો આરોપ પણ લાગ્યો હતો. ફૈઝ હમીદ પર ISI ચીફ તરીકે પદના દુરુપયોગનો આરોપ લાગ્યો હતો. તાલિબાને 15 ઓગસ્ટ 2021ના રોજ કાબુલની સાથે લગભગ આખા અફઘાનિસ્તાન પર કબજો કરી લીધો હતો. દુનિયાને પહેલાથી જ શંકા હતી કે પાકિસ્તાની સેના અને ISI તાલિબાનને પૂરી મદદ કરી રહી છે. સપ્ટેમ્બર 2021ની શરૂઆતમાં જનરલ ફૈઝ હમીદ ચૂપચાપ કાબુલ પહોંચ્યા.

## તંત્રી લેખ

# શું નેપાળમાં ફરી થશે હિંસક આંદોલન?

'જ્યારે લોખંડ ગરમ હતું, ત્યારે કેપી શર્મા ઓલીને પકડીને જેલની અંદર નાખવાના હતા. તમામ બંધારણીય ફેરફારો પણ ત્યારે જ કરવાના હતા. હવે લોખંડ ઠંડું પડી ગયું, તેથી હવે આ બધું કરવાનો કોઈ રસ્તો બચ્યો નથી. યુવાનોને તો એ પણ સમજ નથી કે રાજકારણ કેવી રીતે કરવું અને ચૂંટણી કેવી રીતે લડવી.' નેપાળના GenZ નેતા ટંકા ધામીને અફસોસ છે કે જે કંઈ વિચાર્યું હતું તે ન થઈ શક્યું. ધામી કહે છે કે નેપાળમાં સુશીલા કાર્કીની સરકારને 3 મહિના પૂરા થઈ ગયા છે. તેમની સરકારમાં એવા ઘણા સલાહકારો છે, જે મનમાની કરી રહ્યા છે. તેઓ યુવા GenZ લીડર્સની વાત પણ સાંભળી રહ્યા નથી.નેપાળમાં જે રાજકીય વ્યવસ્થા વિરુદ્ધ GenZ પ્રોટેસ્ટ થયા અને 8 સપ્ટેમ્બરના રોજ તખ્તાપલટ થયો, હવે એ જ રાજકીય વ્યવસ્થા ફરી હાવી થઈ રહી છે. વચગાળાની સરકારને જવાબદારી સંભાળતા 3 મહિના થઈ ગયા છે, પરંતુ નેપાળમાં સામાન્ય લોકોના જીવનમાં કોઈ ફરક નથી આવ્યો. આંદોલનમાં થયેલી હિંસા પછી નુકસાનની ભરપાઈ પણ નથી થઈ શકી. વચગાળાની સરકારનો અડધો સમય વીતી ચૂક્યો છે. ચૂંટણી માટે 5 માર્ચ 2026ની તારીખ નક્કી થઈ ગઈ છે. જોકે આ બધાની વચ્ચે GenZ ફરી સડકો પર છે. વચ્ચે-વચ્ચે હિંસા અને પ્રદર્શનની ઘટનાઓ સામાન્ય થઈ ગઈ છે. નેપાળમાં તખ્તાપલટ પછી 3 મહિનામાં શું બદલાયું?નેપાળમાં ફરી શરૂ થયા GenZ પ્રોટેસ્ટ, 22 નવેમ્બરના રોજ નેપાળના બારા જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં GenZ પ્રોટેસ્ટ શરૂ થઈ ગયા. કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ (UML)ના મહાસચિવ શંકર પોખરેલ અને યુવા નેતા મહેશ બસનેતે કાઠમંડુથી સિમારા એરપોર્ટ માટે ઉડાન ભરી. આ નેતાઓ નેપાળની હાલની સરકાર વિરુદ્ધ રેલી કરવાના હતા. જોકે એરપોર્ટથી આ નેતાઓ શહેર પહોંચે, તેના પહેલાં જ બારામાં લોકલ GenZ નેતાઓ અને CPN (યુએમએલ)ના નેતાઓ વચ્ચે ખેંચતાણ શરૂ થઈ ગઈ. હાલત હિંસક થવા લાગ્યા તો પહેલાં પોલીસે આંદોલનકારીઓને રોકવા માટે બળનો ઉપયોગ કર્યો. પછી કર્ફ્યુ લગાવવો પડ્યો. આવા GenZ પ્રોટેસ્ટ હજી પણ નેપાળના અલગ-અલગ ભાગોમાં જોવા મળી રહ્યા છે. નેપાળમાં વચગાળાની સરકાર બનાવ્યા પછી શું બદલાયું અને શું હજી પણ બાકી છે. આ સમજવા માટે અમે GenZ લીડર ટંકા ધામી સાથે વાત કરી. નેપાળમાં GenZ પ્રોટેસ્ટ પછી ધામીને મોટા બદલાવની આશા હતી, પરંતુ હવે તેના પર પાણી ફરી વળ્યું છે. ધામી કહે છે, 'અમે એ માનીએ છીએ કે હાલની સરકાર કામ નથી કરી રહી કારણ કે બ્યૂરોક્રેસી એ જ છે, જે પહેલાં હતી. તેથી આ સિસ્ટમમાં જલ્દી કોઈ બદલાવ કરવામાં મુશ્કેલી આવી રહી છે. ન્યાયપાલિકા પણ જૂની છે અને ત્યાં થયેલી નિમણૂકો પણ જૂની છે. આવામાં અમારા માટે સિસ્ટમમાં બદલાવ કરવો સરળ નથી. ભૂલ એ થઈ કે અમે બદલાવ કરવામાં મોડું કરી દીધું.' 'GenZ યુવાનોને રાજકીય સમજ નથી. જ્યારે આ સમજ નહીં હોય તો તેઓ ચૂંટણી માટે તૈયાર કેવી રીતે થશે અને પાર્ટી કેવી રીતે બનાવશે. જ્યાં સુધી નેપાળમાં સંસ્થાકીય બદલાવ નહીં થાય, ત્યાં સુધી કંઈ નહીં બદલાય. કેટલાક લોકો સરકારમાં સારી રીતે કામ કરી રહ્યા છે, પરંતુ ગૃહ મંત્રી ઓમ પ્રકાશ આર્યલ કામ નથી કરી રહ્યા. તેઓ માત્ર પદ પર બેસવાની મંશા રાખે છે.'

# માનસમાં ભવાની, સુનયના,અને શબરી એમ ત્રણ મુખ્ય સ્ત્રી પાત્રોને સાવધાન કરવામાં આવે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

માનસ સાવધાની નવમા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે, માનસ સાવધાન અંતર્ગત આપણે ઘણી વાતો કરી. પરંતુ માનસમાં ત્રણ સ્ત્રી પાત્ર પસંદ કરીને, સાવધાનની મુખ્ય ભૂમિકા બની છે. પહેલા ભવાની કે જેને શિવ બુદ્ધિથી સાવધાન થઈને સાંભળવા કહે છે. બીજા સુનયનાજી જેને રાજા જનક સાવધાન કરી ભરત ચરિત્ર સંભળાવે છે. ત્રીજા શબરી જેને ભગવાન ખુદ નવધા ભક્તિની વાત કરે છે, ત્યારે સાવધાન થઈ મનમાં ધારણ કરવા જણાવે છે. ભૂશંડીજી ગરુડને સાવધાન કરે છે, આમ માનસમાં શિવજીના મુખે સાવધાન શબ્દનો પ્રયોગ કરી, તુલસીદાસજી આપણને સૌને સાવધાન કરી રહ્યાં છે. પ્રયાગમાં ભરદ્વાજ સાથેની વાતચીતમાં ભરતજીએ કહ્યું કે મારી માએ મને કલંક લગાડ્યું, રામને વનવાસ આપ્યો અને મમતાને કારણે મને રાજગાદી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ ભરદ્વાજ કહે છે કે, આપનો યશચંદ્ર આપની કીર્તિચંદ્ર અદભુત છે, અને મને આમાં ક્યાંય કલંક દેખાતું નથી. તમે જેને કલંક કહો છો, એ અમારા જેવા માટે તો ભક્તિ રસાયણ બની ગયું. સાધુની અપ કીર્તિ પણ સાવધાની પૂર્વક સાંભળવામાં આવે, તો આપણા માટે ભક્તિ રસાયણ બની જાય છે, આવું ભરદ્વાજ ઋષિએ કહ્યું એ બહુ અદભુત સૂત્ર છે.

મારા શ્રોતા ભાઈ બહેનો કથા આપણને શું શીખવે છે! કલંકથી બચવું કંઈ રીતે! રામકથામાં કોને કલંક નથી લાગ્યુ? ભગવાન રામને પણ કલંક લાગ્યું દુનિયાએ પણ આંગળી ચીંધી કે રામે વૃક્ષની પાછળ છુપાઈને વાલીને માર્યો! એક ધોબીએ મા જાનકીને કલંકનું ધાબુ લગાવી દીધું. કૈકેયીને તો કલંક લાગ્યું જ છે! બ્રહ્માને પણ એક કલંક લાગ્યું કે, પોતાની જ રચના પાછળ ઘેલા થયાં, પરંતુ માનસ ભરત એક એવો ચંદ્ર છે, જેમાં કોઈ કલંક નથી. શ્રવણ એક વિજ્ઞાન છે, એક સાયન્સ છે, સાંભળી તો શકાય છે, પણ શ્રવણ નથી થઈ શકતું! એટલા માટે સાવધાની પૂર્વક કથા સાંભળવાની વાત કહી છે. ચંદ્રમાં કલંક શા માટે છે? ચંદ્રના કલંકની બહુ જુદી જુદી વાતો કરવામાં આવે છે, પરંતુ ચંદ્રમાં કલંક, એટલે કે કાળા ધાબા જે લાગી ગયા છે, એનું એકમાત્ર મૂળ કારણ છે, કે એણે એના ગુરુની ધર્મપત્ની પર ખરાબ દ્રષ્ટિ કરી, ચંદ્રના ગુરુ મહારાજ ગૃહસ્પતિ એમની પાછળ એ દોડ્યો હતો. ચંદ્રને થોડી પ્રતિષ્ઠા મળી, પરંતુ એ પ્રકાશ પોતાનો નથી ઉધાર છે! છતાં એણે કુદ્રષ્ટિ કરવાની ભૂલ કરી. ભરતનો યશચંદ્ર ઊંચાઈ મળ્યા છતાં પણ કલંકથી મુક્ત છે.

નવ બિધું બિમલ તાત જસુ તોરા,
રઘુવર કિંકર કુમુદ ચકોરા.

ભરદ્વાજ ભરતને પૂર્ણ કલંક મુક્ત યશચંદ્ર અને કીર્તિચંદ્ર ધરાવતા હોવાનું પ્રમાણપત્ર આપે છે. ક્યારેક પુત્રને પણ આ રીતે તાત સંબોધન કરી શકાય. આમ પણ શ્રોતા વક્તાથી મોટા હોય છે એવું તુલસી લખે છે. શ્રોતા વક્તા જ્ઞાન નિધિ, એમાં એમણે શ્રોતાને પહેલા સ્થાન આપ્યું છે. ભારદ્વાજ ઋષિએ ભરતને બાપ કહ્યા છે, ભગવાન રામના કિંકર, ભગવાન રામના દાસરૂપી કુમુદને ચકોરની જેમ આપનો યશચંદ્ર હંમેશા સુખ આપનારો છે.



કથા વિરામ પહેલા કાર્તિકેયના ષડમુખની વાત કહેતાં જજો, એવું એક નિવેદન કરવામાં આવ્યું છે. કાર્તિકેયને પુરુષાર્થની ઉપમા આપવામાં આવી છે, અને મહાન પુરુષાર્થ હંમેશા ષડમુખી હોય છે.(૧) પુરુષાર્થ હંમેશા નિમિત બનીને કરવો. પરંતુ નિમિત બનીને ન કરવું, એટલે કે મારાથી આ નહીં થાય એવી નિરાશા કે હતાશા સાથે ન કરવું. (૨) સ્પર્ધાથી પુરુષાર્થ ન કરવો, લોકો કહે છે સ્પર્ધા વગર વિકાસ કેમ થાય? પણ અન્ય સાથે સ્પર્ધા નહીં ખુદ સાથે સ્પર્ધા કરો કે ગયા વખતે આટલો પુરુષાર્થ કર્યો હતો આ વખતે આનાથી બમણો કરીશ. આ વર્ષે આટલું ભજન કર્યું આવતા વખતે હજી વધુ ભજન કરીશ.( ૩) કાર્તિકેરૂપી પુરુષાર્થનું ત્રીજું મુખ કૌશલ્ય છે, એટલે કે કુશળ બની પુરુષાર્થ કરો. ગીતામાં પણ કહ્યું છે યોગઃ કર્મેષુ કૌશલમ. કોઈપણ કાર્યમાં કુશળતા હોય તો પરિણામ વધુ સારું આવે છે માટે કુશળ બની પુરુષાર્થ કરવો. (૪) કાર્તિકે રૂટી પુરષાતનું ચોથું મુખ પરમાર્થ છે! પુરુષાર્થ કરતી વખતે પરમાર્થનો વિચાર પણ કેન્દ્રવર્તી હોવો જોઈએ! કે હું જે કમાઈશ એમાંથી થોડો પરમાર્થ પણ કરીશ, અને એટલે જ હું કથાઓમાં 10% ની વાત કરતો હોઉં છું, કે આપણી કમાણીનો 10 મો ભાગ પરમાર્થ માટે કાઢવો. ખૂબ કમાઓ કમાશો નહીં તો, ભગવત કથાઓનું આયોજન કેમ થશે?: પરંતુ પુરુષાર્થ સાથે પરમાર્થ જરૂરી છે. મોટા મોટા આયોજનો થાય એટલું ન્હોય તો, આટલી મોટી માત્રામાં જરૂરત મંદો આપણી આસપાસ છે જ , કોઈની ફી ભરો, કોઈને પુસ્તક, આપો કોઈને એક બે ટંક જમવાનું આપો, કોઈને દવા અપાવો,જેટલું થાય એટલું. (૫ ) પુરુષાર્થનું પાંચમું મુખ સંતોષ છે! આપણને આપણા કર્મ રૂપી પુરુષાર્થથી સંતોષ હોવો જોઈએ કે બસ ટકાર આવી ગઈ આટલું ધન પર્યાપ્ત છે, આટલી પ્રવૃત્તિ પર્યાપ્ત છે! મારા પુરુષાર્થથી આખા વર્ષ દરમિયાન જેટલું ફળ સ્વરૂપ મળ્યું એનો મને સંતોષ છે! હકીકતમાં અસંતોષ જ આપણી અશાંતિનું કારણ છે. જેટલું મળ્યું એમાં સંતોષ માનવો એ જ મહત્વનું છે. કાર્તિકેય રુપી પુરુષાર્થનું છઠ્ઠું મુખ આત્મસુખ. આપણે જે ભોગવી રહ્યા છીએ એ સુખ નથી એ સાધન પ્રેરક સુવિધાઓ છે, એ ન હોય તો આપણું સુખ ગાયબ. સુખ સ્વરૂપ તો રઘુવંશી મણી છે! જોકે આપણે સૌ એનાં અંશ હોવાને નાતે સુખ સ્વરૂપ જ છીએ! પણ આપણું સુખ ઢંકાયેલું છે! કથા એને બેનકાબ કરે છે. કોઈ આપતું નોતું કથા પરદા હટાવી દે છે. કોઈ બુદ્ધ પુરુષ જાણે છે, કે આપણામાં શું પડ્યું છે! અને એને પ્રગટ કરી આપણી જોળી સુખથી ભરી દે છે. ગુરુ દીક્ષા નો અર્થ જ એ છે, આત્મ તત્વ પરથી પડદો હટાવી દેવો, કે ખોલી નાખવો, પણ આપણું સુખ આપણને મહેસુસ થવું જોઈએ! ન થાય તો એ આપણી ત્રૂટિ છે, બુદ્ધ પુરુષની નહીં.

માનસમાં આવતા સાવધાન શબ્દનો સંદર્ભની ચર્ચા કરી કથા અને વિરામ તરફ આગળ વધારી,

ભગવાન રામ પોતાની સેના સાથે લંકામાં સુબેલ પર્વતના શિખર પર વિશ્રામ કરે છે રાવણના દરબારમાં અંગત રાજ દુધ તરીકે જાય છે સંધિ વિફળ રહી અને સંઘર્ષ અનિવાર્ય બન્યો યુદ્ધ ઘોષિત થયું ભયંકર યુદ્ધને અંતે રામે રાવણની નાભિ માં બાણ માર્યું. રાવણના અંતિમ સંસ્કાર થયા વિભીષણને લંકાનું રાત તિલક થયું. સીતાનું અગ્નિમાં છુપાયેલું સ્વરૂપ પ્રગટ થયું, અને ભગવાન મિત્ર સાથે પુષ્પક વિમાનમાં ઉડાન ભરે છે. હનુમાનજી અયોધ્યા પહોંચી ભગવાનના આવવાની ખબર આપે છે. ભગવાનનો 14 વરસ પહેલા થનારો રાજ્યાભિષેક થયો, ગુરુ વશિષ્ઠજીએ રામના બાલ પર રાજ તિલક કર્યું અને આમ રામરાજ્યની સ્થાપના થઈ. ચારે ઘાટ પરના વક્તાઓએ કથા અને વિરામ આપ્યો અને તુલસીદાસજીએ પણ કાગભુષંડી અને ગરુડના સાત સંશય વર્ધક પ્રશ્નોના જવાબ આપી કથાને વિરામ આપ્યો. તુલસીદાસજી પણ પોતાના મનને પ્રબોધ આપે છે. કથાના અંતે છેલ્લો મેસેજ રામને સ્મરો, રામને ગાઓ, રામને સાંભળો, આ ત્રણ વિધા જ મારા માટે સત્ય પ્રેમ અને કરુણા છે. સત્યમાં સ્મરણ છે, પ્રેમમાં ગાવાનું, અને કોઈની કરુણા હોય ત્યારે જ આપણે હરિકથા સાંભળી શકીએ છીએ. કરુણાનો પ્રસાદ શ્રવણ છે, આમ કહી કથાને વિરામ આપ્યો.

## અજમેર મંડળમાં મદાર-પાલનપુર સેક્શનમાં આરસીસી બૉક્સ લોન્ચિંગ કામ માટે બ્લૉકને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે



**અમદાવાદ, તા. 12**

ઉત્તર પશ્ચિમ રેલવેના અજમેર મંડળના મદાર-પાલનપુર રેલવે સેક્શન પર જવાલી અને રાની સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર 632 પર આરસીસી બૉક્સ લોન્ચિંગને લઈને 12 ડિસેમ્બર 2025 ના રોજ બ્લૉક લેવામાં આવ્યો છે. આ બ્લૉકને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે પ્રમાણે છે:

પૂર્ણરૂપે રદ ટ્રેનો

12 અને 13 ડિસેમ્બર 2025 ની ટ્રેન નંબર 14822 સાબરમતી-જોધપુર એક્સપ્રેસ રદ રહેશે.

11 અને 12 ડિસેમ્બર 2025 ની ટ્રેન નંબર 14821 જોધપુર-સાબરમતી એક્સપ્રેસ રદ રહેશે.

રિશિડ્યુલ ટ્રેનો

1. 12 ડિસેમ્બર 2025 ની ટ્રેન નંબર 19223 સાબરમતી-જમ્મૂતવી એક્સપ્રેસ સાબરમતીથી પોતાના નિર્ધારિત સમયથી 01 કલાક 45 મિનિટ મોડી ઉપડશે.
2. 12 ડિસેમ્બર 2025 ની ટ્રેન નંબર 19031 સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ સાબરમતીથી પોતાના નિર્ધારિત સમયથી 01 કલાકના વિલંબથી ઉપડશે.
3. 11 ડિસેમ્બર 2025 ની ટ્રેન નંબર 14701 શ્રીગંગાનગર-બાન્દ્રા ટર્મિનસ અરાવલી એક્સપ્રેસ શ્રીગંગાનગરથી પોતાના નિર્ધારિત સમયથી 04 કલાકના વિલંબથી ઉપડશે.
4. 12 ડિસેમ્બર 2025 ની ટ્રેન નંબર 14707 હનુમાનગઢ-દાદર રણકપુર એક્સપ્રેસ હનુમાનગઢથી પોતાના નિર્ધારિત સમયથી 01 કલાકના વિલંબથી ઉપડશે.
5. 12 ડિસેમ્બર 2025 ની ટ્રેન નંબર 09084 ભગત કી કોઠી-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ભગત કી કોઠીથી પોતાના નિર્ધારિત સમયથી 03 કલાકના વિલંબથી ઉપડશે.

માર્ગ પરિવર્તિત ટ્રેનો

11 ડિસેમ્બર 2025 ના રોજ બાન્દ્રા ટર્મિનસથી ચાલનારી ટ્રેન નંબર 20943 બાન્દ્રા ટર્મિનસ-ભગત કી કોઠી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-મારવાડ જં. - લૂની ને બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા-ભીલડી-લૂનીના રસ્તે ચાલશે.

11 ડિસેમ્બર 2025 ના રોજ હડપસરથી ચાલનારી ટ્રેન નંબર 20496 હડપસર-જોધપુર એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-મારવાડ જં. - લૂની ને બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા-ભીલડી-લૂનીના રસ્તે ચાલશે.

ટ્રેનોના રોકાણ, સમય અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# કપિલ શર્માને બરબાદ કરવાના સોગંદ કોણે લીધા હતા? : સફળતા મળતાં જ કોમેડિયન દારૂના નશામાં ચકચૂર રહેતો

કોમેડિયન કપિલ શર્માની ફિલ્મ 'કિસ કિસકો પ્યાર કરું 2' આજે એટલે કે 12 ડિસેમ્બરે રિલીઝ થઈ છે. કપિલ શર્મા છેલ્લે 2022માં ફિલ્મ ઝ્વીગાટોમાં જોવા મળ્યો હતો. કપિલ શર્મા કોમેડીનો બેતાજ બાદશાહ છે. અહીં સુધી પહોંચવા કપિલ શર્માએ અથાગ મહેનત કરી છે.'ફિલ્મી ફેમિલી'માં આજે આપણે વાત કરીશું. શર્મા પરિવારની. કપિલે કેમ પિતાના મોત માટે ભગવાનને પ્રાર્થના કરી? કપિલ કેમ ડિપ્રેશનમાં સરી પડ્યો? શાહરુખ-સલમાને કેવી રીતે કપિલને મદદ કરી? કપિલે પ્રીતિ સાથેના સંબંધો કેમ તોડ્યા? ગિન્ની ને કપિલની લવસ્ટોરી કેવી રીતે શરૂ થઈ? કપિલ શર્માનો જન્મ પંજાબી પરિવારમાં પંજાબના અમૃતસરમાં થયો. પિતા જીતેન્દ્ર કુમાર પંજાબ પોલીસમાં કોન્સ્ટેબલ હતા. માતા જાનકી રાની હોમ મેકર છે. જીતેન્દ્ર કુમાર ને જાનકી રાનીને ત્રણ સંતાનો, બે દીકરા અશોક ને કપિલ તથા એક દીકરી પૂજા. કપિલનો જન્મ 2 એપ્રિલ, 1981માં પંજાબના અમૃતસરમાં થયો. ઘરની આર્થિક સ્થિતિ ખાસ ના હોવાથી કપિલે દસમુ ધોરણ પાસ કરીને PCOમાં કામ કરવાની શરૂઆત કરી હતી. કપિલ શર્માએ શ્રીરામ આશ્રમ સીનિયર સેકન્ડરી સ્કૂલ તથા હિંદુ કોલેજમાંથી અભ્યાસ કર્યો છે. તેણે જલંધરમાંથી ફાઈન આર્ટ્સનો કોર્સ પણ કર્યો છે. 1997માં પિતાને કેન્સરનું નિદાન થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પરિવારની આર્થિક સ્થિતિ એવી કંઈ ખાસ હતી નહીં અને અધૂરામાં પુરૂ ઘરના મોભી બીમાર પડતા થોડી ઘણી બચત પણ વપરાઈ ગઈ. જીતેન્દ્ર કુમારને લાસ્ટ સ્ટેજનું કેન્સર હતું અને તબિયત અચાનક લથડતા 2004માં તેમને દિલ્હીની AIIMS હૉસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા. કપિલે પિતા સાથે ઘણો જ ઓછો સમય પસાર કર્યો હતો, પરંતુ તેમના અંતિમ સમયમાં તે સતત સાથે હતો. કપિલને હંમેશાં એ વાતનો ડર હતો કે પિતા પોલીસમાં છે તો તે ઘણાં જ કડક હશે. અંતિમ સમયમાં પિતાની હાલત ઘણી જ ખરાબ હોવાથી તે તેમનું દર્દ જોઈ શકતો નહોતો અને આ જ કારણે તેણે ભગવાનને પ્રાર્થના કરી હતી કે પિતાનું જલદી અવસાન થાય.

જીતેન્દ્ર કુમાર પગાર થાય એટલે મહિનાના શરૂઆતના બે દિવસ દારુ પીતા અને ચિકન લાવતા. જ્યારે તેમણે કેન્સર થયું ત્યારે તેમને દારુ પીવાની ચોખ્ખી ના પાડવામાં આવી હતી, પરંતુ તે પરિવારથી છુપાઈને મહિનાના બે દિવસ પીતા. એકવાર કપિલે પિતાને રંગેહાથે પકડી પાડ્યા, ત્યારે તેમણે ઘણી જ સહજતાથી એવો જવાબ આપ્યો હતો કે તે ગમે ત્યારે તેમનું મૃત્યુ થવાનું છે એટલે જેટલા દિવસ છે તેટલા દિવસ જીવનને માણી લેવા દે. પિતાના અવસાન બાદ કપિલ શર્મા શ્રાદ્ધમાં એક ફ્રૂટવાળાને દારૂની બોટલ આપતો. આ ફ્રૂટવાળો તેના પિતાનો ખાસ મિત્ર હતો. એક સમયે તે બદામનો બિઝનેસ કરતો અને ઘરમાં બદામ આપી જતો. જોકે, પછી બિઝનેસમાં નુકસાન જતાં તે ફ્રૂટ્સ વેચવા લાગ્યો. પિતાના અવસાન બાદ શ્રાદ્ધમાં જાનકી રાની મંદિરમાં પૂજા કરતાં તો કપિલ તેને દારૂની બોટલ આપતો. કપિલ શર્મા પંજાબમાં નાના નાના ફંક્શનમાં ગીતો ગાતો. આ દરમિયાન તે થોડી ઘણી કોમેડી પણ કરતો. આ દરમિયાન તેણે પંજાબી શો 'હસદે હસાંદે રાવો' નામનો કોમેડી શો કર્યો. પછી 2007માં 'ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ'ની ત્રીજી સિઝનનો વિનર રહ્યો. કપિલને વિનિંગ પ્રાઈઝમાં 10 લાખ રૂપિયા મળ્યા. કપિલે આ રૂપિયામાંથી બહેન પૂજાના લગ્ન ધૂમધામથી કરાવ્યા હતા. કપિલ શર્મા મુંબઈમાં સિંગર બનવા આવ્યો હતો, પરંતુ તે સિંગરને બદલે કોમેડિયન બની ગયો. આ શો જીત્યા બાદ તે 'કોમેડી સર્કસ'ની છ સિઝન જીત્યો. આ દરમિયાન કપિલ શર્મા અલગ-અલગ કોમેડી શોમાં જોવા મળ્યો. આટલું જ નહીં તે સિગિંગ રિયાલિટી શો



'સ્ટાર યા રૉકસ્ટાર'માં રનર-અપ રહ્યો હતો. કપિલ શર્મા પહેલી જ વાર મુંબઈ ગ્રેજ્યુએશન પૂરું થયા બાદ વેકેશનમાં આવ્યો હતો. આ સમયે તેની પાસે ખિસ્સામાં 1200 રૂપિયા હતા. કપિલે પંજાબમાં મુંબઈ અંગે અલગ-અલગ વાતો સાંભળી હતી. તેના મનમાં એમ જ હતું કે મુંબઈમાં અંડરવર્લ્ડ ડૉન ફરતા હોય અને ગમે ત્યારે પૈસા ઝૂંટવી લે. આ જ કારણે કપિલે 1200 રૂપિયા અંડરવિયરમાં છુપાવીને રાખ્યા હતા.

2013માં કપિલ શર્માએ K9 પ્રોડક્શન હાઉસ શરૂ કર્યું અને આ બેનર હેઠળ પોતાનો પહેલો શો 'કોમેડી નાઈટ્સ વિથ કપિલ' શરૂ કર્યો. આ શો પહેલા જ એપિસોડથી સુપરડુપર હિટ રહ્યો. 2013થી કપિલ શર્માનું નસીબ પલટાયું અને તે ભારત જ નહીં, દુનિયાભરમાં લોકપ્રિય થયો. 2015માં કપિલ શર્માએ ફિલ્મ 'કિસ કિસકો પ્યાર કરું'થી બોલિવૂડ ડેબ્યૂ કર્યું. અબ્બાસ મસ્તાનની આ ફિલ્મમાં એલી અવરામ, મંજરી ફડનવીસ. સાઈ લોકુર તથા સિમરન કૌર હતા. કપિલની એક્ટિંગના વખાણ કરવામાં આવ્યા, પરંતુ બોક્સઑફિસ પર ફિલ્મ ખાસ ચાલી નહીં. અલબત્ત, કપિલે ત્યારબાદ કેટલીક ફિલ્મમાં કામ કર્યું, પરંતુ બોક્સઑફિસ પર સફળ થઈ નહીં. 2022માં કપિલે ડિરેક્ટર મૃગદિપ સિંહ લામ્બા સાથે મળીને પોતાની બાયોપિક 'ફનકાર'ની જાહેરાત કરી હતી. કપિલ શર્માની સિગિંગ કરિયરની વાત કરીએ તો તેણે ગુરુ રંધાવા સાથે 2023માં ગીત 'અલોન..' ગાયું હતું. કપિલ શર્મા પ્રોફેશનલ લાઈફની સાથે સાથે એક સમયે પર્સનલ લાઈફને કારણે પણ ખાસ્સો વિવાદમાં રહેતો. એક સમય એવો હતો કે કપિલ ચિક્કાર દારૂ પીને પડી રહેતો. કપિલ શર્માના સેટ પર 2013માં શોર્ટ સર્કિટને કારણે ભયાનક આગ લાગી હતી. આગને કારણે કપિલ શર્મા શોનો આખો સેટ બળીને ખાક થઈ ગયો હતો. કપિલને 20 કરોડ રૂપિયા જેટલું નુકસાન થયું હતું. કપિલના આ મુશ્કેલ સમયમાં સલમાન તથા શાહરુખ પડખે ઊભા રહ્યા હતા. સલમાન આ શોનો પ્રોડ્યુસર બન્યો અને શાહરુખે પણ નવો સેટ બનાવવામાં મદદ કરી હતી. કપિલના જીવનમાં વિવાદની શરૂઆત 2017માં થઈ હતી. આ સમયે કપિલ શર્માને દારૂની ખરાબ લત લાગી ગઈ હતી. દારૂમાં ધૂત કપિલ શર્મા ગમે ત્યારે ગમે તેની સાથે ખરાબ વર્તન કરતો. માર્ચ, 2017માં કપિલ પોતાના શોની પૂરી ટીમ સાથે ઓસ્ટ્રેલિયા ગયો હતો અને ત્યાં પર્ફોર્મ કર્યા બાદ ફ્લાઈટમાં પરત આવતો હતો. આ દરમિયાન કપિલે દારૂ પીધો હતો અને સુનીલ ગ્રોવરે તેને વધુ દારૂ ન પીવાની વાત કરી હતી. આ વાતથી રોષે ભરાઈને કપિલે સુનીલ પર પગમાંથી શૂઝ કાઢીને છૂટ્ટૂ તેની પર ફેંક્યું હતું અને બંને વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી અને વાત મારા-મારી સુધી પહોંચી ગઈ હતી. શોની ટીમે બંનેને અલગ પાડ્યા હતા. ભારત આવ્યા બાદ બંને વચ્ચે કંઈક થયું હોવાની વાત વહેતી થઈ, પરંતુ કપિલે કંઈ જ ન થયું હોવાની વાત કરીને વાતને છુપાવવાનો પ્રયાસ કર્યો. સુનીલે કપિલના શોમાં કામ કરવાની ચોખ્ખી ના પાડી દીધી. કપિલને પોતાની ભૂલ સમજાતા તેણે સો.મીડિયામાં પોસ્ટ શૅર કરીને સુનીલ ગ્રોવરની માફી માગી. જોકે, સુનીલ ગ્રોવર કોમેડિયનને માફ કરવાના બિલકુલ મૂડમાં નહોતા. સુનીલને મનાવવાના ખાસ્સા પ્રયાસો કરવામાં આવ્યા, પરંતુ તેણે કપિલ સાથે વાત કરવાની ચોખ્ખી ના પાડી દીધી. આ દરમિયાન તેઓ ક્યારેક પાર્ટી કે ઈવેન્ટમાં મળતા. અલબત્ત, ઝઘડના સાત વર્ષ બાદ 2024માં સુનીલે ફરીથી કપિલના શોમાં કામ કરવાની શરૂઆત કરી. 2017માં કપિલ શર્મા દારૂ નશામાં ચકચૂર રહેવા લાગ્યો. સ્ટાર્સ શોમાં આવે, પરંતુ કપિલ શૂટિંગ જ કરે નહીં. અજય દેવગન, શાહરુખ ખાન, કંગના રનૌત સહિતના ઘણા સ્ટાર્સ કપિલના શોમાં આવીને કલાકો રાહ જુએ, પરંતુ કોમેડિયન કોઈ જવાબ ના આપે અને પછી તેઓ કંટાળીને જતા રહે.

અવૉર્ડ શોમાં એક્ટ્રેસ સાથે ગેરવર્તન કર્યું

2015માં કપિલ શર્માએ આંતરરાષ્ટ્રીય મરાઠી ફિલ્મ ફેસ્ટિવલમાં ચિક્કાર દારૂ પીધો હતો. આ જ કારણે તે ભાનમાં નહોતો. તેણે ફિલ્મ ફેસ્ટિવલમાં હાજર એક્ટ્રેસિસ મોનાલી ઠાકુર તથા તનીષા મુખર્જી સાથે ગેરવર્તન કર્યું હતું. ફિલ્મ ફેસ્ટિવલમાં કોઈ તમાશો ના થાય એટલે એક્ટ્રેસિસ ચૂપચાપ ત્યાંથી નીકળી ગઈ હતી. જ્યારે કપિલને આ અંગે સવાલ કરવામાં આવ્યો તો તેણે હસીને વાત ટાળી દીધી હતી. થોડા સમય બાદ કપિલે સો.મીડિયામાં પોસ્ટ શૅર કરી હતી, 'હું પડું છું, ઊઠું છું, ભૂલો કરું છું, શીખું છું, જીતુ છું, દુઃખી છું પણ હું જીવિત વ્યક્તિ છું. હું પર્ફેક્ટ હોઈ શકું નહીં, પરંતુ હું આભારી છું. કપિલની આ પોસ્ટને માફી તરીકે જોવામાં આવી હતી.

દારૂના નશાને કારણે કપિલ શર્મા ડિપ્રેશનમાં સરી પડ્યો હતો. બોલિવૂડ ફિલ્મ ખાસ ચાલી નહોતી અને શોમાંથી સુનીલ ગ્રોવર નીકળી જવાને કારણે TRPની રેસમાં ખાસ્સો પાછળ રહી જવાને કારણે બંધ કરી દેવામાં આવ્યો હતો. આ બધાને કારણે કપિલની તબિયત સતત બગડતી જતી હતી. તેનું વજન પણ ખાસ્સું વધી ગયું હતું. આ જ કારણે કપિલ શર્મા કર્ણાટકમાં આવેલા આયુર્વેદિક આશ્રમમાં દારૂની લત છોડાવવા માટે દાખલ થયો હતો. આખી ટ્રીટમેન્ટ 40 દિવસની હતી, પરંતુ કપિલ 12 દિવસમાંથી ત્યાંથી ભાગીને ઘરે આવી ગયો. કપિલ શર્માએ પછી કહ્યું હતું કે તેને ત્યાં હાઈ બ્લડ પ્રેશર તથા અન્ય બીમારીઓ થઈ હતી અને તેને કારણે જ ત્યાંથી આવી ગયો. 2015માં કપિલ શર્માએ નોર્થ અમેરિકામાં છ લાઈવ શો સાઈન કર્યા હતા. ઈવેન્ટ ઓર્ગેનાઈઝર અમિત જેટલીએ પછી આક્ષેપ કર્યો કે કપિલે એક પણ શહેરમાં પર્ફોર્મ કર્યું નહીં. ત્યારબાદ અમિત જેટલીએ કપિલ શર્મા વિરુદ્ધ ન્યૂ યોર્કની કોર્ટમાં કેસ કર્યો હતો. કેસ કર્યા બાદ કપિલે તેના ફોન લેવાના બંધ કરી દીધા હતા અને હાલમાં ન્યૂ યોર્કની કોર્ટમાં કપિલ વિરુદ્ધનો કેસ પેન્ડિંગ છે. કપિલ શર્માનું વજન વધી જતા તેણે 92 કિલોથી 81 કિલો જેટલું વજન કર્યું હતું. તેણે ડાયટ વગર વજન ઘટાડ્યું હતું.

# ગુજરાતમાં આગામી તા. ૧૧ થી ૨૩ ડિસેમ્બર દરમિયાન રાજ્યવ્યાપી સશક્ત નારી મેળાનું આયોજન

**નડિયાદ, તા. 12**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત, મહિલા-નેતૃત્વ વિકાસ અને સ્વદેશી સશક્તિકરણના દૂરંદેશી વિઝનને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાતમાં આગામી તા. ૧૧ ડિસેમ્બરથી તા. ૨૩ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન રાજ્યવ્યાપી સશક્ત નારી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ખેડા જિલ્લામાં પણ તા ૧૯ ડિસેમ્બર થી ૨૧ ડિસેમ્બર સુધી ઈપ્કોવાલા હોલ, મેદાન ખાતે સશક્ત નારી મેળાનું આયોજન કરવામાં આવશે. આ બાબતે સુચારુ અમલીકરણ માટે અધિક નિવાસી કલેક્ટર શ્રી જે.બી. દેસાઈની અધ્યક્ષતામાં કલેકટર કચેરી નડિયાદ ખાતે બેઠક યોજાઈ હતી. બેઠકમાં સ્ટોલ વ્યવસ્થાપન, ઈલેક્ટ્રીસિટી, ફાયર સેફ્ટી, સ્ટેજ, પીવાનું પાણી, સ્વચ્છતા, મોબાઈલ ટોયલેટ, સ્ટોલ ધારકોની યાદી, મહિલા અગ્રણીઓનું સન્માન જેવા અગત્યના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી લલિત પટેલ, નાયબ કલેક્ટર લેન્ડ રિફોર્મ શ્રી એચ.કે. ગઢવી, ડેપ્યુટી કમિશનર શ્રી આનંદ ઉકાણી સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. સશક્ત નારી મેળા થકી મહિલા ઉદ્યોગસાહસિકો, લખપતિ દીદીઓ, ડ્રોન દીદીઓ, સ્વ-સહાય જૂથો (SHGs), મહિલા ખેડૂતોને સહકારી સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ અને વ્યાવસાયિકો દ્વારા પાયાના સ્તરે લાવવામાં આવી રહેલા પરિવર્તનકારી બદલાવને પ્રોત્સાહન આપવામાં આવશે. મહિલા સશક્તિકરણ, સ્થાનિક ઉત્પાદન, ઉદ્યોગસાહસિકતા અને સ્વદેશી મૂલ્યો પર કેન્દ્રિત આ જિલ્લા-સ્તરીય મેળો આર્થિક ભાગીદારીને પણ વેગ આપશે અને રાજ્યની લાખો મહિલાઓ માટે




પ્રેરણા સ્ત્રોત બનશે. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલા-આગેવાની હેઠળના આર્થિક અને સામાજિક સશક્તિકરણ માટે જિલ્લા-સ્તરીય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. અન્ય મહત્વના ઉદ્દેશોમાં સ્વદેશી ઉત્પાદનો, સ્થાનિક હસ્તકલા અને SHG ઉત્પાદનોને પ્રોત્સાહન આપવું, મહિલા-કેન્દ્રિત સરકારી યોજનાઓ, સ્ટાર્ટઅપ સપોર્ટ અને આજીવિકા કાર્યક્રમો વિશે જાગૃતિ ફેલાવવી તથા લખપતિ દીદીઓ, ડ્રોન દીદીઓ અને પ્રગતિશીલ મહિલા ખેડૂતોની સિદ્ધિઓને સન્માનિત કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મેળામાં મહિલા નેતાઓ અને ઉદ્યોગસાહસિકોને ઉભરતી પ્રતિભા સાથે જોડીને કૌશલ્ય વિકાસ, બજાર જોડાણો, ડિજિટલ સાક્ષરતા અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. મેળામાં વિવિધ ઘટકો દ્વારા મહિલાઓના યોગદાનને ઉજાગર કરવામાં આવશે, સ્વદેશી પ્રદર્શન પેવેલિયન: મહિલા SHGs, લખપતિ દીદીઓ, મહિલા સ્ટાર્ટઅપ્સ અને મહિલા ખેડૂતોના ઉત્પાદનોના સ્ટોલ્સ ઉભા કરવામાં આવશે, જેમાં હસ્તકલા, ખાદ્ય પ્રક્રિયા અને મિલેટ-આધારિત ઉત્પાદનોના જીવંત પ્રદર્શનો યોજાશે. અહીં વેચાણ કાઉન્ટર અને B2B લિન્કેજ ડેસ્કની પણ વ્યવસ્થા હશે. મોટા જિલ્લાઓમાં ૧૦૦ સ્ટોલ અને નાના જિલ્લાઓમાં ૫૦ સ્ટોલનું આયોજન કરાશે. માહિતી અને જાગૃતિ કાઉન્ટર: મહિલાઓ માટેની સરકારી યોજનાઓ, સ્ટાર્ટઅપ સપોર્ટ, નાણાકીય સમાવેશ, કૌશલ્ય વિકાસ, પોષણ અને ડિજિટલ સાક્ષરતા અંગેની માહિતી આપવામાં આવશે. પ્રેરણાત્મક ટોક શો: મહિલા રાજકીય નેતાઓ, વરિષ્ઠ મહિલા અમલદારો, સફળ મહિલા ઉદ્યોગસાહસિકો અને પ્રભાવકો દ્વારા સ્વદેશી ઉદ્યોગસાહસિકતા, નેતૃત્વ અને ડિજિટલ તકો પર સત્રો યોજાશે. સન્માન સમારોહ: જિલ્લા સ્તરે લખપતિ દીદીઓ, ડ્રોન દીદીઓ, પ્રગતિશીલ મહિલા ખેડૂતો અને વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર મહિલાઓનું સન્માન કરવામાં આવશે. નેટવર્કિંગ અને માર્કેટ લિન્કેજ પ્રવૃત્તિઓ: બાયર-સેલર મીટ, ઈ-કોમર્સ પ્લેટફોર્મ સાથે જોડાણ અને બેંક/NBFC લિન્કેજ ડેસ્ક દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકોને બજારની તકો પૂરી પાડવામાં આવશે.

## અમદાવાદ-તિરૂચિરાપલ્લી અઠવાડિક એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે

**અમદાવાદ-તિરૂચિરાપલ્લી અઠવાડિક એક્સપ્રેસ સ્પેશિયલ ટ્રેન પરિવર્તિત માર્ગથી ચાલશે.**

**અમદાવાદ, તા. 12**

દક્ષિણ રેલવેના ચેન્નાઈ એગ્મોર સ્ટેશન પર પુનઃવિકાસ કામ હેઠળ પ્લેટફોર્મ નંબર 5 અને 6 પર કરવામાં આવી રહેલા કામોને લીધે 60 દિવસોનો બ્લૉક લેવામાં આવ્યો છે, જેના કારણે અમદાવાદ-તિરૂચિરાપલ્લી અઠવાડિક એક્સપ્રેસ સ્પેશિયલ ટ્રેન પરિવર્તિત માર્ગથી ચાલશે. જેની વિગતો નીચે મુજબ છે :- ટ્રેન નંબર 09419 અમદાવાદ-તિરૂચિરાપલ્લી અઠવાડિક એક્સપ્રેસ સ્પેશિયલ 18 ડિસેમ્બર 2025 થી 29 જાન્યુઆરી 2026 સુધી પરિવર્તિત માર્ગ વાયા રેનિગુંટા-અરક્કોણમ નૉર્થ કેબિન-મેલપક્કમ-કાટપાડી-વેલૂર કેન્ટ-વિલ્લુપુરમના રસ્તે ચાલશે. દરમિયાન આ ટ્રેન અરક્કોણમ,પેરમ્બૂર, ચેન્નાઈ એગ્મોર, તામ્બરમ અને ચેંગલપટ્ટૂ સ્ટેશનો પર નહીં જાય. ટ્રેન નંબર 09420 તિરૂચિરાપલ્લી-અમદાવાદ અઠવાડિક સ્પેશિયલ 21 ડિસેમ્બર 2025 થી 02 ફેબ્રુઆરી 2026 સુધી પરિવર્તિત માર્ગ વાયા વેલૂર કેન્ટ-કાટપાડી-મેલપક્કમ-અરક્કોણમ નૉર્થ કેબિન-રેનિગુંટાના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન ચેંગલપટ્ટૂ-તામ્બરમ અને ચેન્નાઈ એગ્મોર, પેરમ્બૂર, અરક્કોણમ સ્ટેશનો પર નહીં જાય. માર્ગ પરિવર્તન દરમિયાન આ ટ્રેનને તિરૂત્તણિ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. ટ્રેનોના રોકાણ, માર્ગ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## દાહોદ પોલીસનો ટેકનોલોજી તરફ દ્રઢ મોખરું કદમ : AI આધારિત થર્મલ ડ્રોનથી સરહદી ગુનાઓ પર કડક આંખ



**ઝાલોદ, તા. 12**

આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લામાં સ્થાનિક પોલીસ જવાનો નવીન ટેકનોલોજી સાથે અપગ્રેડ – નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા કાર્યની ખુલ્લી પ્રશંસા, મધ્ય ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં પોલીસ દળ હવે આધુનિક યુગની ટેકનોલોજી સાથે સજ્જ થઈને ગુનાખોરી પર સખત નજર નાંખી રહ્યું છે. ખાસ કરીને સરહદી વિસ્તારોમાંથી થતી વિદેશી દારૂ, અફીણ, ડ્રગ્સ જેવા માદક પદાર્થોની હેરફેરને અટકાવવા માટે દાહોદ પોલીસ હવે AI બેઝ્ડ થર્મલ ઈમેજિંગ સાથે સજ્જ ડ્રોન કેમેરાનો સફળ ઉપયોગ કરી રહી છે. ટેકનોલોજી આધારિત આવા પ્રયોગો માત્ર રાજ્યમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ વખાણાઈ રહ્યા છે. દરરોજ બદલાતા ગુનાખોરીના સ્વરૂપને પહોંચી વળવા દાહોદ પોલીસ સતત પોતાના કાર્યમાં આધુનિક પદ્ધતિઓ અપનાવી રહી છે. થર્મલ ઈમેજિંગ ડ્રોનની મદદથી રાત્રિના સમયે છુપાયેલા ગુનેગારો, માદક પદાર્થોના સ્ટૉક અને હેરફેરના માર્ગોને ઝડપી ઓળખી શકાય છે, જેના કારણે અનેક ગુનાઓ સરળતાથી ઉકેલાઈ રહ્યા છે. એક વિશેષ કાર્યક્રમમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ દાહોદ પોલીસની આ સિદ્ધિની ખુલ્લેઆમ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે દાહોદ જેવા છેવાડાના જિલ્લામાંથી ભણતર મેળવીને ગુજરાત પોલીસમાં જોડાયેલા સ્થાનિક આદિવાસી પોલીસ જવાનો હવે ટેકનોલોજીને સારી રીતે અપનાવી રહ્યા છે. AI આધારિત સાધનોનો સદુપયોગ કરીને તેઓ ગુનેગારોને ઝડપી રહ્યા છે અને ગુનાઓને અપેક્ષિત ઝડપથી ઉકેલી રહ્યા છે. હર્ષ સંઘવીએ further જણાવ્યું કે આ સિદ્ધિ માત્ર દાહોદ જિલ્લાના ગૌરવમાં નહીં પરંતુ સમગ્ર ગુજરાત માટે પ્રેરણાસ્ત્રોતરૂપ છે. સ્થાનિક જવાનોની કાર્યક્ષમતા, સંકલ્પશક્તિ અને ટેકનોલોજીને અપનાવવાની ક્ષમતા દેશના અન્ય જિલ્લાઓ માટે પણ એક ઉત્તમ ઉદાહરણ છે. દાહોદ પોલીસની આ પ્રગતિશીલ કામગીરીએ જિલ્લાની સુરક્ષાત્મક વ્યવસ્થાને નવી દિશા આપી છે. સરહદી વિસ્તારોમાં ચેક્સ, પેટ્રોલિંગ અને ગૂપ્ત કામગીરીઓ વધુ મજબૂત બની છે. AI બેઝ્ડ ટેકનોલોજીનો કાર્યક્ષમ ઉપયોગ રાજ્યની કાયદો અને વ્યવસ્થા પ્રણાલી માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન તરીકે નોંધાયો છે.

## વ્યાયામ શાળા નિર્માણ માટે ઝાલોદના દાતારનું ઉદાર દાન, વાડીલાલ ખાતુભાઈ પટેલ દ્વારા BM હાઈસ્કૂલને 14 લાખનું દાન



**ઝાલોદ , તા. 12**


ઝાલોદ બી.એમ.એસ. હાઈસ્કૂલના વિકાસમાં એક મહત્વપૂર્ણ ઉમેરો કરતા વાડીલાલ ખાતુભાઈ પટેલ દ્વારા 14,00,000નું ઉદાર દાન આપી વ્યાયામ શાળા (જિમ્નેસિયમ)ના નિર્માણની સુંદર પહેલ કરવામાં આવી છે. આ વ્યાયામ શાળા બનાવવા માટે યોજાયેલા કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ હેમલ પંચાલ, તેમજ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તમામ કારોબારી સભ્યો દ્વારા દાતારના આકર્ષક અને પ્રેરણાદાયી દાનને વધાવી લેવાયું હતું તેમજ તેમનું સ્વાગત-સન્માન કરી કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. આ દાન મેળવવામાં કેળવણી મંડળના કારોબારી સભ્ય દિલીપભાઈ પટેલની મુખ્ય ભૂમિકા રહી હતી. મંડળની કામગીરી જોઈને પ્રભાવિત થયેલા દાતાર વાડીલાલ ખાતુભાઈ પટેલ આ પવિત્ર કાર્ય માટે સહર્ષ દાન આપવા તૈયાર થયા હતા. દાતારની આ ઉદાર પહેલ નગરજનોમાં પણ પ્રેરણા જગાવી છે, જેથી ભવિષ્યમાં કેળવણી મંડળને અન્ય વિકાસ કાર્યો માટે વધુ દાન મળે અને શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિના નવા માર્ગ મોકળા થાય. આવા પુણ્યકાર્યોથી સમાજના વિકાસમાં દાતાશ્રીનો ફાળો અનન્ય ગણાય છે.

## અમદાવાદ મંડળની ટાઇમ ટેબલ પાર્સલ સર્વિસ : નાના વ્યવસાયો માટે ઝડપી, સુરક્ષિત અને ભરોસાપાત્ર પરિવહન સેવા

**ગાંધીનગર, તા. 12**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ટાઇમ ટેબલ પાર્સલ સર્વિસ (ટ્રેન નંબર 00907) નું સંચાલન 21 સપ્ટેમ્બર 2025 થી સફળતાપૂર્વક કરવામાં આવી રહ્યું છે. આ સાપ્તાહિક ટાઈમ-ટેબલ્ડ પાર્સલ ટ્રેન દરેક રવિવારે કાંકરિયા (અમદાવાદ) થી પ્રસ્થાન કરીને સંકરૈલ (પશ્ચિમ બંગાળ) સુધી 2074 કિ.મી. નું અંતર ફક્ત 54 કલાક 45 મિનિટમાં પુરૂ કરે છે. આ ટ્રેનના માર્ગમાં આણંદ, ઉધના, ટાટાનગર અને ખડગપુર જેવા મુખ્ય વ્યવસાયિક સ્ટેશન પર નિર્ધારીત રોકાણ ઉપલબ્ધ છે, જેનાથી દેશના પશ્ચિમ અને પૂર્વ ભાગો વચ્ચે ઝડપી અને વિશ્વાસપાત્ર માલ લોડિંગ સુનિશ્ચિત થાય છે.

આ ટ્રેનમાં 20 પાર્સલ વેન (VP) છે જેમની પ્રત્યેક વેન ક્ષમતા 23 ટન છે. સિંગલ વેન (23 ટન) નું બુકિંગ પણ કરાવી શકાય છે. આ ટાઇમ ટેબલ પાર્સલ સર્વિસની શરૂઆત પછી



અમદાવાદ મંડળ સતત લોડિંગમાં મુખ્ય યોગદાન આપી રહ્યું છે. 20 પાર્સલ વેનના રેકમાં સરેરાશ 60-70% પાર્સલ સ્પેસનો પ્રભાવક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

નવેમ્બર 2025 માં ટાઇમ ટેબલ પાર્સલ સર્વિસની કુલ પાંચ ટ્રિપ સંચાલિત થઈ, જેનાથી રૂ. 0.79 કરોડનું પાર્સલ રેવેન્યુ પ્રાપ્ત થયું. નાના અને મધ્યમ વ્યવસાયોની વધતી લૉજિસ્ટિક માંગને ધ્યાનમાં રાખતાં આ સેવા શરૂ કરવામાં આવી છે.

આ સેવાએ અત્યાર સુધી 12 સફળ યાત્રાઓ પૂરી કરી છે, જેમાં 1,78,153 પેકેજોનું કુશળ હેન્ડલિંગ કરવામાં આવ્યુ તથા લગભગ 3000 ટન માલનું પરિવહન કરીને કુલ રૂ. 1.66 કરોડનું રેવેન્યુ પ્રાપ્ત કરવામાં આવ્યું. સતત 60% થી વધુ લોડિંગ ઉપલબ્ધ કરાવવું એ વાતનું પ્રમાણ છે કે આ સેવા બજારની જરૂરિયાતોને પૂર્ણરૂપે પૂરી કરી રહી છે.

આ ઝડપી, કિફાયતી અને સમયબદ્ધ સેવા નાના વ્યવસાયોને નીચેં જણાવ્યા મુજબના લાભ આપી રહી છે –

ઝડપી ડિલિવરી : ટાઈમ-ટેબલ્ડ સેવા હોવાને લીધે ઉત્પાદન પૂર્વી ભારતના બજારો સુધી નિશ્ચિત સમયમાં પહોંચી રહ્યા છે.

ઓછા ખર્ચમાં માલ લોડિંગ : રોડ પરિવહનની સરખામણીમાં વધુ સુરક્ષિત અને કિફાયતી વિકલ્પ ઉપલબ્ધ થઈ રહ્યું છે.

વ્યાપક બજાર પહોંચ : આણંદ, ઉધના, ટાટાનગર અને ખડગપુર જેવા મુખ્ય વ્યવસાયિક કેન્દ્રોથી સીધો સંપર્ક ના વેપારીઓને નવા ગ્રાહક અને નવા બજાર ઉપલબ્ધ કરાવી રહ્યો છે.

તાત્કાલિક સમાધાન અને સુગમ પ્રક્રિયા : અમદાવાદ મંડળ દ્વારા ગ્રાહકોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપતાં, સરળ બુકિંગ, ઝડપી પ્રતિક્રિયા અને સુવ્યવસ્થિત પાર્સલ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ મંડળની આ શરૂઆત નાના વેપારીઓ, સ્ટાર્ટઅપ્સ, ઈ-કોમર્સ વિક્રેતાઓ અને સ્થાનિક ઉદ્યોગો માટે એક પ્રભાવી, ઝડપી અને ભરોસાપાત્ર પરિવહન સુવિધા રૂપે પ્રસ્તુત થઈ રહી છે. મંડળ આગળ પણ સમય-સંવેદિત લૉજિસ્ટિક્સને પ્રોત્સાહન આપતાં વ્યવસાયોને વધુ પ્રતિસ્પર્ધી અને સક્ષમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

**નેગેટિવિટીને પોઝિટિવિટીમાં બદલીને વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરીશું : મુખ્યમંત્રીશ્રી**

# ગુજરાત મીડિયા ક્લબ આયોજિત 'ભારતકૂલ અધ્યાય-૨' કાર્યક્રમનો અમદાવાદમાં પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

## ગુજરાતના વિકાસમાં 'ભાવ, રાગ અને તાલ' નું મહત્વ : નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, સનાતન મૂલ્યોના જતન સાથે યુવા શક્તિ સમય સાથે કદમ મિલાવે: મુખ્યમંત્રીશ્રી

**ગાંધીનગર, તા. 12**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત ’ભારતકૂલ અધ્યાય-૨’ના શુભારંભ પ્રસંગે માધ્યમોની કામગીરીની સરાહના કરતાં કહ્યું કે રાજ્યના વિકાસમાં મીડિયાની ભૂમિકા સહાયકની છે. સરકાર હંમેશાં નાગરિકોની સુખાકારી માટે પ્રયત્નશીલ છે, ત્યારે નીતિઓમાં સુધારા અને લોકકલ્યાણ માટે યોગ્ય ટીકા જરૂરી છે, પણ તેની પાછળનો ભાવ હકારાત્મક હોવો જોઈએ. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં વર્ષ-૨૦૨૫ ભારતના ગૌરવને ઉજાગર કરવાનું વર્ષ બની રહ્યું છે. આ વર્ષે આપણે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી, સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતી અને આપણા રાષ્ટ્રીય ગીત વંદે માતરમના ૧૫૦ વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે એકતાનગર ખાતે ગત મહિને યોજાયેલા ’રાષ્ટ્રીય જનજાતિ ગૌરવ દિવસ’ અને ભવ્ય ’ભારત પર્વ’ જેવા કાર્યક્રમોમાં અનેકતામાં એકતાનો ભાવ પ્રદર્શિત કરતી સાંસ્કૃતિક ઝલક લોકોને જોવા મળી હતી અને ભારતીય પરંપરા પુનર્જીવિત થઈ હતી. મુખ્યમંત્રીશ્રીએ ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વ સમજાવતા કહ્યું હતું કે વિશ્વમાં ભારતની ઓળખ તેની પ્રાચીન અને પરમ સત્ય તરફ લઈ જનારી સંસ્કૃતિને કારણે જ છે. તેમણે સ્વામી વિવેકાનંદનું ઉદાહરણ આપતા કહ્યું કે જ્યારે તેમણે પશ્ચિમના લોકોને માત્ર ભારતીય સંસ્કૃતિની એક નાની ઝલક જ આપી હતી, જેનાથી તેઓ અભિભૂત થઈ ગયા હતા. જે લોકો તેમાં ઊંડા ઉતર્યા, તેમણે પોતાનું જીવન આ સંસ્કૃતિને સમર્પિત કરી દીધું. તારે નવી પેઢીને આપણી સનાતન સભ્યતાનાં મૂળ મૂલ્યોનો પરિચય થાય, તે પણ ખૂબ જ આવશ્યક છે.શ્રી પટેલે ભારતકૂલના આ બીજા અધ્યાયના આયોજન બદલ ગુજરાત મીડિયા ક્લબ અને ગુજરાત યુનિવર્સિટીને અભિનંદન પાઠવી, યુવા શક્તિને તેમના સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડાવા બદલ આ કાર્યક્રમને એક યોગ્ય મંચ ગણાવ્યો હતો.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે દેશને આગળ લઈ જવા અને વડાપ્રધાનશ્રીના ’વિકસિત ભારત’ના સ્વપ્નને સાકાર કરવા માટે સૌએ સાથે મળીને કામ કરવું પડશે. જો આ સંકલ્પ સાથે આગળ વધીશું, તો વિકસિત ભારત@૨૦૪૭નું સ્વપ્ન અચૂક સાકાર થશે જ અને તેમાં ગુજરાત અગ્રેસર હશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આ માટે મુખ્યમંત્રીશ્રીએ યુવાશક્તિએ સમય સાથે કદમ મિલાવીને સ્વદેશી, સાંસ્કૃતિક મૂલ્યોના જતન અને ગુલામીની માનસિકતામાંથી મુક્તિ જેવા



સંકલ્પો સાથે વિકાસના પંથે આગળ વધવા અનુરોધ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગુજરાતના વિકાસમાં ’ભાવ, રાગ અને તાલ’ને મહત્વના ગણાવી ભારતકૂલના કાર્યક્રમમાં ’ભાવ, રાગ અને તાલ’ જેવા અદભુત વિષયોની પસંદગી બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસની હરણફાળની જે રીતે શરૂઆત કરાવી, તેની પાછળ રાજ્યના વિકાસનો ભાવ મુખ્ય હતો. તેમના મતે, પોતાના રાજ્ય માટે કંઈક સારું થાય તો ખુશી થવી જોઈએ અને કંઈ ખરાબ થાય તો દુઃખ થવું જોઈએ, આ જ ભાવના વિકાસ માટે અનિવાર્ય છે. આ ત્રણેય વિષયો-ભાવ, રાગ અને તાલ પર યુવાનો વધુમાં વધુ જોડાય તે માટેના પ્રયાસોની તેમણે સરાહના કરી હતી. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળની સરકારમાં સંસ્કૃતિ, વિરાસત, રાગ અને તાલના ક્ષેત્રે થયેલા અદભુત કાર્યોની તેમણે નોંધ લીધી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ખાસ કરીને વડનગરમાં દેશનું સૌથી મોટું મ્યુઝિક સ્ટુડિયો બનવા જઈ રહ્યો હોવાની અને વડોદરામાં પણ સમાન વ્યવસ્થાઓ ઊભી થઈ રહી હોવાની જાણકારી આપી હતી.

તેમણે જણાવ્યું કે છેલ્લાં ૩૦ વર્ષમાં સંસ્કૃતિ સંવર્ધન સહિતનાં ક્ષેત્રોમાં જેટલું કામ થયું છે, તે નરેન્દ્રભાઈ મોદીના શાસનની શરૂઆતથી આજ સુધી નિરંતર ચાલુ છે. તેમણે રિસર્ચ ડોક્યુમેન્ટ અને ચર્ચામાંથી નીકળેલા સૂચનોને સરકારને સોંપવા વિનંતી કરી, જેથી આ વિષયો માત્ર કાર્યક્રમો પૂરતા સીમિત ન રહે અને તેમને સરકારનાં કાર્યોમાં જોડી શકાય.નાયબ મુખ્યમંત્રીશ્રી સંઘવીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો તેમની ટીમ-લીડર તરીકેની ભૂમિકા માટે આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ક્લીન હાર્ટ અને સચોટ સારા વ્યક્તિ તરીકે છેલ્લાં ત્રણ વર્ષથી કામ કરી રહેલા મુખ્યમંત્રીશ્રીને ધારાસભ્યો અને રાજ્યના નાગરિકો વતી અભિનંદન પાઠવ્યા હતા અને સરકારમાં ટીમને વિશ્વાસ આપીને વધુમાં વધુ તાકાત આપવા બદલ રાજ્યના નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત બીએપીએસ સંસ્થાના સંત બ્રહ્મવિહારી સ્વામીએ વર્તમાન સમયમાં મીડિયાના મહત્ત્વ વિશે વાત કરતાં કહ્યું કે સત્યને ઉજાગર કરવું એ માધ્યમોનો ધર્મ છે. આ માટે સતત સવાલો પૂછવા જોઈએ. પરંતુ, સાથે-સાથે ‘સ્વ’ને પણ સવાલો પૂછતા રહેવા તેમણે માર્મિક ટકોર કરી હતી. ગુજરાતથી શરૂ કરેલી વિકાસયાત્રાથી આગળ વધીને ભારતને ફરી વિશ્વગુરુ બનાવવા માટે વડાપ્રધાનશ્રી મોદીના પ્રયાસોની તેમણે સરાહના કરી હતી. તેમણે પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. અબ્દુલ કલામનું ઉદાહરણ ટાંકીને રાજ્ય અને દેશના વિકાસમાં સહભાગી થવા સૌને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત મીડિયા ક્લબના પ્રમુખ શ્રી નિર્ણય કપૂરે સંસ્થાનાં કાર્યો તથા ’ભારતકૂલ’ કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે ગયા વર્ષે જ્યાંથી પ્રથમ અધ્યાયને અલ્પવિરામ મૂક્યું હતું, ત્યાંથી બીજો અધ્યાય આગળ વધી રહ્યો છે. તેમણે આ આયોજનને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતું માધ્યમ ગણાવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદ શ્રી પરિમલ નથવાણી, ગુજરાત મીડિયા ક્લબના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી દીક્ષિત સોની, જનરલ સેક્રેટરી શ્રી સંજય પાંડે, ભારતકૂલના ફાઉન્ડર શ્રી મલ્હાર દવે તેમજ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાકર્મીઓ તેમજ સાહિત્યરસિકો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## ભારતીય બોલરનો સૌથી શરમજનક રકોર્ડ

# અર્શદીપે 7 વાઈડ નાખ્યા, 13 બોલની એક ઓવર; બુમરાહે પહેલીવાર ટી-20 ઈનિંગમાં 4 સિક્સર આપી

**મુંબઈ, તા. 12**

ટીમ ઈન્ડિયા મુલ્લાંપુર સ્ટેડિયમમાં પોતાની પહેલી ઈન્ટરનેશનલ મેચ હારી ગઈ. સાઉથ આફ્રિકાએ બીજી T20માં ભારતને 51 રનથી હરાવીને સિરીઝમાં 1-1ની બરાબરી કરી લીધી. પ્રોટિયેઝે પહેલા બેટિંગ કરતા 213 રન બનાવ્યા, જેના જવાબમાં ભારતીય ટીમ 19.1 ઓવરમાં 162 રન પર ઓલઆઉટ થઈ ગઈ. મેચમાં ઘણા મોટા રેકોર્ડ અને રસપ્રદ મોમેન્ટ્સ જોવા મળી. ભારતને ઘરઆંગણે રનના હિસાબે સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો. જસપ્રીત બુમરાહે પોતાની T20 ઈન્ટરનેશનલ કારકિર્દીમાં પહેલીવાર એક ઈનિંગમાં 4 છગ્ગા આપ્યા. અર્શદીપ સિંહે એક ઓવરમાં 7 વાઈડ નાખ્યા, જેના કારણે તેની ઓવર 13 બોલની થઈ ગઈ. જ્યારે તિલક વર્માએ સાઉથ આફ્રિકા સામે T20માં કુલ 27 છગ્ગા ફટકારીને ભારતીય બેટર્સમાં ટૉપ સ્થાન મેળવ્યું.

1. ભારતની T20માં ઘરઆંગણે સૌથી મોટી હાર

ભારતને ઘરઆંગણે સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો. આ પહેલા 4 ઓક્ટોબર 2022ના રોજ ઈન્દોરમાં પણ ભારતને સાઉથ આફ્રિકાએ 49 રનથી હરાવ્યું હતું.

2. તિલક વર્માએ SA સામે 27 સિક્સર ફટકારી

તિલક વર્માએ સાઉથ આફ્રિકા સામે T20Iમાં ભારત તરફથી સૌથી વધુ 27 સિક્સ ફટકારીને પ્રથમ સ્થાન મેળવ્યું. તેના પછી બીજા નંબરે સૂર્યકુમાર યાદવ છે, જેણે સાઉથ આફ્રિકા સામે 25 સિક્સ ફટકારી છે. ત્રીજા નંબરે સંજુ સેમસન છે, જેના નામે 19 છગ્ગા નોંધાયેલા છે.

3. બુમરાહને એક T20 ઈનિંગ્સમાં 4 સિક્સર લાગી

જસપ્રીત બુમરાહને તેના T20I કરિયરમાં પ્રથમ વખત એક જ ઈનિંગ્સમાં ચાર છગ્ગા પડ્યા. આ તેની 82મી T20 ઈન્ટરનેશનલ મેચ હતી. આ પહેલાં કોઈપણ મેચમાં તેને ત્રણથી વધુ છગ્ગા લાગ્યા ન હતા. તેનો અગાઉનો સૌથી ખરાબ રેકોર્ડ 2016માં વેસ્ટ ઈન્ડીઝ સામે હતો, ત્યારે તેને ત્રણ છગ્ગા પડ્યા હતા.

4. અર્શદીપે 13 બોલની ઓવર ફેંકી

અર્શદીપ સિંહે 13 બોલનો ઓવર ફેંકીને એક અનોખો રેકોર્ડ બનાવ્યો. પૂર્ણ સભ્ય દેશોની મેચમાં આ અત્યાર સુધીનો સૌથી લાંબી ઓવર રહી. સાઉથ આફ્રિકાની ઈનિંગ્સની 11મી ઓવરમાં અર્શદીપે 7 વાઈડ ફેંક્યાં, જેના કારણે ઓવર 13 બોલ સુધી લંબાઈ ગઈ. આ પહેલા આવો રેકોર્ડ 2024માં બન્યો હતો, જ્યારે અફઘાનિસ્તાનના નવીન-ઉલ-હકે હરારેમાં ઝિમ્બાબ્વે સામે 13 બોલની ઓવર ફેંકી હતી.

5. ભારતીય બોલરોએ 16 વાઈડ બોલ ફેંક્યા

ભારતે ગુરુવારે 16 વાઈડ બોલ ફેંક્યા, જે T20I ઈતિહાસમાં ટીમનો સંયુક્ત રીતે બીજો સૌથી ખરાબ દેખાવ છે. આ પહેલા ભારતે 2009માં મોહાલીમાં શ્રીલંકા સામે 17 વાઈડ ફેંક્યા હતા, જે હજુ પણ યાદીમાં ટોપ પર છે. 2018માં ચેન્નઈમાં વેસ્ટ ઈન્ડિઝ સામે પણ ભારતે 16 વાઈડ નાખ્યા હતા. જ્યારે 2007માં ડરબનમાં સાઉથ આફ્રિકા સામે રમાયેલી મેચમાં ભારતીય બોલરોએ 15 વાઈડ ફેંક્યા હતા.

6. ડી કોકે પાંચમી વખત ભારત સામે 50+ સ્કોર બનાવ્યો

ક્વિન્ટન ડી કોકે ભારત સામે ફરી શાનદાર બેટિંગ કરતા T20માં પોતાનો પાંચમો 50+ સ્કોર બનાવ્યો. ભારત સામે આટલી વાર 50+ રન બનાવનારા અન્ય ખેલાડીઓમાં નિકોલસ પૂરન અને જોસ બટલર પણ સામેલ છે, પરંતુ ફરક એ છે કે પૂરનને આ કરવામાં 20 ઈનિંગ્સ લાગી અને બટલરને 24 ઈનિંગ્સ. જ્યારે ડી કોકે માત્ર 12 ઈનિંગ્સમાં જ આ રેકોર્ડ હાંસલ કરી લીધો, એટલે કે ભારત સામે સૌથી ઝડપથી 5 વખત 50+ સ્કોર બનાવનાર ખેલાડી બની ગયો.

7. સાઉથ આફ્રિકાએ ભારત સામે T20Iમાં પોતાના બીજા સૌથી વધુ છગ્ગા ફટકાર્યા

સાઉથ આફ્રિકાએ ભારત સામેની આ મેચમાં 15 છગ્ગા ફટકારીને T20Iમાં પોતાના બીજા સૌથી વધુ છગ્ગાનો રેકોર્ડ બનાવ્યો. આ પહેલા તેમનો સૌથી મોટું પ્રદર્શન 2022માં ઈન્દોરમાં કર્યુ હતું, ત્યારે ટીમે એક જ ઈનિંગમાં 16 છગ્ગા ફટકાર્યા હતા.

1. યુવરાજ અને હરમનપ્રીતનાં નામ પર સ્ટેન્ડ

મેચ પહેલાં સ્ટેડિયમમાં પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર યુવરાજ સિંહ અને ભારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરના નામ પર નવા સ્ટેન્ડની શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ હાજર હતા.

2. યુવરાજે ટીમ ઈન્ડિયાના હર્ડલને સંબોધિત કર્યું

મેચ પહેલાં પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર યુવરાજ સિંહે ટીમ ઈન્ડિયાના હર્ડલને સંબોધન કર્યું અને ખેલાડીઓ સાથે વાતચીત કરી. આ પહેલાં યુવરાજે વુમન્સ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ખેલાડીઓને તે પ્રોત્સાહન રકમ પણ સોંપી, જેને સ્થાનિક સરકારે જાહેર કરી હતી.

# ઈન્ડિયાનો સા. આફ્રિકા સામે 51 રને પરાજય, છેલ્લે પાંચ રનમાં પાંચ વિકેટ ગુમાવી



**મુંબઈ, તા. 12**

ઈન્ડિયન ટીમ સાઉથ આફ્રિકા સામે બીજી T20 મેચ 51 રનથી હારી ગઈ. આનાથી 5 મેચની સિરીઝ 1-1ની બરાબરી પર આવી ગઈ છે. ત્રીજી મેચ 14 ડિસેમ્બરના રોજ ધર્મશાળામાં રમાશે. ગુરુવારે મુલ્લાનપુરમાં ભારતે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી, પરંતુ બોલરો તેનો ફાયદો ઉઠાવી શક્યા નહીં. અર્શદીપ-બુમરાહે ખૂબ રન આપ્યા. સાઉથ આફ્રિકાએ 213 રનનો સ્કોર બનાવ્યો. ક્વિન્ટન ડી કોકે 46 બોલમાં 90 રન બનાવ્યા. છેલ્લે, ડેનોવાન ફરેરા (અણનમ 30 રન)એ ડેવિડ મિલર (અણનમ 20 રન) સાથે ફિફ્ટી પાર્ટનરશિપ કરીને સ્કોર 200ને પાર પહોંચાડ્યો. જવાબમાં ભારતની શરૂઆત ખરાબ રહી. ટીમે પાવરપ્લેમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. શુભમન ગિલ 0, અભિષેક શર્મા 17 અને કેપ્ટન સૂર્યકુમાર યાદવ 5 રન બનાવીને આઉટ થયા. અક્ષર પણ 21 રનના અંગત સ્કોર પર આઉટ થયો. અહીંથી તિલક વર્માએ હાર્દિક પંડ્યા સાથે મળીને ઈનિંગ્સ સંભાળવાની કોશિશ કરી, પરંતુ 118 રન પર હાર્દિક પંડ્યા (20 રન) આઉટ થયા પછી ભારતીય ટીમે સતત વિકેટો ગુમાવી અને 162 રન પર ઓલઆઉટ થઈ ગઈ. સાઉથ આફ્રિકા તરફથી ઓટ્નીલ બાર્ટમેને 4 વિકેટ ઝડપી. લુંગી એન્ગિડી, માર્કો યાન્સેન અને લૂથો સિપામલાએ 2-2 વિકેટ લીધી. ચોથી ઓવરના પાંચમા બોલ પર કેપ્ટન સૂર્યકુમાર યાદવ 5 રન બનાવીને આઉટ થયો. તેને માર્કો યાન્સેને વિકેટકીપર ક્વિન્ટન ડી કોકના હાથે કેચ કરાવ્યો. યાન્સેનને આ બીજી વિકેટ મળી. તેણે અભિષેક શર્મા (17 રન)ને પણ કેચ આઉટ કરાવ્યો હતો. અર્શદીપ સિંહે 11મી ઓવરમાં 18 રન આપી દીધા. તેણે આ ઓવરમાં 7 વાઈડ બોલ ફેંક્યા. તેની ઓવરના પહેલા બોલ પર ડી કોકે 87 મીટરનો છગ્ગો ફટકાર્યો. ત્યારબાદ અર્શદીપની લાઈન-લેન્થ બગડી ગઈ. આ જ ઓવરમાં સાઉથ આફ્રિકાએ 100 રનનો આંકડો પણ પાર કરી લીધો.

### 2016માં લગ્ન થયા રવીન્દ્ર જાડેજાએ તેમની પ્રેમિકા રિવાબા સોલંકી સાથે 17 એપ્રિલ 2016ના રોજ લગ્ન કર્યા હતા


# રિવાબાએ રવીન્દ્ર જાડેજાના વખાણ કર્યા : કહ્યું- મારા પતિએ ક્યારેય વ્યસન કર્યું નથી

### પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે ઈશારામાં આરોપ લગાવ્યો હતો કે ટીમ ઈન્ડિયામાં ધોની માટે હુક્કા લગાવનારા ખેલાડીઓને વધુ તકો મળતી હતી

**મુંબઈ, તા. 12**

ભારતીય ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાની પત્ની અને ગુજરાતના મંત્રી રિવાબા જાડેજાએ કહ્યું છે કે તેમના પતિએ આજ સુધી કોઈ પણ પ્રકારનો વ્યસન કર્યું નથી. તેમણે દાવો કર્યો કે ટીમ ઈન્ડિયાના બાકીના ખેલાડીઓ વ્યસનની લતમાં પડી જાય છે, પરંતુ જાડેજા આવું કંઈ કરતા નથી. તેમનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યું છે. 'દરેક જગ્યાએ રમવા ગયા, પણ નશો ન કર્યો' રીવાબાએ કહ્યું કે જાડેજા લંડન, દુબઈ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં રમવા માટે જાય છે, પરંતુ તેમણે ક્યારેય કોઈ વ્યસન કર્યું નથી. તેમના મતે, બાકીના ખેલાડીઓ આવી આદતોમાં ફસાઈ જાય છે, પરંતુ જાડેજા હંમેશા અનુશાસિત રહે છે. તેમના આ નિવેદનની ખૂબ ચર્ચા છે. 2016માં લગ્ન થયા રવીન્દ્ર જાડેજાએ તેમની પ્રેમિકા રિવાબા સોલંકી સાથે 17 એપ્રિલ 2016ના રોજ લગ્ન કર્યા હતા. તેમના લગ્ન ગુજરાતના રાજકોટમાં એક ભવ્ય સમારોહમાં થયા હતા, જ્યાં તમામ વિધિઓ રાજપૂત પરંપરા અનુસાર કરવામાં આવી હતી. IPL 2026માં જાડેજા રાજસ્થાન માટે રમશે જાડેજા આગામી સિઝન IPL 2026માં રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા જોવા મળશે. ચેન્નઈ સુપર કિંગ્સ સાથે 12 વર્ષ વિતાવ્યા બાદ રાજસ્થાને તેમને ટ્રેડ કર્યા છે. ખાસ વાત એ છે કે જાડેજાએ 2008માં પોતાની પ્રથમ IPL મેચ પણ રાજસ્થાન માટે જ રમી હતી. એટલે કે તેઓ પોતાની શરૂઆતની ટીમમાં પાછા ફરી રહ્યા છે. ધોની પર ઈરફાન પઠાણનો જૂનો આરોપ ફરી ચર્ચામાં આ વિવાદ વચ્ચે ધોની સાથે જોડાયેલો જૂનો મામલો પણ ફરીથી ચર્ચામાં આવ્યો છે. પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે ઈશારામાં આરોપ લગાવ્યો હતો કે ટીમ ઈન્ડિયામાં ધોની માટે હુક્કા લગાવનારા ખેલાડીઓને વધુ તકો મળતી હતી. તેમનું કહેવું હતું કે તેઓ આવા કામ કરતા ન હતા, તેથી તેમને બહાર કરી દેવામાં આવ્યા.





# પંચાયતના સચિવ જિતેન્દ્ર કુમાર હવે રોમાન્ટિક ફિલ્મનો હિરો બનશે

**મુંબઈ, તા. 12**

'પંચાયત' ઓટીટી સીરિઝમાં સચિવજીના રોલમાં લોકપ્રિય બનેલો જીતેન્દ્ર કુમાર હવે મોટા પડદે રોમાન્ટિક હિરો તરીકે નસીબ અજમાવવાનો છે. તે 'ટેઢી હૈ પર મેરી હૈ ' ટાઈટલ ધરાવતી રોમાન્ટિક કોમેડી ફિલ્મમાં હિરો તરીકે કામ કરવાનો છે. આ ફિલ્મ રેમો ડિસોઝા બનાવી રહ્યો છે. તેમાં જિતેન્દ્ર કુમારની હિરોઈન તરીકે આરજે માહવશ સિલેક્ટ થઈ છે. અગાઉ ઓટીટીથી જાણીતો બની ચૂકેલો વિક્રાંત મેસ્સી પણ 'આંખો કી ગુસ્તાખિયાં' જેવી ફિલ્મોથી રોમાન્ટિક હિરો બનવાની ટ્રાય કરી ચૂક્યો છે. જોકે, વિક્રાંત અને શનાયા કપૂરની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સાવ ફલોપ ગઈ હતી. તે 'ટેઢી હૈ પર મેરી હૈ ' ટાઈટલ ધરાવતી રોમાન્ટિક કોમેડી ફિલ્મમાં હિરો તરીકે કામ કરવાનો છે. આ ફિલ્મ રેમો ડિસોઝા બનાવી રહ્યો છે. તેમાં જિતેન્દ્ર કુમારની હિરોઈન તરીકે આરજે માહવશ સિલેક્ટ થઈ છે. અગાઉ ઓટીટીથી જાણીતો બની ચૂકેલો વિક્રાંત મેસ્સી પણ 'આંખો કી ગુસ્તાખિયાં' જેવી ફિલ્મોથી રોમાન્ટિક હિરો બનવાની ટ્રાય કરી ચૂક્યો છે. જોકે, વિક્રાંત અને શનાયા કપૂરની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સાવ ફલોપ ગઈ હતી. તે 'ટેઢી હૈ પર મેરી હૈ ' ટાઈટલ ધરાવતી રોમાન્ટિક કોમેડી ફિલ્મમાં હિરો તરીકે કામ કરવાનો છે. આ ફિલ્મ રેમો ડિસોઝા બનાવી રહ્યો છે. તેમાં જિતેન્દ્ર કુમારની હિરોઈન તરીકે આરજે માહવશ સિલેક્ટ થઈ છે. અગાઉ ઓટીટીથી જાણીતો બની ચૂકેલો વિક્રાંત મેસ્સી પણ 'આંખો કી ગુસ્તાખિયાં' જેવી ફિલ્મોથી રોમાન્ટિક હિરો બનવાની ટ્રાય કરી ચૂક્યો છે. જોકે, વિક્રાંત અને શનાયા કપૂરની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સાવ ફલોપ ગઈ હતી. તે 'ટેઢી હૈ પર મેરી હૈ ' ટાઈટલ ધરાવતી રોમાન્ટિક કોમેડી ફિલ્મમાં હિરો તરીકે કામ કરવાનો છે. આ ફિલ્મ રેમો ડિસોઝા બનાવી રહ્યો છે. તેમાં જિતેન્દ્ર કુમારની હિરોઈન તરીકે આરજે માહવશ સિલેક્ટ થઈ છે. અગાઉ ઓટીટીથી જાણીતો બની ચૂકેલો વિક્રાંત મેસ્સી પણ 'આંખો કી ગુસ્તાખિયાં' જેવી ફિલ્મોથી રોમાન્ટિક હિરો બનવાની ટ્રાય કરી ચૂક્યો છે. જોકે, વિક્રાંત અને શનાયા કપૂરની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સાવ ફલોપ ગઈ હતી. તે 'ટેઢી હૈ પર મેરી હૈ ' ટાઈટલ ધરાવતી રોમાન્ટિક કોમેડી ફિલ્મમાં હિરો તરીકે કામ કરવાનો છે. આ ફિલ્મ રેમો ડિસોઝા બનાવી રહ્યો છે. તેમાં જિતેન્દ્ર કુમારની હિરોઈન તરીકે આરજે માહવશ સિલેક્ટ થઈ છે. અગાઉ ઓટીટીથી જાણીતો બની ચૂકેલો વિક્રાંત મેસ્સી પણ 'આંખો કી ગુસ્તાખિયાં' જેવી ફિલ્મોથી રોમાન્ટિક હિરો બનવાની ટ્રાય કરી ચૂક્યો છે. જોકે, વિક્રાંત અને શનાયા કપૂરની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સાવ ફલોપ ગઈ હતી.



# ગોલમાલ ફાઈવમાં કરીના અને સારા બંને કામ કરશે

### રોહિત શેટ્ટીએ પોતાની આગામી ફિલ્મ 'ગોલમાલ ફાઈવ'ની તૈયારી શરૂ કરી દીધી

**મુંબઈ, તા. 12**

રોહિત શેટ્ટીએ પોતાની આગામી ફિલ્મ 'ગોલમાલ ફાઈવ'ની તૈયારી શરૂ કરી દીધી છે. અભિનેતા હાલ ફિલ્મની સ્ટારકાસ્ટ પર કામ કરી રહ્યો છે અને તેણે કરીના કપૂર અને સારા અલી ખાનનો આ ફિલ્મમાં સમાવેશ કર્યો છે.બીજી બાજુ કુણાલ ખેમુને ફિલ્મા ક્રિએટિવ કન્સલ્ટન્ટની જવાબદારી સોંપી છે. રોહિત શેટ્ટીએ પોતાની આગામી ફિલ્મ 'ગોલમાલ ફાઈવ'ની તૈયારી શરૂ કરી દીધી છે. અભિનેતા હાલ ફિલ્મની સ્ટારકાસ્ટ પર કામ કરી રહ્યો છે અને તેણે કરીના કપૂર અને સારા અલી ખાનનો આ ફિલ્મમાં સમાવેશ કર્યો છે.બીજી બાજુ કુણાલ ખેમુને ફિલ્મા ક્રિએટિવ કન્સલ્ટન્ટની જવાબદારી સોંપી છે. સોશયલ મીડિયા પર એક પોસ્ટ માં જણાવામાં આવ્યું છે કે, રોહિત શેટ્ટી 'ગોલમાલ ફાઈવ'ની તૈયારી કરી રહ્યો છે. જે માટે તે હાલ કરીના કપૂર અને સારા અલી ખાનના સંપર્કમાં છે. આ પોસ્ટ પર રોહિત શેટ્ટીએ લાઈક કર્યુ છે. તેના પરથી રોહિત શેટ્ટીએ આ બંને હિરોઈનનું કાસ્ટિંગ ફાઈનલ કર્યુ છે તેવી અટકળો થઈ રહી છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૬ના મધ્યભાગમાં શરુ થાય તેવી સંભાવના છે. સોશયલ મીડિયા પર એક પોસ્ટ માં જણાવામાં આવ્યું છે કે, રોહિત શેટ્ટી 'ગોલમાલ ફાઈવ'ની તૈયારી કરી રહ્યો છે. જે માટે તે હાલ કરીના કપૂર અને સારા અલી ખાનના સંપર્કમાં છે. આ પોસ્ટ પર રોહિત શેટ્ટીએ લાઈક કર્યુ છે. તેના પરથી રોહિત શેટ્ટીએ આ બંને હિરોઈનનું કાસ્ટિંગ ફાઈનલ કર્યુ છે તેવી અટકળો થઈ રહી છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૬ના મધ્યભાગમાં શરુ થાય તેવી સંભાવના છે.

# ફેમસ ચિન્મયી શ્રીપદાનો ન્યૂડ ફોટો વાઈરલ

### બાળકોને મારી નાખવાની ધમકી; ગીતકાર પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો ત્યારથી સિંગર ટ્રોલ્સના નિશાને

**મુંબઈ, તા. 12**

બોલિવૂડની પ્રખ્યાત સિંગર ચિન્મયી શ્રીપદા ઓનલાઈન ધમકીઓ અને ટ્રોલિંગનો શિકાર બની. હાલમાં તેનો ન્યૂડ ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. સિંગરે સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરીને આ માહિતી આપી છે. સાથે જ તેના બાળકોને મારી નાખવાની ધમકી મળતી હોવાનો પણ ખુલાસો કર્યો છે. સિંગરે વીડિયો પોસ્ટ કરીને જણાવ્યું કે, બુધવારે એક અજાણ્યા એકાઉન્ટ પરથી તેની મોર્ફ્ડ ન્યૂડ ફોટો મોકલીને ધમકી પણ આપવામાં આવી છે. તેણે આ મામલાની જાણકારી



હૈદરાબાદ સિટી પોલીસ કમિશનર વીસી સજ્જનરને આપી છે. ચિન્મયીએ તે મોર્ફ્ડ ફોટોને બ્લર કરીને પોતાના એકાઉન્ટ પર શેર કર્યો છે. સોશિયલ મીડિયા પર મોર્ફ્ડ ઈમેજ અને વીડિયો પોસ્ટ કરતા સિંગરે કેપ્શનમાં લખ્યું, 'આજે મને એક પેજ પરથી એક મોર્ફ્ડ ઈમેજ મળી અને મેં પોલીસને ટેગ કરી દીધી. કાનૂની કાર્યવાહી થશે કે નહીં, તે મુદ્દો નથી.' વીડિયોમાં ચિન્મયીએ કહ્યું કે, તેના પતિ અને ફિલ્મમેકર-એક્ટર રાહુલ રવિન્દ્રને થોડા અઠવાડિયા પહેલા મંગળસૂત્ર પર ટિપ્પણી કરી હતી. ત્યારથી, તેના અને તેના પરિવાર વિરુદ્ધ ટ્રોલિંગ વધી ગયું છે. તેણે વીડિયોમાં કહ્યું- 'મને ગાળો આપવામાં આવી છે, મારા બાળકોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી છે, મેં X (અગાઉ ટ્વિટર) પર કેટલાક લોકો વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.' તેણે કહ્યું કે, 'ટ્રોલ્સ એવું માને છે કે, જે મહિલાઓને તેઓ પસંદ નથી કરતા, તેમને ક્યારેય બાળકો ન થવા જોઈએ અને જો તેઓ બાળકો પેદા કરે છે, તો તેમના બાળકો મરી જવા જોઈએ.

# નવેમ્બરમાં શાકભાજી અને મસાલાના ભાવ વધ્યા : રિટેલ મોંઘવારી વધીને 0.71% પર પહોંચી, ઓક્ટોબરમાં તે 0.25% પર હતી....





**નવી દિલ્હી, તા.12**

નવેમ્બરમાં છૂટક મોંઘવારી ગયા મહિનાની સરખામણીમાં વધીને 0.71% ના સ્તરે પહોંચી ગઈ છે. આ પહેલા ઓક્ટોબરમાં તે 0.25% પર હતી, જે 14 વર્ષમાં સૌથી નીચું સ્તર હતું.

નવેમ્બર મહિનામાં મોંઘવારીમાં વધારો શાકભાજી, ઈંડા, માંસ-માછલી, મસાલા, ઈંધણ અને લાઈટની કિંમતો વધવાને કારણે થયો છે. સરકારે શુક્રવાર, 12 ડિસેમ્બરે મોંઘવારીના આંકડા જાહેર કર્યા છે. મોંઘવારીની બાસ્કેટમાં લગભગ 50% યોગદાન ખાવા-પીવાની વસ્તુઓનું હોય છે. તેની મહિના-દર-મહિનાની મોંઘવારી માઈનસ 5.02% થી વધીને માઈનસ 3.91% થઈ ગઈ છે.

નવેમ્બર મહિનામાં ગ્રામીણ મોંઘવારી દર -0.25% થી વધીને માઈનસ 0.10% થઈ ગયો છે. જ્યારે શહેરી મોંઘવારી 0.88% થી વધીને 1.40% પર આવી ગઈ છે.

ઓક્ટોબરમાં રિટેલ મોંઘવારી 0.25% ના રેકોર્ડ નીચલા સ્તરે આવી ગઈ હતી. તેનું કારણ ખાવા-પીવાની વસ્તુઓની કિંમતોમાં ઘટાડો હતો. આ વર્તમાન CPI સિરીઝમાં અત્યાર સુધીની સૌથી ઓછી મોંઘવારી હતી. એટલે કે, આ લગભગ 14 વર્ષનું નીચલું સ્તર રહ્યું હતું. આ પહેલા સપ્ટેમ્બરમાં તે 1.44% પર હતી.

ભારતમાં CPIની વર્તમાન કેટેગરી 2012ના આધાર વર્ષ પર આધારિત છે. એટલે કે, 2012ની કિંમતોને 100 માનીને સરખામણી કરવામાં આવે છે. પહેલાં 2010 અથવા 1993-94 વાળી કેટેગરીઓ હતી, પરંતુ સમય સાથે તે અપડેટ થતી રહે છે જેથી આંકડા સાચા રહે. દરેક નવી CPI કેટેગરીમાં આધાર વર્ષ બદલાય છે. CPI કેટેગરી એટલે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ કેટેગરી. આ મોંઘવારી માપવાની સરકારની સરળ રીત છે. સરળ શબ્દોમાં કહીએ તો, આ જણાવે છે કે રોજિંદી વસ્તુઓ જેવી કે દૂધ, શાકભાજી, પેટ્રોલ કેટલી મોંઘી કે સસ્તી થઈ રહી છે. આધાર વર્ષ સાથે સરખામણી કરીને % માં આંકડો આવે છે. બેઝ યર એ વર્ષ હોય છે જેની કિંમતોને આધાર (બેઝ) માનવામાં આવે છે. એટલે કે, તે જ વર્ષની વસ્તુઓની સરેરાશ કિંમતને 100 નું મૂલ્ય આપવામાં આવે છે. પછી, બીજા વર્ષોની કિંમતોની સરખામણી આ જ બેઝ યર સાથે કરવામાં આવે છે. આનાથી ખબર પડે છે કે મોંઘવારી કેટલી વધી કે ઘટી છે.

ઉદાહરણ: માની લો કે 2020 બેઝ યર છે. તે વર્ષે એક કિલો ટામેટાં 50 ના હતા. હવે 2025માં તે 80 ના થઈ ગયા. તો મોંઘવારી = (80 - 50) / 50 + 100 = 60% વધી. આ જ ફોર્મ્યુલા CPIમાં ઉપયોગ થાય છે, પરંતુ આ આખા બજારની વસ્તુઓ પર લાગુ પડે છે. આ એવું વર્ષ હોય છે જે સામાન્ય હોય, ન તો વધુ દુષ્કાળ હોય, ન મહામારી, ન વધુ મોંઘવારી. મોંઘવારીનું વધવું અને ઘટવું પ્રોડક્ટની ડિમાન્ડ અને સપ્લાય પર નિર્ભર કરે છે.

જો લોકો પાસે પૈસા વધુ હશે તો તેઓ વધુ વસ્તુઓ ખરીદશે. વધુ વસ્તુઓ ખરીદવાથી વસ્તુઓની ડિમાન્ડ વધશે અને ડિમાન્ડ મુજબ સપ્લાય ન થવા પર આ વસ્તુઓની કિંમત વધશે. જ્યારે જો ડિમાન્ડ ઓછી હશે અને સપ્લાય વધુ તો મોંઘવારી ઓછી થશે.

# વિદેશી કંપનીઓ દ્વારા 135 અબજ ડોલરના જંગી રોકાણની જાહેરાત

## એફડીઆઈની દ્રષ્ટિએ 2025 ભારત માટે શ્રેષ્ઠ જોવાઈ રહ્યું છે



**મુંબઈ, તા.12**

વર્તમાન ૨૦૨૫નું કેલેન્ડર વર્ષ સમાપ્ત થવાની તૈયારીમાં છે ત્યારે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)ની દ્રષ્ટિએ આ વર્ષ ભારત માટે શ્રેષ્ઠ સાબિત થવા જઈ રહ્યું છે. માઈક્રોસોફ્ટ, ગુગલ, એમેઝોન સહિતની જાયન્ટ કંપનીઓ ભારતમાં નાણાં ઠાલવશ. પ્રાપ્ત માહિતી પ્રમાણે ૨૦૨૫માં અત્યારસુધીમાં વિદેશી કંપનીઓ તરફથી ભારતમાં ૧૩૫ અબજ ડોલરના ઈન્વેસ્ટમેન્ટની બાંયધરી આવી પડી છે.

ટેક કંપનીઓ, ચીપ ઉત્પાદકો, ઓટો તથા નાણાંકીય સેવા ક્ષેત્રની કંપનીઓ દ્વારા ભારતમાં રોકાણ માટે ઉત્સુકતા બતાવવામાં આવી છે. ૧૩૫ અબજ ડોલરના જાહેર થયેલા ઈન્વેસ્ટમેન્ટમાંથી આંશિક ઈન્વેસ્ટમેન્ટ પ્રાપ્ત પણ થઈ ગયાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ તથા ટેકનોલોજી વિકાસને કારણે દેશમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સમાં વ્યાપક ઈન્વેસ્ટમેન્ટ જોવા મળી રહ્યું છે. વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં એફડીઆઈ ઈન્ફલોસનો આંક ૧૬ ટકા વધી ૫૦.૪૦ અબજ ડોલર રહ્યો છે ત્યારે સંપૂર્ણ નાણાં વર્ષના અંત સુધામાં આ ઈન્ફલોસ ૧૦૦ અબજ ડોલર પહોંચવા અપેક્ષા છે.ગુગલ, માઈક્રોસોફ્ટ, એનવિડિયા, એમેઝોન સહિતની ટેક જાયન્ટસ દ્વારા ભારતમાં જંગી રોકાણની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત દેશમાં સ્ટાર્ટઅપ્સમાં પ્રાઈવેટ ઈક્વિટી તથા વેન્ચર કેપિટલ ફન્ડો દ્વારા પણ નોંધપાત્ર રસ દાખવાઈ રહ્યો છે.

# ઈન્ડિગોએ હાઈકોર્ટમાં ₹900 કરોડ કસ્ટમ ડ્યુટી રિફંડ માગ્યું

## રિપેર પછી રી-ઈમ્પોર્ટ થતા પાર્ટ્સ પર ફરીથી ડ્યુટી લગાવવાને ગેરબંધારણીય ગણાવ્યું



**નવી દિલ્હી, તા.12**

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોની પેરેન્ટ કંપની ઈન્ટરગ્લોબ એવિએશને દિલ્હી હાઈકોર્ટમાં 900 કરોડથી વધુ કસ્ટમ ડ્યુટીનું રિફંડ માગ્યું છે.

આ ડ્યુટી વિદેશમાં રિપેર કર્યા પછી એરક્રાફ્ટ એન્જિન અને પાર્ટ્સના રી-ઈમ્પોર્ટ પર ચૂકવવામાં આવી હતી. કંપનીનું કહેવું છે કે એક જ ટ્રાન્ઝેક્શન પર બે વાર ડ્યુટી લગાવવી ગેરબંધારણીય છે.

જસ્ટિસ પ્રતિભા એમ સિંહ અને શૈલ જૈનની બેન્ચે શુક્રવારે આ મામલે સુનાવણી કરી, પરંતુ જસ્ટિસ જૈને પોતાને અલગ કરી લીધા કારણ કે તેમનો પુત્ર ઈન્ડિગોમાં પાઈલટ છે. હવે ચીફ જસ્ટિસના આદેશ પર બીજી બેન્ચ સુનાવણી કરશે.

એડવોકેટ વી લક્ષ્મીકુમરને કોર્ટમાં કહ્યું કે રી-ઈમ્પોર્ટ પર બેઝિક કસ્ટમ ડ્યુટી કોઈ વિવાદ વિના ચૂકવવામાં આવી. રિપેર સર્વિસ હોવાને કારણે રિવર્સ ચાર્જ પર GST પણ ચૂકવ્યો. પરંતુ કસ્ટમ ઓથોરિટીએ તેને ગુડ્સ ઈમ્પોર્ટ માનીને ફરીથી ડ્યુટી લગાવી.

ઈન્ડિગોએ કહ્યું કે આ ડબલ લેવી છે. એરલાઈન અનુસાર કસ્ટમ ટ્રિબ્યુનલ પહેલાથી જ સ્પષ્ટ કરી ચૂક્યું છે કે મરામત પછી રી-ઈમ્પોર્ટ પર ફરીથી કસ્ટમ ડ્યુટી લાગતી નથી.

ઈન્ડિગોએ જણાવ્યું કે કોર્ટે નોટિફિકેશનના ભાગને ગેરબંધારણીય ગણાવ્યો હતો. તેમ છતાં, કસ્ટમ અધિકારીઓએ ક્લિયરન્સ માટે ડ્યુટી ચૂકવવા મજબૂર કર્યા. એરક્રાફ્ટને અનિશ્ચિત સમય સુધી ગ્રાઉન્ડ કરી શકાય તેમ નહોતું. તેથી, 4,000 થી વધુ બિલ્સ ઓફ એન્ટ્રી પર વિરોધ સાથે ડ્યુટી ચૂકવવામાં આવી. તેનું કુલ બિલ 900 કરોડથી વધુ હતું.

બાદમાં રિફંડ ક્લેમ ફાઈલ કરવામાં આવ્યા, પરંતુ તે નકારી કાઢવામાં આવ્યા. દરેક બિલનું રી-એસેસમેન્ટ કરાવવાનું કહેવામાં આવ્યું. ઈન્ડિગોએ જણાવ્યું કે તમામ ડ્યુટી ચૂકવણી 'અંડર પ્રોટેસ્ટ' હતી. તમામ કેસોમાં સ્પીકિંગ ઓર્ડર પસાર થયા છે અને અપીલો પણ દાખલ છે.

માર્ચ 2024માં દિલ્હી હાઈકોર્ટે ઈન્ડિગોના જ એક બીજા કેસમાં કહ્યું હતું કે રિપેર પછી ફરીથી આયાત થતા પાર્ટ્સ સર્વિસ ઈમ્પોર્ટ છે, ગુડ્સ નહીં. જ્યારે IGST હેઠળ તેને સેવા ગણીને ટેક્સ લેવામાં આવ્યો છે, તો કસ્ટમ ટેરિફ એક્ટ હેઠળ વધારાની લેવી ગેરબંધારણીય છે. આ મુદ્દો હવે સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે.

# ચાંદી 3 દિવસમાં ₹14 હજાર મોંઘી થઈ : ₹1.93 લાખની ઓલ ટાઈમ હાઈ પર, સોનું એક દિવસમાં ₹1,973 વધ્યું

**નવી દિલ્હી, તા.12**

ચાંદીની કિંમત સતત ત્રીજા દિવસે તેની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર આજે ચાંદીના ભાવ 4,500 વધીને 1,92,781 પ્રતિ કિલો પર પહોંચી ગયા છે.

આ પહેલા ગુરુવારે તે 1,88,281/kg અને બુધવારે 1,86,350/kgની ઓલ ટાઈમ હાઈ હતી. એટલે કે, ત્રણ દિવસમાં તે 13,888 મોંઘી થઈ છે.

જ્યારે, સોનાની કિંમત 1,973 વધીને 1,30,569 પ્રતિ 10 ગ્રામ પર આવી ગઈ છે. 17 ઓક્ટોબરે તેની કિંમત 1,30,874 ના તેના અત્યાર સુધીના સૌથી ઊંચા સ્તરે હતી.

IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન શામેલ નથી હોતું. તેથી શહેરોના ભાવ આનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધી સોનાની કિંમત 54,407 રૂપિયા વધી છે.



31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,30,569 રૂપિયા થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,06,764 રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,92,781 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

સિંગાપોર મેનેજમેન્ટ યુનિવર્સિટીના કોસ્માસ મરિનાકિસે જણાવ્યું હતું કે ચાંદી હવે માત્ર રોકાણનું સાધન નથી રહી, પરંતુ એક આવશ્યક ભૌતિક સંસાધન પણ છે. મેન્યુફેક્ચરિંગ કંપનીઓને તેની વધુ જરૂર છે. તેથી માગ વધી રહી છે. આનાથી કિંમતોમાં સતત તેજી જોવા મળી રહી છે.

ચાંદીના ભાવમાં ઉછાળાનું એક અન્ય મોટું કારણ અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર નીતિઓ હેઠળ ચાંદી પર ટેરિફ લાગવાનો ડર છે. આ ડરથી અમેરિકન કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, જેના કારણે વિશ્વના અન્ય ભાગોમાં તેની અછત સર્જાઈ છે.

વિશ્વભરના ઉત્પાદકો તેમનું ઉત્પાદન અટકાવવા ન દેવાય તે માટે સપ્લાય સુનિશ્ચિત કરવાની સ્પર્ધામાં છે. આ જ કારણ છે કે વૈશ્વિક બજારમાં કિંમતો વધી રહી છે. આગામી મહિનાઓમાં ચાંદીની ઊંચી કિંમત જળવાઈ રહેશે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ભૌગોલિક રાજકીય તણાવ યથાવત છે. આનાથી સોનાને ટેકો મળી રહ્યો છે. આનાથી સોનાની માગ વધી રહી છે. આવી સ્થિતિમાં, આ વર્ષે સોનું 1 લાખ 35 હજાર રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે. જ્યારે ચાંદી 2 લાખ રૂપિયા પ્રતિ કિલોને પાર જઈ શકે છે.

1. પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

1. ટ્રાન્સપોર્ટેશનના ખર્ચાઓ: સોનું એક ભૌતિક વસ્તુ છે, તેથી તેને લઈ જવામાં ખર્ચ થાય છે. મોટાભાગની આયાત વિમાન દ્વારા થાય છે. પછી સોનાને આંતરિક વિસ્તારો સુધી પહોંચાડવું પડે છે. ટ્રાન્સપોર્ટેશનના ખર્ચાઓમાં ઈંધણ, સુરક્ષા, વાહન, સ્ટાફનો પગાર વગેરેનો સમાવેશ થાય છે.

2. સોનાની ખરીદીની માત્રા: સોનાની માગ શહેર અને રાજ્ય પ્રમાણે અલગ-અલગ હોય છે. સાઉથ ઈન્ડિયામાં ભારતના કુલ સોનાના વપરાશનો લગભગ 40% હિસ્સો છે. અહીં વેચાણકર્તાઓ જથ્થાબંધ સોનું ખરીદે છે જેનાથી ભાવ ઓછા થાય છે. જ્યારે ટિયર-2 શહેરોમાં ભાવ વધુ હોય છે.

3. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: જેમ કે તમિલનાડુમાં સોનાનો ભાવ જ્વેલર્સ એન્ડ ડાયમંડ ટ્રેડર્સ એસોસિએશન નક્કી કરે છે. તેવી જ રીતે, દેશભરમાં અન્ય ઘણા એસોસિએશનો છે જે ભાવ નક્કી કરે છે. 4. સોનાની ખરીદ કિંમત: આ સૌથી મોટું પરિબળ છે જે વિવિધ શહેરોમાં સોનાના દરોને અસર કરે છે. જે જ્વેલર્સે સ્ટોક સસ્તામાં ખરીદ્યો હોય, તેઓ ઓછા ભાવ વસૂલી શકે છે.

# સેન્સેક્સ 350 પોઈન્ટ વધીને 85,150 પર ટ્રેડિંગ : નિફ્ટીમાં 100 પોઈન્ટનો ઉછાળો; મેટલ, રિયલ્ટી અને બેન્કિંગ શેરોમાં તેજી....

**મુંબઈ, તા.12**

અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે આજે એટલે કે શુક્રવાર, 12 ડિસેમ્બરે સેન્સેક્સ 350 પોઈન્ટ વધીને 85,150 પર કારોબાર કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ લગભગ 100 પોઈન્ટનો વધારો છે, તે 26,000 ના સ્તરે છે.

સેન્સેક્સના 30 શેરોમાંથી 23માં તેજી છે. L&T, ટાટા સ્ટીલ અને અલ્ટ્રાટેક સિમેન્ટમાં તેજી છે. ઝોમેટો, ઈન્ફોસિસ અને HCL ટેકમાં નજીવો ઘટાડો છે.

નિફ્ટીના 50માંથી 37 શેરોમાં તેજી છે. આજે NSE ના મેટલ, મીડિયા, રિયલ્ટી અને બેન્કિંગ સેક્ટરમાં તેજી જોવા મળી રહી છે. IT માં નજીવો ઘટાડો છે.

એશિયન બજારોમાં જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.92% વધીને 50,610 પર અને કોરિયાનો કોસ્પી 0.88% વધીને 4,150 પર કારોબાર કરી રહ્યા છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ



1.26% વધીને 25,851 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.021% પર કારોબાર કરી રહ્યા છે.

11 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 1.34% વધીને 48,704 પર અને S&P 500 0.21% વધીને 6,901 પર બંધ થયા. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટ 0.25% ઘટ્યો.

ICICI પ્રુડેન્શિયલ એસેટ મેનેજમેન્ટ કંપનીનો IPO આજે (12 ડિસેમ્બર) થી ઓપન થઈ રહ્યો છે. રોકાણકારો તેમાં 16 ડિસેમ્બર સુધી બોલી લગાવી શકશે. કંપની આ ઈશ્યૂ દ્વારા 10,600 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. આ સંપૂર્ણ ઈશ્યૂ ઓફર ફોર સેલ છે. જેમાં પ્રુડેન્શિયલ કોર્પોરેશન તેની 9.9% હિસ્સેદારી વેચી રહી છે.

11 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 2,020.94 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs) એ 3,796.07 કરોડની ખરીદી કરી.

ડિસેમ્બરમાં 10 તારીખ સુધી FIIs એ કુલ 18,491.29 કરોડના શેર વેચ્યા છે. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 36,101.26 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

શેરબજારમાં આજે એટલે કે 11 ડિસેમ્બરે તેજી જોવા મળી. સેન્સેક્સ 426 પોઈન્ટના ઉછાળા સાથે 84,818 પર બંધ થયો છે. જ્યારે નિફ્ટીમાં પણ લગભગ 140 પોઈન્ટનો વધારો જોવા મળ્યો, તે 25,898 પર બંધ થયો છે.

જ્યારે સેન્સેક્સના 30 શેરોમાંથી 21માં તેજી જોવા મળી. નિફ્ટીના 50માંથી 39 શેર તેજી સાથે બંધ થયા. બેન્કિંગ, એનર્જી અને ઓટો શેરોમાં ખરીદી જોવા મળી.

# 2026માં 192 કંપનીઓ IPOથી ₹2.5 લાખ કરોડ ભેગા કરશે : આ વર્ષે 1.77 લાખ કરોડ પહોંચ્યા, નવા વર્ષમાં NSE, જિયો, ફોનપે જેવી કંપનીઓની લિસ્ટિંગ

**મુંબઈ, તા.12**

IPO એટલે કે ઈનિશિયલ પબ્લિક ઓફરિંગના કિસ્સામાં, 18 વર્ષ પછી 2025માં બનેલો રેકોર્ડ આવતા વર્ષે 2026માં તૂટવાની પૂરી સંભાવના છે. આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ 100 કંપનીઓએ મેઈનબોર્ડ IPO દ્વારા રેકોર્ડ 1.77 લાખ કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. આ 2007 પછી સૌથી વધુ છે. પરંતુ 2026માં 192 કંપનીઓ 2.56 લાખ કરોડ રૂપિયા એકત્ર કરી શકે છે. થોડા જ દિવસોમાં આવનારા નવા વર્ષ માટે પાઈપલાઈન મજબૂત છે. પ્રાઈમડેટાબેઝના આંકડા મુજબ, સેબીએ 88 કંપનીઓને 1.16 લાખ કરોડના IPO લાવવાની મંજૂરી આપી દીધી છે. 104 કંપનીઓ 1.4 લાખ કરોડ રૂપિયાના પબ્લિક ઈશ્યૂ મંજૂર થવાની રાહ જોઈ રહી છે.

2026માં રોકાણકારોને IPO માર્કેટમાં ઘણા મોટા નામોની રાહ રહેશે. નેશનલ સ્ટોક એક્સચેન્જ, રિલાયન્સ જિયો, મણિપાલ હોસ્પિટલ્સ, ફોનપે, ઝેપ્ટો, બોટ જેવી મોટી કંપનીઓની ફાઈલિંગની અપેક્ષા છે.





ફોનપે, જેણે 10,000 કરોડના ઈશ્યૂ માટે ડ્રાફ્ટ પેપર જમા કરાવ્યા છે, તે સૌથી વધુ ચર્ચિત પબ્લિક ઈશ્યૂમાંથી એક છે. આ સાથે, નવી પેઢીની કંપનીઓ, જેમ કે ઝેપ્ટો, બોટ, ઓફબિઝનેસ અને કોરફૂડ્સ પણ IPO કેલેન્ડરમાં ઉત્સાહ વધારશે. એક્સિસ સિક્યોરિટીઝના સિનિયર VP રાજેશ પાલવિયાનું કહેવું છે કે તમામ પ્રકારની કંપનીઓ, ખાસ કરીને નવી અને નાની, વિસ્તરણ કરવા અથવા કામગીરી સુધારવા અથવા દેવું ચૂકવવા માટે મૂડી મેળવવા ઈચ્છે છે. સ્થાનિક શેરબજારમાં લિક્વિડિટી (રોકાણ માટે પૈસા) ભરપૂર છે અને રિટેલ રોકાણકારો મજબૂત છે. દેશની અર્થવ્યવસ્થા સારી સ્થિતિમાં છે અને નવી કંપનીઓ ઉભરી રહી છે. તેથી દરેક IPOને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. હાલના વર્ષોમાં PE રોકાણ ધરાવતી ઘણી કંપનીઓ હવે મેઈનબોર્ડ લિસ્ટિંગથી વેલ્યુ અનલોક કરવા માટે તૈયાર છે. બીજી તરફ રોકાણકારો મોટા નામોની રાહ જોઈ રહ્યા છે. જેમાં NSE, રિલાયન્સ જિયોના ઈશ્યૂનો સમાવેશ થાય છે.

પ્રાઈવેટ ઈક્વિટી અને વેન્ચર કેપિટલ (VC) ફંડ રોકાણ પાછું ખેંચવા માંગે છે. પ્રાઈમરી માર્કેટમાં તેજી વચ્ચે IPO ઉપાડવાનો સારો રસ્તો બની ગયો છે. સેકન્ડરી માર્કેટ સુસ્ત રહ્યું, પરંતુ પ્રાઈમરી માર્કેટમાં ગ્રોથ જોવા મળ્યો.

આ વર્ષે કંપનીઓના પ્રમોટર્સ, પ્રાઈવેટ ઈક્વિટી (PE) અને VC રોકાણકારોએ ઓફર ફોર સેલ એટલે કે IPOમાં પોતાના હિસ્સાના શેર વેચીને 1.10 લાખ કરોડ રૂપિયા એકત્ર કર્યા. તેમ છતાં, કંપનીઓના મેનેજમેન્ટ પાસે વિસ્તરણ અથવા અન્ય જરૂરિયાતો માટે 67,000 કરોડ રૂપિયા બચ્યા.

નિષ્ણાતોનું માનવું છે કે 2.56 લાખ કરોડનો લક્ષ્યાંક સરળતાથી પુરો થઈ જશે. જોકે, સ્મોલ-કેપ સેગમેન્ટ પર દબાણ રહી શકે છે, પરંતુ IPO બજાર 2025ની જેમ જ આ મુશ્કેલીઓ છતાં ચમકશે.

**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**ELECTRICAL DEPARTMENT**
**E- TENDER NOTICE**

**Operation & Comprehensive Maintenance contract work of Existing VRF AC System for the period of 2 Years at 7th and 8th Floor (ICU Ward) in L.G.Multistorieed Hospital Buliding Maninagar, Ahmedabad.**

| | |
|---|---|
| Online Submission up to | 02/01/2026 only up to 6:00p.m |
| Last Date of submission of (Hard copy) | 03/01/2026, only up to 4:00p.m. |
| Tender details available on | https://tender.nprocure.com |

## વહેલી સવારે વિદ્યાર્થીઓએ પાછા જવું પડ્યું

# અમદાવાદની વિવેકાનંદ કોલેજ બીયુ પરવાનગી અને ફાયર સેફ્ટી વિનાની હોવાથી સીલ કરવામાં આવી....

**અમદાવાદ, તા.12**

રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડ બાદ બીયુ પરવાનગી અને ફાયર સેફ્ટી વિનાની મિલકતો જ્યાં મોટી સંખ્યામાં લોકો ભેગા થતા હોય ત્યાં કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે ફરી એકવાર જાગેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા પરવાનગી વિનાની મિલકતોને સીલ કરવામાં આવી રહી છે ત્યારે આજે(12 ડિસેમ્બર) વહેલી સવારે શહેરના રાયપુર વિસ્તારમાં આવેલી વિવેકાનંદ કોલેજને મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સીલ કરી દેવામાં આવી છે.

આ બિલ્ડીંગ ફાયર સેફટી અને બિલ્ડીંગના બે માળ મંજૂરી વિના ચલાવવામાં આવતા હતા. આ બિલ્ડીંગ જર્જરીત પણ હોવાનું સામે આવ્યું છે. જેથી આ મિલકતને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. બિલ્ડીંગ સીલ કરી દેવામાં આવતા આજે જે વિદ્યાર્થીઓ કોલેજ આવ્યા હતા તેમને પાછા જવું પડ્યું હતું. આજે પણ શહેરમાં ફૂડ કોર્ટ, સ્કૂલો, કોલેજો વગેરે જગ્યાને સીલ




કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

અમદાવાદમાં બીયુ પરવાનગી અને ફાયર સેફ્ટી વિનાની મિલકતો જ્યાં મોટી સંખ્યામાં લોકો ભેગા થતા હોય તેને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. સ્કૂલો, હોસ્પિટલો બાદ હવે ફૂડ કોર્ટ સામે પણ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

11 ડિસેમ્બરે શહેરના પશ્ચિમ વિસ્તારમાં એસજી હાઈવે, રીંગરોડ, હેબતપુર, ગોતા સહિતના વિસ્તારોમાં બીયુ પરવાનગી અને ફાયર સેફ્ટી વિનાના 6 ફૂડ કોર્ટને મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સીલ કરવામાં આવ્યા છે. મોટાભાગના ફૂડ કોર્ટમાં લાકડાનો ઉપયોગ અને શેડ બનાવીને ફૂડ કોર્ટ ઊભા કરી દેવામાં આવે છે, કોઈપણ પ્રકારના પ્લાન પાસ કરવામાં આવતા નથી જેના પગલે આવા ફૂડ કોર્ટને સીલ કરવામાં આવ્યા છે.

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજ્ય સરકારે બીયુ પરમિશન અને ફાયર સેફ્ટીને લઈને કડક પગલાં ભરવા માટેની સૂચના આપી હતી. સ્ટેમ્પ પેપર ઉપર તેઓને બીયુ પરવાનગી લેવા અને ફાયર સેફ્ટી માટે સમય આપવામાં આવ્યો હોવા છતાં કાર્યવાહી ન કરવામાં આવતા હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને મિલકતોમાં ચેકિંગ કરી નોટિસ આપી કાર્યવાહી કરી હતી. 50થી વધારે લોકો જાય, એક સાથે ભેગા થતા હોય એવી બિલ્ડીંગોમાં તપાસ કરાઈ રહી છે.

ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા એસજી હાઈવે અને ગોતા વિસ્તારમાં બીયુ પરવાનગી અને ફાયર સેફ્ટી વિનાના ફૂડ કોર્ટનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં બીયુ પરવાનગી નહોતી અને અવારનવાર ઈમ્પેક્ટ ફી માટે જાણ કરવા છતાં પણ કાર્યવાહી ન કરતા સીલ કરવામાં આવ્યા છે.

## ઈકો કારના પતરા કાપી યુવકને બહાર કાઢ્યો

# વડોદરાના પોર નજીક ટ્રક અને ઈકો કાર વચ્ચે અકસ્માત, ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકનું સારવાર મળે તે પહેલા મોત

**વડોદરા, તા.12**

વડોદરા જિલ્લાના પોર ગામ નજીક કાયાવરોહણથી પોર તરફ જતા રસ્તા પર આજે વહેલી સવારે એક ભયાનક વાહન અકસ્માત સર્જાયો હતો. જેમાં 27 વર્ષીય યુવાન યોગેશ અરવિંદભાઈ તડવીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં તેમની ઈકો કાર અને એક ડમ્પર ટ્રક વચ્ચે અથડામણ થઈ હતી. ઈકો કાર ચાલક યોગેશ ફસાઈ જતા કરજણ ફાયર વિભાગે એક કલાકની ભારે જહેમત બાદ પતરા કાપી બહાર કાઢ્યો હતો, જો કે ડ્રાઈવરનું મોત નિપજ્યું હતું.

આ ઘટનામાં મૃતક યોગેશ પોર ગામમાં તેમના પરિવાર સાથે રહેતા હતા અને પોર જીઆઈડીસીમાં નોકરી કરતા હતા. તેઓને 6 વર્ષનો પુત્ર છે. તેમના પિતા અરવિંદભાઈ રમણભાઈ તડવી જેઓ છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના કોલુ ગામમાં ખેતી કરીને જીવન ગુજારે છે, તેઓએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ યોગેશ તેમના મિત્ર પંકજભાઈ કાનજીભાઈ પરમારના પરિવારને તેમની ઈકો કારમાં બેસાડી વડોદરા



શહેરની કર્ણાવટીમાં લગ્ન પ્રસંગમાં લઈ ગયા હતા.

લગ્ન પૂરા થયા બાદ તેઓ મિત્રના પરિવારને ટીમ્બરવા ગામે તેમના ઘરે મૂકીને પોર તરફ પરત ફરી રહ્યા હતા. રાત્રે અંદાજે અઢી વાગ્યાના સુમારે અણખી ગામની સીમમાં ખેતર પાસે તેમની કારને વિરુદ્ધ દિશામાંથી આવી રહેલા (ડમ્પર) ટ્રક પુરઝડપે અને બેદરકારીથી અથડાવી હતી. અકસ્માત પછી ટ્રક ચાલક વાહનને ત્યાં જ મૂકીને ફરાર થઈ ગયો હતો. આ અંગેની જાણ પરિવારને કરતા પિતા ગામના અન્ય લોકો સાથે પોર પોલીસ ચોકી પહોંચ્યા અને ત્યાંથી પોર સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં યોગેશની લાશ પોસ્ટમોર્ટમ રૂમમાં રાખવામાં આવી હતી.

અકસ્માતમાં યોગેશને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેઓ ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. પોલીસે ફાયર બ્રિગેડની મદદથી યોગેશને કારના ક્ષતિગ્રસ્ત ભાગમાંથી બહાર કાઢ્યા હતા. કરજણ ફાયર વિભાગની ટીમે ભારે જહેમત બાદ યુવકને ઈકો કારમાંથી પતરા કાપી બહાર કાઢ્યો હતો. બાદમાં તેને પોર હોસ્પિટલમાં ખસેડ્યો હતો જો કે યુવકે ઘટના સ્થળે જ દમ તોડી દીધો હતો. આ મામલે વરણામા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## L&T સર્કલ પર અકસ્માત બાદ ટ્રાફિક પોલીસની ડ્રાઇવ

# પ્રવેશબંધી સમયે ભારદારી વાહનો સામે તવાઈ, 23 ડીટેન, બસ ચાલકે દંપતીને અડફેટે લેતાં મહિલાનું મોત થયું હતું



**વડોદરા, તા.12**

આમ તો વડોદરા શહેરમાં પીક અવર્સ સમયમાં ભારદારી વાહનો સામે પ્રવેશ બંધી અંગેનું પોલીસ કમિશ્નરનુ જાહેરનામું બહાર પાડવામાં આવેલું છે. છતાં પણ માતેલા સાંઢની જેમ ભારદારી વાહનો શહેરમાં યમરાજ બની ફરી રહ્યા છે. ત્યારે બે દિવસ અગાઉ શહેરના L&T સર્કલ પાસે બસ ચાલકે દંપતીને અડફેટે લીધું હતું જેમાં મહિલાનું મોત થયું હતું. આ ઘટના બાદ ઘોર નિદ્રામાંથી જાગેલ ટ્રાફિક પોલીસ અચાનક જ ભારદારી વાહનો પ્રવેશબંધીનું જાહેરનામું બહાર પાડ્યું હોય તેમ ઘટના બાદ જાગી ભારદારી વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

ગુજરાતીમાં કહેવત છે કે ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળું મારવા જેવો ઘાટ વડોદરા ટ્રાફિક પોલીસે સર્જ્યો છે. શહેરમાં માતેલા સાંઢની જેમ ફરતા ભારદારી વાહનો સામે અંકુશ લાવવામાં નિષ્ફળ રહેલ ટ્રાફિક પોલીસે આખરે એક મહિલાના મોત બાદ પોલીસ ડ્રાઈવ શરૂ કરી છે. શહેરના L&T સર્કલ ખાતે નાયબ પોલીસ કમિશ્નર, ટ્રાફિક પૂર્વ તેમજ ટ્રાફિક શાખા પૂર્વ ઝોનના સેક્ટર પોલીસ ઈન્સ્પેક્ટરો અને રોયલ ઈનચાર્જની અલગ-અલગ ટીમો બનાવી ટ્રાવેલ્સોની લકઝરી બસો તેમજ ભારદારી વાહનો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહીમાં શહેર પોલીસ કમિશ્નરના જાહેરનામા અંતર્ગત સવારે 7થી બપોરે 1 વાગ્યા સુધી અને સાંજે 4થી 9 વાગ્યા દરમ્યાન પરમીશન વગર શહેર વિસ્તારમાં પ્રવેશ કરતાં ભારદારી વાહન ચાલકો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં 21 બસો અને 2 મિલર એમ કુલ-23 ભારદારી વાહનો ડિટેઈન કરી કાર્યવાહી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે અવારનવાર વડોદરા શહેરમાં અકસ્માતો સામે આવી રહ્યા છે. ત્યારે આવા ભારદારી વાહનોના કારણે નિર્દોષ નાગરિકોના જીવ જોગમાઈ રહ્યા છે ત્યારે અવિરત પણે આ જ પ્રકારે ટ્રાફિક પોલીસ કાર્યવાહી કરે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# કેનેડા મોકલવાના બહાને યુવક સાથે છેતરપિંડી : વાહન બુકિંગના નામે પૈસા પડાવી લેવામાં આવ્યા, ફરિયાદ નોંધાઈ

**અમદાવાદ, તા.12**

અમદાવાદ શહેરમાં કેનેડા મોકલવાના બહાને અને વાહન અપાવવાના બહાને છેતરપિંડી કરવામાં આવી હોવા અંગેની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. નવા વાડજ વિસ્તારમાં રહેતા મહિલાને તેમના દીકરાને કેનેડા મોકલવાના બહાને એક લાખ રૂપિયા આપી દીધા હતાં. બાદમાં ઓફિસ બંધ હતી જેથી છેતરાયા હોવાની જાણ થઈ હતી. વાસણા વિસ્તારમાં વાહન બુકિંગના નામે પૈસા લઈને વાહનની ડિલિવરી ન આપીને પણ છેતરપિંડી લોકો સાથે કરવામાં આવી હોવાની ફરિયાદ વાસણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

આ અંગેની વિગત એવી છે કે શહેરના નવા વાડજ વિસ્તારમાં સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા અને ઘરકામ કરનાર શિલ્પાબેન ઉપાધ્યાય અને રાણીપ વિસ્તારમાં આવેલા આર્વેદ ટ્રાન્સક્યુબ પ્લાઝા ખાતે હોમ કેર પ્રોડક્ટ બાબતે તેમની મિત્ર કાશ્મીરાબેન થકી અરમાન જોશી નામના વ્યક્તિ સાથે મુલાકાત થઈ હતી. અરમાન જોશી સાથે હોમ કેર પ્રોડક્ટ બાબતે અવારનવાર મળવાનું થતું હતું. ત્યારબાદ અરમાન જોશીએ પોતે




એમ પી એફ ફ્યુચર કંપની છે જે માઈગ્રેટ ટુ કેનેડા વિથ વર્ક વિઝા નામની સ્કીમ ખોલી છે. વ્યક્તિની લાયકાત પ્રમાણે તેઓ કેનેડામાં નોકરી અપાવે છે.

વર્ષ 2023માં મે મહિનામાં શિલ્પાબેનને તેના પુત્ર તનિષ ઉપાધ્યાયને કેનેડા મોકલવા માટેની વાત કરી હતી. જેથી અરમાન જોશીએ 8 લાખ રૂપિયા થશે તેમ જણાવ્યું હતું. કેનેડાની ફાઈલ બનાવવા માટે તેઓએ મિત્ર કાશ્મીરાબેનની હાજરીમાં એક લાખ રૂપિયા આપ્યા હતા જેમાં 50,000 રૂપિયાની પહોંચ આપી હતી અને બાકીના 50000 રૂપિયાની પહોંચ પછી આપીશું એવી વાત કરી હતી.

અરમાન જોશી એ તમામ પ્રકારના ડોક્યુમેન્ટ લીધા હતા અને બાદમાં ફાઈલની પ્રોસેસ ચાલુ છે વર્ક પ્રોસેસ ચાલુ છે દુબઈમાં વર્ક પરમીટની પ્રોસેસ ચાલુ છે વગેરે કહી અને તેઓ દ્વારા ગલ્લા કલ્લા કરવામાં આવ્યા હતા ત્યારબાદ કંપનીએ તપાસ કરવામાં આવતા કંપની બંધ હતી અને મ્યુનિસિપલ કોર્પોરેશનનું સીલ પણ મારેલું હતું જેથી પોતે છેતરાયાની જાણ થતાં આ મામલે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે રહેતા પ્રતાપભાઈ પઢારને બર્ગમેન વાહન લેવું હતું જેના કારણે થઈને તેઓ બાવળા અને આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ ત્યાં વાહન મળતું નહોતું જેથી અમદાવાદના વાસણા વિસ્તારમાં ગુપ્તાનગરમાં સિદ્ધિવિનાયક આર્કેડ ખાતે આવેલા SAMS ફોટો નામના શોરૂમમાં માનસી અને સંજય સોનીને મળ્યા હતાં. બર્ગમેન વાહનનું બુકિંગ કરાવ્યું હતું. જે પેટે 1.16 લાખ રૂપિયા રોકડા આપ્યા હતા ત્યારબાદ તેઓને બે દિવસ પછી વાહનની ડિલિવરી આપવા માટે કહ્યું હતું. જોકે વાહનની ડિલિવરી આપવામાં આવી નહોતી ત્યારબાદ ફરીથી ફોન કરતા 15 દિવસ બાદ તેમને ડિલિવરી આપવા માટે કહ્યું હતું. આ બાબતે બે થી ત્રણ વખત વાહનની ડિલિવરી કરવામાં ગલ્લા તલ્લા કરતા તેઓ શોરૂમ ઉપર ગયા ત્યારે શોરૂમ બંધ હતો. અનેક લોકો પાસેથી આ રીતે વાહનના બુકિંગ પેટે પૈસા લઈને છેતરપિંડી કરી હોવાનું સામે આવતા વાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# સાયન્સ સીટીના કોમ્પ્લેક્સમાં આગ લાગી : ફાયર બ્રિગેડની ટીમે ૩જા માળે ફસાયેલા લોકોનું રેસ્ક્યુ કર્યું, કોમ્પ્લેક્સમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો

**અમદાવાદ, તા.12**

અમદાવાદના સાયન્સ સિટી રોડ પર આવેલા પરિશ્રમ એલીગન્સમાં આવેલી એક હોટલના પેન્ટ્રી રૂમમાં આગ લાગવાની ઘટના બની હતી. કોમ્પ્લેક્સના તમામ લોકો ને નીચે ઉતારવા માટે ફાયર બ્રિગેડ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે 25 જેટલા લોકોને રેસ્ક્યુ કરી નીચે ઉતાર્યા હતા બાકીના લોકો જાતે સીડી મારફતે નીચે ઉતરી ગયા હતા. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી ફાયર બ્રિગેડ દ્વારા આગ કેવી રીતે લાગી તે મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ સાયન્સસિટી વિસ્તારમાં આવેલા પરિશ્રમ એલીગન્સ નામના કોમ્પલેક્ષમાં આગ લાગવાની ઘટના બની હતી.



જેમાં લિફ્ટમાં કેટલાક લોકો ફસાયા હોવાનો મેસેજ મળ્યો છે જેના પગલે ફાયર બ્રિગેડની 8થી 10 ગાડીઓ ઘટના સ્થળ ઉપર મોકલવામાં આવી. ફાયરના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળ ઉપર પહોંચ્યા હતાં.

ફાયર બ્રિગેડ દ્વારા અત્યાર સુધીમાં 50 જેટલા લોકોને રેસ્ક્યુ કરીને નીચે લાવવામાં આવ્યા છે. લિફ્ટમાં કેટલાક લોકો ફસાયા હોવાથી તેઓને હાલ બહાર કાઢવામાં આવ્યા. હાઈડ્રોલિક પ્લેટફોર્મની મદદથી લોકોને નીચે ઉતારવામાં આવ્યા છે. ફાયર બ્રિગેડ દ્વારા તમામ લોકોને હાલ રેસ્ક્યુ કરી દેવામાં આવ્યું છે.

કોમ્પ્લેક્સના ત્રીજા માળે લોકો ફસાયેલા છે અને કાચ તોડી તમામ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતાં. આગ લાગવાના કારણે મોટી સંખ્યામાં લોકોના ટોળા પણ ભેગા થયા હતાં. ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળ ઉપર પહોંચી કામગીરી કરી હતી.

# કામની ગુણવત્તા સામે ગંભીર સવાલ : 33 કરોડના ખર્ચે બનેલા ડાકોર-નડિયાદ માર્ગના ફૂટપાથ પર ગાબડા પડવાનું શરૂ

**ઉમરેઠ, તા.12**

રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા નડિયાદ-ડાકોર માર્ગ પર ઉમરેઠ નજીક ગણતરીના સમયમાં જ ભંગાણ પડવાના કારણે કામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ માર્ગનું નિર્માણ રૂ 33 કરોડના ખર્ચે કરવામાં આવ્યું હતું, તેમ છતાં તેના પ્રગતિપથ પર આવેલા વરસાદી પાણીના નિકાલ માટેના ગટર બૉક્સમાં ઠેર ઠેર મોટા ગાબડાં પડવાનું શરૂ થતાં લોકોમાં કચવાટ ફેલાયો છે. ઉમરેઠથી ડાકોર તરફના આ માર્ગની આસપાસ મહત્વના સ્થળો આવેલા હોવાથી જોખમની શક્યતા અનેકગણી વધી ગઈ છે. માર્ગ પર સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ સહિત અનેક શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે.

ગટર બોક્સ તૂટી જતાં વિદ્યાર્થીઓને પ્રગતિપથ છોડીને મજબૂરીમાં રોડની વચ્ચે ચાલવું પડે છે, જેના પર સતત ભારે વાહનોની અવરજવર રહે છે.

# રાજકોટ પોલીસ કમિશનર કચેરીમાં SRP જવાનનો આપઘાત : ચાલુ ફરજે સર્વિસ રાઈફલથી છાતીમાં ગોળી મારી

**રાજકોટ, તા.12**

રાજકોટમાં પોલીસ કમિશનર કચેરીમાં ફરજ બજાવતા SRP જવાન ગજુભા જિલુભા રાઠોડે (ઉં.વ.50) પોતાની સર્વિસ રાઈફલથી છાતીમાં ગોળી મારી આપઘાત કર્યો છે. પોલીસ કમિશનર કચેરીના ગેટ નંબર ત્રણ પાસે મોડીરાતે બનાવ બન્યો હતો. જે બાદ તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. જોકે, ત્યાં તેમનું મૃત્યુ નીપજ્યું હતુ. એસઆરપી જવાને કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે પ્રદ્યુમનનગર પોલીસે તપાસ હાથ ધરી છે.

આ મામલે ગજુભા રાઠોડ સાથે ફરજ બજાવતા SRP જવાને કહ્યું કે, તેમની નાઈટ ડ્યુટી હતી. સાંજે 7 વાગ્યાથી બીજા દિવસે સવારે 7 વાગ્યા સુધીની ડ્યુટી હોય છે. તેમના અચાનક આપઘાતથી અન્ય જવાનો પણ સ્તબ્ધ થઈ ગયા છે. હાલમાં પ્રદ્યુમનનગર પોલીસની ટીમ તપાસ માટે પોલીસ



કમિશનર કચેરી પહોંચી છે. જે રાઈફલથી SRP જવાને આત્મહત્યા કરી તે FSLની ટીમ દ્વારા કબજે લેવામાં આવી છે.

ગજુભા રાઠોડ મૂળ કચ્છના મોડા રાપર ગામના વતની છે. તેમને સંતાનમાં બે દીકરી છે, જેમાંથી એક દીકરીના લગ્ન થઈ ચૂક્યા છે. SRP ગ્રુપ 13 Cમાં ફરજ બજાવતા હતા. છેલ્લા ચાર મહિનાથી ગજુભા રાઠોડ પોલીસ કમિશનર કચેરીમાં એસઆરપી તરીકે ફરજ બજાવતા હતા. જે અગાઉ તેઓ માલવિયાનગર પોલીસમથકમાં PCR વાનમાં ફરજમાં હતા. જે બાદ 112 જનરક્ષક આવતા તેમાં તેમની ફરજ હતી.

11 ડિસેમ્બરને ગુરુવારે રાત્રે ત્રણ વાગ્યા આસપાસ તેમને કોઈ કારણોસર પોતાની સર્વિસ રાઈફલથી છાતીમાં ગોળી મારી આપઘાત કરી લીધો હતો. જોકે, કયા કારણોથી તેમને આપઘાત કર્યો છે તે હજુ સામે આવ્યું નથી. તેમના પરિવારજનો પણ આ અંગે હાલ કંઈ બોલી રહ્યા નથી. આપઘાતનું કારણ જાણવા માટે પ્રદ્યુમનનગર પોલીસે તપાસ હાથ ધરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599